

પેજ-08
રશ્મિકા વિક્કી સાથે સુવર્ણ મંદિર માથું નમાવવા પહોંચી હતી : એક્ટ્રેસ વ્હીલચેર...

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
વન-ડે ડેબ્યૂમાં દક્ષિણ આફ્રિકાના બેટરે 150 રન ઠોકી દીધા




**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 31.00 | 17.00 |
| વડોદરા | 32.00 | 17.00 |
| સુરત | 31.00 | 19.00 |

પેજ 5



સ્મોલ, મિડ કેપ ફંડોમાં અત્યારે SIP જોખમી બન્યું, ફંડ મેનેજરો દ્વારા....

12 FEBRUARY-2025 WEDNESDAY

સોરોસે ભારતમાં સરકાર પાડવા યુએસએઈડ ફંડના રૂપિયા ખર્ચ્યા



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 76293.60 | ▼ | 1,018.20 |
| નિફ્ટી | 23071.80 | ▼ | 309.80 |
| સોનું | 85,374.00 | ▼ | 442.00 |
| ચાંદી | 94,259.00 | ▼ | 1,036.00 |

વર્ષ-14 । અંક-085 । વિક્રમ સંવત-2081 । મહા સુદ-14 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# ટ્રમ્પના ટેરિફ વધારાને કારણે શેરબજાર ક્રેશ

## 10 લાખ કરોડનું ધોવાણ : નિફ્ટી 309 પોઈન્ટ ઘટીને બંધ, રિયલ્ટી સેક્ટરમાં સૌથી વધુ વેચવાલી

(એજન્સી) મુંબઈ । તા. 11

આજે એટલે કે 11 ફેબ્રુઆરીએ સેન્સેક્સ 1018 પોઈન્ટ (1.31%)ના ઘટાડા સાથે 76,293 પર બંધ થયો. નિફ્ટી પણ 309 પોઈન્ટ (1.32%) ઘટીને 23,071ના સ્તરે બંધ થયો. બજાર સતત 5માં ટ્રેડિંગ દિવસે ઘટાડા સાથે બંધ થયું છે શેરબજારમાં ઘટાડાને કારણે 4 કલાકમાં જ રોકાણકારોના 10 લાખ કરોડ ધોવાયા છે. નિફ્ટી રિયલ્ટીમાં સૌથી વધુ 4%નો ઘટાડો થયો છે. મીડિયા ઈન્ડેક્સ પણ 3%થી વધુ ઘટ્યો છે. જ્યારે ઓટો, એફએમસીજી, ફાર્મા અને જાહેર ક્ષેત્રની બેંકોના ઈન્ડેક્સમાં 2%થી વધુનો ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે. મેટલ અને આઈટી ઈન્ડેક્સ 1.50% ઘટ્યો છે. ગઈકાલે એટલે કે 10 ફેબ્રુઆરીએ પણ સેન્સેક્સમાં 548 પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો અને નિફ્ટીમાં પણ 178 પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો.



### આ સેક્ટર્સ પર સૌથી વધુ અસર

શેરબજારમાં ચાલી રહેલા ઘટાડા વચ્ચે નિફ્ટી ઓટો, મીડિયા, ફાર્મા, પબ્લિક સેક્ટર બેન્ક, હેલ્થ કેર અને ઓઈલ એન્ડ ગેસ સેક્ટરમાં એકથી દોઢ ટકાનો ઘટાડો જોવા મળી રહ્યો છે. માર્કેટ એક્સપર્ટ્સનું કહેવું છે કે લાર્જકેપ કંપનીઓએ નાની કંપનીઓ, મિડકેપ અને સ્મોલકેપ કરતાં વધુ સારું પ્રદર્શન કર્યું છે.

### સ્મોલકેપ-મીડકેપ શેરોમાં રોકાણકારો ધોવાયા

**સ્મોલકેપ સેગમેન્ટમાં મોટાપાયે વેચવાલીના કારણે ઈન્ડેક્સમાં આજે 1665.61 પોઈન્ટનો કડાકો નોંધાયો હતો. ઈન્ડેક્સમાં ટ્રેડેડ 937 સ્ક્રિપ્સ પૈકી માત્ર 44 શેરમાં જ સુધારો જોવા મળ્યો હતો. જ્યારે 892 શેર 20 ટકા તૂટ્યા હતાં. બીએસઈ મીડકેપમાં પણ ક્રિસિલ, ઓઈલ, સનટીવી, ફ્લુરો કેમિકલ્સ સિવાય તમામ શેરમાં 10 ટકા સુધીનો કડાકો નોંધાયો હતો. BSE ખાતે 459 શેરમાં લોઅર સર્કિટ વાગી છે. 123 શેર અપર સર્કિટ વાગી છે. 55 શેર વર્ષની ટોચે અને 479 શેર વર્ષના તળિયે નોંધાયા છે.**

### બજાર ઘટવાના ત્રણ કારણો

**1. અમેરિકાએ ટેરિફમાં વધારો કર્યો :** રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર ટેરિફ વધારવાના પગલા પછી બજાર સતત ઘટી રહ્યું છે. ટ્રમ્પનું આ પગલું સમગ્ર વિશ્વમાં ફરી એકવાર ટ્રેડ વોરનો ભય ઉભો થયો છે. ટ્રમ્પે એલ્યુમિનિયમ ટેરિફ 10% થી વધારીને 25% અને સ્ટીલની આયાત પર 25% કરી છે, જે અગાઉ અમેરિકામાં ડ્યુટી ફ્રી હતી.

**2. રૂપિયાની નબળાઈ:** રૂપિયાની સતત નબળાઈ બજારના સેન્ટિમેન્ટને નબળી બનાવી રહી છે. સોમવારના રોજ રૂપિયો યુએસ ડોલર દીઠ રૂ. 88ના રેકોર્ડ નીચા સ્તરે પહોંચ્યો હતો જો કે આજે એટલે કે મંગળવારે રૂપિયો 21 પૈસા મજબૂત થયો છે. જ્યારે રૂપિયો નબળો પડે છે, ત્યારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FII) વેચાણને વેગ આપે છે કારણ કે તેમના વાસ્તવિક રિટર્નમાં ઘટાડો થાય છે.

**3. નબળા ત્રિમાસિક પરિણામો:** નબળા Q3 કમાણીએ પણ રોકાણકારોનું સેન્ટિમેન્ટ નબળું પાડ્યું છે. આજે પરિણામ આવ્યા બાદ આઈશર મોટર્સના શેરમાં 7%નો ઘટાડો થયો હતો. કંપનીના Q3FY25માં નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે 17.5% વધીને રૂ. 1,170.5 કરોડ થયો, પરંતુ આ અપેક્ષા કરતાં ઓછો છે. ઊંચી કિંમતવાળી અને ઉચ્ચ માર્જિનવાળી મોટરસાઈકલની વેચાણમાં ઘટાડાને કારણે નફો ઘટ્યો છે.

### સળંગ પાંચમા દિવસે શેરબજાર કડડભૂસ

### બે દિવસમાં રોકાણકારોના 16.42 લાખ કરોડ ડૂબ્યાં

શેરબજાર સળંગ પાંચમા દિવસે કડડભૂસ થયા છે. સપ્તાહના પ્રથમ બે દિવસમાં જ રોકાણકારોએ રૂ. 16.42 લાખ કરોડ ગુમાવ્યા છે. આજે સેન્સેક્સ 1356.69 પોઈન્ટની વોલેટિલિટીના અંતે 1018.20 પોઈન્ટ તૂટી 76293.60 પર બંધ રહ્યો છે. એક દિવસમાં જ રોકાણકારોએ રૂ. 9.27 લાખ કરોડ ગુમાવ્યા છે. નિફ્ટી પણ નજીવા સુધારા સાથે ખૂલ્યા બાદ સતત તૂટ્યો છે. જે 309.80 પોઈન્ટના ગાબડાં સાથે 23071.80 પર બંધ રહ્યો છે. સ્મોલકેપ અને મીડકેપમાં મોટાપાયે વેચવાલી સાથે એકંદરે માહોલ મંદીનો રહ્યો હતો. ખરેખરમાં અમેરિકા દ્વારા સ્ટીલ અને એલ્યુમિનિયમ પર 25% ઈમ્પોર્ટ ડ્યૂટી લગાવવાને કારણે ટ્રેડ વોરનો ભય વધી ગયો છે. જેની અસર સીધી શેરબજારમાં જોવા મળી રહી છે. આ સિવાય યુએસ ડૉલરની મજબૂતીને કારણે રૂપિયો અત્યાર સુધીના સૌથી નીચા સ્તરે પહોંચી ગયો છે. ભારત અમેરિકામાં ખૂબ જ ઓછા પ્રમાણમાં સ્ટીલની નિકાસ કરે છે, પરંતુ એલ્યુમિનિયમના મામલામાં સ્થિતિ અલગ છે. ભારત વિશ્વમાં એક મોટો એલ્યુમિનિયમ ઉત્પાદક દેશ છે અને અમેરિકા તેનો સૌથી મોટો ખરીદનાર છે. આ ટેરિફને કારણે ભારતની એલ્યુમિનિયમ નિકાસને અસર થઈ શકે છે.

# ચૂંટણી પંચને EVMમાંથી ડેટા ડિલીટ ન કરવાનો આદેશ

## સુપ્રીમ કોર્ટે કહ્યું : જો હારેલા ઉમેદવાર સ્પષ્ટતા માગે, તો એન્જિનિયરે કહેવું પડશે કે કોઈ છેડછાડ નથી થઈ

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

સુપ્રીમ કોર્ટે મંગળવારે ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનો (EVM)ની ચકાસણી માટે પોલિસી બનાવવાની માગ કરતી અરજી પર સુનાવણી કરી. CJI સંજીવ ખન્ના અને ન્યાયાધીશ દીપાંકર દત્તાની બેંચે ચૂંટણી પંચને સુનાવણી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી EVMમાં કોઈપણ ડેટા ફરીથી લોડ ન કરવાનો કે ડિલીટ ન કરવાનો નિર્દેશ આપ્યો છે. CJIએ કહ્યું, 'આ વિરોધની સ્થિતિ નથી. જો હારેલા ઉમેદવારને સ્પષ્ટતાની જરૂર હોય, તો એન્જિનિયર સ્પષ્ટતા કરી શકે છે કે કોઈ છેડછાડ થઈ નથી.' ચૂંટણી પંચે હવે સુપ્રીમ કોર્ટને EVMની મેમરી અને માઈક્રો કંટ્રોલર ડિલીટ કરવાની સમગ્ર પ્રક્રિયા વિશે માહિતી આપવી પડશે. આગામી સુનાવણી 3 માર્ચથી શરૂ થતા અઠવાડિયામાં થશે. હરિયાણાના કોંગ્રેસ નેતાઓ અને ADRએ અરજી દાખલ કરી આ અરજી હરિયાણાના ભૂતપૂર્વ મંત્રી કરણ સિંહ દલાલ, 5 વખતના ધારાસભ્ય લખન કુમાર સિંગલ અને એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (ADR) દ્વારા સુપ્રીમ કોર્ટમાં દાખલ



કરવામાં આવી હતી. તેમણે કોર્ટને EVM તપાસવા માટે એક મજબૂત સિસ્ટમ બનાવવાની વિનંતી કરી હતી. તેમણે કહ્યું કે, ચૂંટણી પંચે EVMના ચાર ઘટકો- કંટ્રોલ યુનિટ, બેલેટ યુનિટ, VVPAT અને સિમ્બોલ લોડિંગ યુનિટની મૂળ બર્ન મેમરી અને માઈક્રોકન્ટ્રોલર તપાસવા માટે એક પોલિસી બનાવવી જોઈએ. છેલ્લી સુનાવણીમાં બેંચે કહ્યું- ફક્ત જૂની બેંચે જ કેસની સુનાવણી કરવી જોઈએ 13 ડિસેમ્બર, 2024: સુનાવણી દરમિયાન, ન્યાયાધીશ વિક્રમ નાથ અને ન્યાયાધીશ પીબી વરાલેની બેંચે અપીલકર્તાઓને પૂછ્યું કે તેઓ અરજી અહીં કેમ લાવ્યા છે.

**આમ બંને પક્ષોની દલીલો સાંભળ્યા પછી, સુપ્રીમ કોર્ટે અગાઉના આદેશને અનુસરતા કહ્યું કે, 'અમે નથી ઈચ્છતા કે, મત ગણતરી દરમિયાન કોઈ ખલેલ પડે (અગાઉના આદેશ દ્વારા). બીજી તરફ અમે ઈચ્છતા હતા કે જો કોઈને શંકા હોય તો એન્જિનિયરિંગની મદદથી જાણી શકાય કે, તેમાં ચેડાં થયા છે કે નહીં....**

### એડીઆરે કરી આ માગ

એડીઆર વતી હાજર એડવોકેટ પ્રશાંત ભૂષણે જણાવ્યું કે, 'અમે માંગ કરી રહ્યા છીએ કે સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ ECI એ જે પ્રક્રિયા અપનાવવાની જરૂર છે તે તેમના સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોટોકોલ સાથે સુસંગત હોય. અમે ઈચ્છીએ છીએ કે કોઈ વ્યક્તિ EVM ના સોફ્ટવેર અને હાર્ડવેરની તપાસ કરે જેથી તે જોઈ શકે કે સોફ્ટવેર અને હાર્ડવેરમાં કોઈ છેડછાડ થઈ છે કે નહીં. આ અરજીમાં અમારી માગ છે કે, ચૂંટણી પંચ ઈવીએમની મેમરી તથા ગાઈડલાઈન્સ રજૂ કરે.'

### ચીફ જસ્ટિસે કર્યો સવાલ

ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાએ ચૂંટણી પંચને સવાલ કર્યો કે, 'એકવાર મત ગણતરી થઈ જાય, પછી શું પેપર ટ્રેઈલ ત્યાં જ હોય કે તેને બહાર કાઢવામાં આવશે?' આ અંગે ભૂષણે કહ્યું કે, 'ઈવીએમને પણ સાચવવાનું હોય છે, જેથી કદાચ પેપર ટ્રેઈલ તેમાં જ હોવું જોઈએ.'

# અરવિંદ કેજરીવાલ અને સંજય સિંહ પર એક્શન લેશે એન્ટી-કરપ્શન બ્યૂરો



કેજરીવાલે ભાજપ પર હોર્સ ટ્રેડિંગનો આરોપ લગાવ્યો અરવિંદ કેજરીવાલે ભાજપ પર તેમના ધારાસભ્યોને તોડવાનો પ્રયાસ કરવાનો અને દરેક ધારાસભ્યને 15 કરોડ રૂપિયાની ઓફર કરવાનો આરોપ લગાવ્યો હતો. જોકે, ભાજપે આ આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે.

## ધારાસભ્યોને 15 કરોડની ઓફરના દાવા પર નોટિસ મોકલવામાં આવી હતી, હજુ સુધી જવાબ આપ્યો નથી

(એજન્સી) નવી દિલ્હી । તા. 11

દિલ્હી એન્ટી કરપ્શન બ્યુરો (ACB) આમ આદમી પાર્ટીના નેતાઓ સામે કાનૂની કાર્યવાહી કરવાની તૈયારી કરી રહ્યું છે. આમાં દિલ્હીના ભૂતપૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલ, મુકેશ અહલાવત અને સંજય સિંહનો સમાવેશ થાય છે. સૂત્રોના જણાવ્યા અનુસાર જો ACB દ્વારા મોકલવામાં આવેલી નોટિસનો કોઈ જવાબ ન મળે તો આ પગલું ભરી શકે છે. જો AAP દ્વારા કોઈ જવાબ નહીં આપવામાં આવે તો ACB દિલ્હી પોલીસને પત્ર લખીને આ નેતાઓ સામે કાનૂની કાર્યવાહીની ભલામણ કરશે.

### AAP નેતાઓને ACBના 5 પ્રશ્નો...

- આરોપોવાળી પોસ્ટ તમે લખી હતી કે બીજા કોઈએ?
- જે 16 ધારાસભ્યોને પૈસાની ઓફર કરવામાં આવી હતી તેમની માહિતી આપો.
- ધારાસભ્યોને જે ફોન નંબરો પરથી ફોન આવ્યા હતા તેની માહિતી આપો.
- આરોપો સંબંધિત પુરાવા આપો, જેથી કાર્યવાહી કરી શકાય.
- ખોટા આરોપો લગાવીને સમસ્યા ઊભી કરનારા લોકો સામે કાર્યવાહી કેમ ન કરવી જોઈએ?

## ઈન્સ્ટાગ્રામે શરૂ કર્યું 'ટીન એકાઉન્ટ્સ', ઘણાં સમયથી રાહ જોવાઈ રહેલાં ફીચર્સમાં સિક્યોરીટી પર ફોક્સ

નવી દિલ્હી । ઈન્સ્ટાગ્રામ દ્વારા ઘણાં સમયથી રાહ જોવાઈ રહેલાં ફીચર્સને ભારતમાં પણ હવે લોન્ચ કરવામાં આવ્યું છે. આ ફીચર છે 'ટીન એકાઉન્ટ્સ'. 13થી લઈને 17 વર્ષની ઉંમરના બાળકો પણ હવે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરી શકશે. આ ફીચર્સમાં તેમના માટે કેટલીક સિક્યોરિટીનો વધુ સમાવેશ કરવામાં આવ્યો છે. ઈન્સ્ટાગ્રામ પહેલાં 13 વર્ષની ઉંમરથી લઈને ગમે એટલી ઉંમરની વ્યક્તિ ઉપયોગ કરી શકતી હતી. જોકે બાળકો સાથે સોશિયલ મીડિયા પર જે સ્કેમ થઈ રહ્યા છે અને ઓનલાઈન તેમની જે સતામણી થઈ રહી છે એને લઈને ઈન્સ્ટાગ્રામ પર તવાઈ આવી હતી.

## JEE Main 2025નું પરિણામ જાહેર, ગુજરાતના શિવેન તોશ્નીવાલ સહિત 14એ મેળવ્યા 100 પર્સેન્ટાઇલ

નવી દિલ્હી । નેશનલ ટેસ્ટીંગ એજન્સી (NTA)એ જોઈન્ટ એન્ટ્રેસ જેઈઈ મેઈન પરિક્ષા સેશન-1 (JEE Main 2025 Session-1)નું પરિણામ જાહેર કરી દીધું છે. આ વખતની પરિક્ષામાં 14 ઉમેદવારોએ 100 પર્સેન્ટાઇલ હાંસલ કર્યા છે. જેમાં રાજસ્થાનના આયુષ સિંઘલ, કર્ણાટકના કુશાગ્ર ગુપ્તા, દિલ્હીના દક્ષના નામનો સમાવેશ થાય છે. ગુજરાતમાંથી શિવેન તોશ્નીવાલે 100 પર્સેન્ટાઇલ મેળવ્યા હતા. આ ઉપરાંત 24 ઉમેદવારો એવા છે કે જેમણે 99 થી 100 વચ્ચે પર્સન્ટાઇલ મેળવ્યા છે. આ પછી 3 ઉમેદવારો એવા છે કે જેમણે 98 થી 99 વચ્ચે પર્સન્ટાઇલ મેળવ્યા છે.

## જમ્મુ કાશ્મીરમાં LoC નજીક IED બ્લાસ્ટ, ભારતીય સેનાના બે જવાન શહીદ, એક જવાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત

જમ્મુ । જમ્મુ કાશ્મીરમાં LoC નજીક IED બ્લાસ્ટમાં ભારતીય સેનાના બે જવાન શહીદ થયા છે. જ્યારે એક જવાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે, જેની સારવાર ચાલી રહી છે. મળતી માહિતી અનુસાર, મંગળવાર બપોરે અંદાજિત 3:30 વાગ્યે જમ્મુ જિલ્લાના ખૌર વિસ્તારના બટ્ટલમાં LoC નજીક IED બ્લાસ્ટ થયો. જેમાં ત્રણ જવાન ઈજાગ્રસ્ત થઈ ગયા, જેમને સેના હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં સારવાર દરમિયાન બે જવાનના મોત થયા, જ્યારે એકની હાલત ગંભીર છે.અધિકારીઓના જણાવ્યા અનુસાર, અખનૂર સેક્ટરમાં LoC નજીક સેનાના જવાનો પેટ્રોલિંગ કરી રહ્યા હતા.

# અંબાણી પરિવારની 4 પેઢીએ સંગમમાં પવિત્ર સ્નાન કર્યું

## પુત્ર, પુત્રવધૂ અને માતા મહાકુંભમાં પહોંચ્યા

68 વિદેશીઓએ સનાતન ધર્મ અપનાવ્યો



(એજન્સી) પ્રયાગરાજ । તા. 11

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણી તેમના પુત્ર અનંત, પુત્રવધૂ રાધિકા મર્ચન્ટ અને માતા કોકિલાબેન અંબાણી સાથે મહાકુંભ પહોંચ્યા હતા. અંબાણી પરિવારે સંગમમાં ડૂબકી લગાવી. મહાકુંભમાં વિદેશી ભક્તો પણ ભક્તિમાં ડૂબી ગયા છે. સેક્ટર-17 સ્થિત શક્તિધામ કેમ્પમાં 68 વિદેશી શ્રદ્ધાળુઓએ વિધિવત રીતે સનાતન ધર્મ અપનાવ્યો. આજે પણ સંગમ ખાતે ભારે ભીડ છે. લોકો બધે જ દેખાય છે. શહેરમાં જામ જેવી સ્થિતિ છે. પ્રયાગરાજ કમિશનર વિજય વિશ્વાસ પંત અને ડીઆઈજી અજય પાલ શર્મા ભીડને કાબુમાં લેવા માટે રસ્તા પર ઉતરી આવ્યા છે. આજે મહાકુંભનો 30મો દિવસ છે. સાંજે 4 વાગ્યા સુધીમાં 1.09 કરોડ ભક્તોએ સંગમમાં સ્નાન કર્યું. 13 જાન્યુઆરીથી અત્યાર સુધીમાં 45.74 કરોડ શ્રદ્ધાળુઓએ સ્નાન કર્યું છે.

# રણવીર અલ્હાબાદિયા પર પહેલા FIR, હવે સંસદમાં મુદ્દો ઊઠશે: કડક કાર્યવાહીની માગ

## વાંધાજનક ટિપ્પણી મામલે સંસદીય સમિતિ રણવીરને સમન્સ મોકલશે



(એજન્સી) નવી દિલ્હી । તા. 11

કોમેડિયન સમય રૈનાના શો 'ઈન્ડિયા હેઝ ગોટ લેટેન્ટ'માં વિવાદાસ્પદ નિવેદન આપનાર યુટ્યૂબર અને પોડકાસ્ટર રણવીર અલ્હાબાદિયાની મુશ્કેલીઓ વધુ વધી શકે છે. એક તરફ, રણવીર અને શોના પાંચ જજો વિરુદ્ધ તેમના વિવાદાસ્પદ નિવેદન બદલ કેસ દાખલ કરવામાં આવ્યો છે, તો બીજી તરફ, સંસદમાં પણ આ મુદ્દો ગરમાઈ રહ્યો છે. નોંધનીય છે કે રણવીર અલ્હાબાદિયા પર સમય રૈનાના કાર્યક્રમમાં માતા-પિતા વિશે અત્યંત વાંધાજનક ટિપ્પણી કરવાનો આરોપ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આઈટી મામલાની સંસદીય સમિતિ આ મામલે રણવીર અલ્હાબાદિયાને નોટિસ મોકલવાનું વિચારી રહી છે. આ સમિતિ રણવીરને સમન્સ મોકલી શકે છે. એક દિવસ પહેલાં સમિતિના સભ્ય પ્રિયંકા ચતુર્વેદીએ આ માંગણી કરી હતી.

### હું આ મુદ્દો સંસદમાં ઉઠાવીશ: પાત્રા

રણવીર અલ્હાબાદિયાની ટિપ્પણી પર બીજેડી સાંસદ સસ્મિતા પાત્રાએ પણ નિવેદન આપ્યું છે. સસ્મિતાએ કહ્યું, 'આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ છે.' સંચાર અને આઈટી અંગેની સંસદીય સ્થાયી સમિતિના સભ્ય તરીકે, હું આ મુદ્દો સમિતિ સમક્ષ ઉઠાવવાની છું. ગ્રાન્ટની માંગણી માટે અમે ટૂંક સમયમાં એક બેઠક કરવાના છીએ. હું ઈચ્છું છું કે આવી અપમાનજનક ટિપ્પણીઓ માટે કડક માર્ગદર્શિકા અને કડક પગલાં લેવામાં આવે. ખાસ કરીને જ્યારે યુવાન સંવેદનશીલ આવા યુટ્યૂબર્સને ફોલો કરે છે.

## મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના અખિલેશ પર પ્રહાર

# 'જીવનભર VVIP ટ્રીટમેન્ટ લેનારાઓ મહાકુંભ અંગે ખોટો પ્રચાર કરી રહ્યા છે'

(એજન્સી) લખનઉ । તા. 11

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે (Uttar Pradesh CM Yogi Adityanath) પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પુણ્યતિથિએ આજે શ્રદ્ધાંજલી અર્પી હતી. તેમણે કહ્યું કે, પંડિત દીનદયાળ ઉપાધ્યાયએ અંત્યોદય માટે કરેલો વિચાર આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સાકાર થઈ રહ્યો છે. આ દરમિયાન તેમણે મહાકુંભનો ખોટો પ્રચાર કરી રહેલા લોકોને પર પણ નિશાન સાધ્યું હતું. તેમણે સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ (Akhilesh Yadav)નું નામ લીધા વગર કહ્યું કે, 'નકારાત્મક ફેલાવનારા લોકો હંમેશા નરાકારાત્મક ફેલાવશે અને આ તે જ લોકો છે, જેઓએ હંમેશા VVIP કલ્ચરમાં જ પોતાનું જીવન જીવ્યું છે. આ લોકો સનાતન વિરુદ્ધ ખોટો પ્રચાર કરી રહ્યા છે.'



### સનાતન વિરુદ્ધ ખોટો પ્રચાર કરી રહ્યા છે : યોગી

તેમણે કડક શબ્દોમાં કહ્યું કે, 'કેટલાક લોકો મહાકુંભ પર સવાલો ઉઠાવી રહ્યા છે અને કહે છે કે, VVIP કલ્ચર પર વધુ ધ્યાન કેન્દ્રીત કરાઈ રહ્યું છે, પરંતુ મહાકુંભમાં 29 દિવસમાં 45 કરોડ લોકોએ સ્નાન કર્યું છે. જેઓ નકારાત્મક ફેલાવતા રહે છે, તેઓ હંમેશા નકારાત્મક જ ફેલાવશે અને આ તે લોકો છે, જેઓએ પોતાનું જીવન હંમેશા VVIP કલ્ચરમાં જીવ્યું. આ લોકો સનાતન વિરુદ્ધ ખોટો પ્રચાર કરી રહ્યા છે.

# ચાણસ્માનાં ધરમોડા ગામ નજીક ક્રેટા ગાડી પલ્ટી મારી જતા કાર ચાલક સહીત બેનાં મોત






નીતિન ઠાકર | ચાણસ્મા

સોમવારે રાત્રીનાં નવ વાગ્યાંનાં આરસામાં ચાણસ્મા તાલુકાનાં સેંધા ગામનાં દેસાઈ જગદીભાઈ અમરતભાઈ દેસાઈ અને બેચરાજી તાલુકાનાં ખાભેલ ગામનાં સુહાગભાઈ હરગોવનભાઈ દેસાઈ સેંધા ગામેથી ક્રેટા ગાડી નંબર જી જે 2 ડી પી 4676લઈ ખાભેલ ગામે સામાજિક કામે નીકળ્યા હતાં જેઓ ધરમોડા ગામ નજીક આવતા અગમ્ય કારણોસર કાર ચાલક સ્ટીયરીગ પરનો કાબુ ગુમાવતા જોરદાર ધડાકા સાથે ગાડી પલ્ટી મારી જતા ગાડીનો કચ્ચર ધાણ વળી જવા પામ્યો હતો અકસ્માત ની જાણ આજુબાજુનાં લોકોને થતા ગાડીમાં ઈજા ગ્રસ્ત બન્ને ઈસમોને બહાર કાઢ્યા હતાં પરંતુ ગંભીર ઈજાઓનાં કારણે ગાડીમાં સવાર બન્ને વ્યક્તિઓનું કરુણ મોત નીપજ્યું હતું. અકસ્માતની જાણ ચાણસ્મા પોલીસને કરાતા ચાણસ્મા પોલીસે ઘટના સ્થળે દોડી આવી બન્ને લાશોને પીએમ માટે ચાણસ્મા રેફરલ હોસ્પિટલ ખાતે મોકલી આપી હતી બાદ માં બન્ને લાશો નું પીએમ કરાવી પોલીસે બન્ને લાશો ને વારસદારો સોંપી અકસ્માતે મિત્રોનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હોવાનું ચાણસ્મા પોલીસે જણાવ્યું હતું.

# ભચાઉ નગરપાલિકા ચૂંટણી : કોંગ્રેસના ઉમેદવારનું ચુંટણી કાર્યાલય ખુલ્લુ મુકાયું



મહેશ એલ.સોની | નખત્રાણા

ભચાઉ નગરપાલિકા ચુંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર મોહનભાઈ દરજીનું ચુંટણી કાર્યાલય ખુલ્લુ મૂકવામાં આવ્યું હતું. પૂર્વ કચ્છ યુવક કોંગ્રેસના અધ્યક્ષ નિતેશ લાલનના હસ્તે રિબન કાપી કાર્યાલય નું ઉદઘાટન કરવામાં આવ્યું હતું. ભચાઉ નગરપાલિકા વોર્ડ નં ૬ ને સતાવતી પાણી રસ્તા વિજળી જેવી સમસ્યાઓના નિવારણની વાત દોહરાવા નિતેશ લાલને જણાવ્યુ હતું કે સ્થાનિક સારા ઉમેદવાર હોય તો આ પ્રશ્નનો જલ્દી ઉકેલ આંવે. લોકોના આવા પ્રાણ પ્રશ્નોને વાચા આપવા કર્મનિષ્ઠ ઉમેદવાર મોહન ભાઈ દરજીને જંગી બહુમતીથી વિજયી બનાવવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે નિતેશ લાલન ની સાથે ભચાઉ તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનજીભાઈ રાઠોડ ,ભરતભાઈ ઠક્કર, મોહનભાઈ દરજી સહિત મોટીસંખ્યામાં કોંગ્રેસના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા એવું કચ્છ જિલ્લા કોંગ્રેસ સેવાદળના પ્રમુખ રાજેશ સોનીની યાદી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# દેવગઢ બારીયાના જામરણ ગામના બારીયા ફળીયાની રહેવાસી અમિતાબેન શંકરભાઇ રાઠવા ગુમ થઈ



દિપક રાવલ | દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લાના દેવગઢ બારીયાના જામરણ ગામના બારીયા ફળીયા ખાતે રહેતા શંકરભાઈ પ્રતાપભાઈ રાઠવાની ૨૧ વર્ષીય દીકરી નામે અમિતાબેન અમિતાબેન રાઠવા તારીખ ૦૪/૦૨/૨૦૨૫ ના રોજ પોતાના ગામ જામરણ ખાતેથી કોઈને કહ્યા વગર નીકળી ગયેલ છે, જેની તપાસ કરવા છતાય આજ દિન સુધી મળી આવેલ નથી.

ગુમ થનારની ભાળ મળ્યે સાગટાળા પોલીસ સ્ટેશન પર મોબાઈલ નંબર ૬૩૫૯૭૨૫૯૫૨ , ત.ક.અ મો.નં. ૯૧૦૬૪૭૮૬૩૯ , પો.સબ.ઈન્સ. મો.નં- ૯૯૧૩૧૨૦૩૭૭ પર જાણ કરવા અ.હે.કો. એસ.એસ.બારીઆ સાગટાળા પો.સ્ટે. દ્વારા જણાવાયું છે.

**ગુમ થનારનું વર્ણન**

- નામ : અમિતાબેન શંકરભાઈ રાઠવા
- ઉમર : ૨૧ વર્ષ
- ધંધો : ઘરકામ
- રહેઠાણ : જામરણ ગામ (બારીઆ ફળીયુ) તા.દેવગઢ બારીઆ, જી. દાહોદ
- પહેરવેશ : શરીરે કાળા રંગનો પંજાબી ડ્રેસ પહેરેલ છે.
- શરીરનો બાંધો : મધ્યમ
- ઉંચાઇ : આશરે સવા પાંચ ફુટ
- વર્ણ : રંગે સાધારણ શ્યામ વર્ણ
- અન્ય ઓળખ : મોઢુ ગોળ, વાળા કાળા અને માથે વાળનો અંબોડો બાધે છે. તેણી હિન્દી-ગુજરાતી ભાષા જાણે છે

## સંખેડા તાલુકાના માંજરોલ ગામે

# પ્રાથમિક શાળાના છ ઓરડાનું જિલ્લા પંચાયત પ્રમુખ મલ્કાબેન પટેલ દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું




કમલેશ પટેલ. | સંખેડા

આજરોજ સંખેડા તાલુકાના માંજરોલ ગામે પ્રાથમિક શાળામાં મલ્કાબેન પટેલ જિલ્લા પંચાયત પ્રમુખ દ્વારા નવા છ ઓરડાના ભૂમિ પૂજન નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો તેમજ સંખેડા તાલુકાના માંજરોલ, વડદલી , પીપલીયા વડેલી આમ કુલ ચાર શાળાઓમાં 17 ઓરડાનું ભૂમિ પૂજન જિલ્લા પંચાયત પ્રમુખ મલ્કાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ 17 વર્ગ ખંડોની અંદાજિત રકમ 2.30 કરોડ છે. માંજરોલ પ્રાથમિક શાળામાં છ વર્ગ ખંડોના ભૂમિ પૂજન નિમિત્તે જિલ્લા પંચાયત પ્રમુખ મલ્કાબેન પટેલ, તાલુકા પ્રમુખ દીપિકાબેન તડવી, અરુણાબેન તરવી જિલ્લા પંચાયત સદસ્ય તેમજ સ્કૂલના પ્રિન્સિપલ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ડી બી પારેખ સાર્વજનિક હાઇસ્કૂલ સંખેડામાં ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો

કમલેશ પટેલ | સંખેડા

જેમાં વિદ્યાર્થીઓને મોટીવેટ તેમજ માર્ગદર્શન માટે છેલ્લા ૨૮ વર્ષથી ડભોઇ વિસ્તારમાં વિદ્યાર્થીઓના પ્રિય અને માર્ગદર્શક ચિરાગભાઈ ગાંધી ઉપસ્થિત રહી ટાઈમ મેનેજમેન્ટની ચાવી તેમજ યાદ શક્તિ વધારવા માટેની ટીપ્સ આપી હતી. તેવાજ વ્યાવસાયિક માર્ગદર્શન પાચ રાજ્યોના કાઉન્સીલર શૈલેશભાઈ રાઠવા ઉપસ્થિત રહી વિધાર્થીઓને વ્યાવસાયિક માર્ગદર્શન આપ્યું હતું. શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા પોતાના શાળા પ્રત્યેના સંસ્મરણો ઉજાગર કરી વિદાયની વેળાને વસમી બનાવી પોતાના પ્રતિભાવો આપ્યા હતા. તમામ વિષય શિક્ષકશ્રી દ્વારા પણ વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળાના આચાર્યશ્રી ચિરાગ



શાહ દ્વારા શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરે તેવા હકારાત્મક અભિગમ સાથે જીવનની સફળતાની પ્રથમ સીડી ને પાર કરી, લક્ષ્ય નિર્ધારિત કરી , EVERY THING IS POSSIBLE IN THIS WORLD ' દુનિયામાં બધુજ શક્ય છે મહેનત અને આત્મ વિશ્વાસ સાથે હસતા હસતા બોર્ડની પરીક્ષામાં ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત કરી શાળા, તાલુકા તેમજ માતા પિતાનું નામ રોશન કરી સત્કર્મ સાથે પ્રગતિના પથ ઉપર આગળ વધી પ્રામાણિકતા સાથે જીવનને શ્રેષ્ઠ દિશામાં લઈ જવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી.તમામ વિદ્યાર્થીઓ માટે અલ્પાહારનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું ખુબ સુંદર આયોજન સુપરવાઈઝરશ્રી પી જે સુથાર, શ્રી જે પી પંડ્યા તેમજ તમામ વર્ગશિક્ષકશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

# ધારીના આંબરડી સફારી પાર્કમાં પર્યટકો માટે પરાગવાહક પાર્કનું નવું નજરાણું

કિશોર આર. સોલંકી । જાફરાબાદ




ધારી નજીક આવેલા આંબરડી સફારી પ્રાર્ક માં વનવિભાગ દ્વારા પર્યટકો અને મુલાકાતીઓ માટે એક આધુનિક સુવિધામાં વધારો કર્યો છે. અને પરાગવાહક પાર્ક વિકસાવવામાં આવ્યું છે. આ પરાગવાહક પાર્ક નો હેતુ આંબરડી પાર્કમાં મુલાકાતીઓ માટે વિવિધ પરાગવાહકોના અવલોકનની તક પૂરી પાડવા માટે તેમજ વનસ્પતિ અને પરાગવાહકો વચ્ચેના જટિલ સંબંધોને પ્રકાશિક કરીને જીવંત શિક્ષણ કેન્દ્ર તરીકે કાર્ય કરવાનાં હેતુસર વનવિભાગ દ્વારા આંબરડી સફારી પાર્ક માં એક સુવિધાનો વધારો કરવામાં આવ્યો છે. અમરેલી જિલ્લામાં વનવિભાગ દ્વારા આંબરડી સફારી પાર્ક માં સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. સિંહદર્શન તેમજ ચિંકારા, હરણ, જરખ, દીપડો, સહિત ના વન્ય પ્રાણીઓ રાખવામાં આવ્યાં છે. ત્યારે ધારી ગીર પૂર્વના ડી.સી.એફ. રાજદીપ સિંહ ઝાલા દ્વારા આંબરડી સફારી પાર્ક માં વધુ એક સુવિધાઓ પર્યટકો અને મુલાકાતીઓ માટે કરવામાં આવી છે. જેમાં બગીચાને પરાગવાહક પાર્ક કહેવા માટે તે પ્રદેશમાં હાજર વિવિધ પ્રકારના તમાંમ પરાગવાહકોની જરૂરિયાતો સંતોષવી જોઈએ જેમાં પતંગિયા, મધમાખી, ચામાચીડિયાં, ફૂદા, વિવિધ પક્ષીઓ, માખીઓ, ભમરા, ભમરી, વેગેરે નો સમાવિષ્ઠ છે. આ માટે વૈવિધ્યસભર સ્થાનિક વનસ્પતિઓ અને મધુરસથી સમૃદ્ધ ફુલ છોડનો ઉછેર પણ કરવામાં આવ્યો.

**MCX**
METAL & ENERGY
Trade with Trust
**Multi Commodity Exchange of India Limited**
Exchange Square, CTS No. 255, Suren Road, Chakala, Andheri (East), Mumbai – 400 093.
www.mcxindia.com

**NOTICE**

NOTICE is hereby given that **P Suryakant Share and Stock Brokers Private Limited** Member of Multi Commodity Exchange of India Ltd. (Exchange), having Member ID – 12780 and SEBI Registration No. INZ000254538 has requested for the surrender of its Membership of the Exchange.

Any client(s)/constituent(s) of the above Member, having any claim/dispute/complaint against the Member, arising out of the transactions executed on MCX platform, may lodge their claim within 30 days of this notification, failing which, it shall be deemed that no claim exist against the above referred Member or such claim, if any, shall be deemed to have been waived. The complaints so lodged will be dealt with in accordance with the Bye-Laws, Rules and Business Rules of the Exchange.

The Client(s)/Constituent(s) may submit their claim on the online portal of the Exchange (https://igrs.mcxindia.com) or provide "Client Complaint Form" (available at www.mcxindia.com) in hard copy to Investor Services Department, Multi Commodity Exchange of India Ltd., Exchange Square, CTS No. 255, Suren Road, Chakala, Andheri (East), Mumbai – 400 093 or email it at grievance@mcxindia.com.

Upon surrender of Membership, the Authorised Person(s) (APs), if any, registered through this Member shall also cease to exist and therefore, such APs are not authorized henceforth to deal in that capacity.

*For Multi Commodity Exchange of India Ltd.*
*Sd/-*
*Authorised Signatory – Membership Department*

*Place: Mumbai*
*Date: February 11, 2025*

# લુણાવાડા બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા ખાતે તાલીમાર્થીઓ માટે આવકવેરા જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરાયું

જગદીશ ત્રિવેદી । લુણાવાડા



લુણાવાડા બરોડા ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થા ખાતે કોમ્પ્યુટર એકાઉન્ટિંગમાં તાલીમ લઈ રહેલા 34 તાલીમાર્થીઓ માટે આવકવેરા જાગૃતિ કાર્યક્રમનું આયોજન આવકવેરા વિભાગના વરિષ્ઠ અધિકારી સંયુક્ત કમિશનર શ્રી સી. ધરણીનાથ અને આવકવેરા અધિકારી લુણાવાડા શ્રી અરવિંદ સિંહ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં આવકવેરાના વિવિધ નિયમો વિશે માહિતી આપવામાં આવી હતી. આવકવેરા વિભાગના અધિકારીએ બે પાન કાર્ડ રાખવા બદલ આવકવેરા વિભાગ દ્વારા લાદવામાં આવેલા દંડ અને એક પાન કાર્ડ કેવી રીતે સરેન્ડર કરવું તે વિશે પણ વિગતવાર માહિતી આપી.ITR ફાઈલ કર્યા પછી ડિમાન્ડ નોટિસ પ્રાપ્ત થવા પર લેવામાં આવનાર પ્રતિભાવ કાર્યવાહીની પણ ચર્ચા કરવામાં આવી હતી. આ રીતે આવકવેરા અધિકારીઓએ RSETI દ્વારા લઈ રહેલ તાલીમાર્થીઓને ખૂબ જ ઉપયોગી માહિતી પૂરી પાડી અને ભારતના સાચા નાગરિક તરીકે સમયસર સરકારમાં પોતાનો આવકવેરા જમા કરાવવા અપીલ પણ કરી. અંતે આવકવેરા અધિકારીઓ દ્વારા વૃક્ષારોપણ કરીને કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સંસ્થાના ડિરેક્ટર શ્રી વિશાલ અગ્રવાલ, અગ્રણી જિલ્લા મેનેજર શ્રી પરેશ બારોટ હાજર રહ્યા હતા.

# બહાદરપુર ગામની દ્વારકેશ સાર્વજનિક હાઇસ્કુલ ખાતે એન્યુઅલ ડે ની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી



કમલેશ પટેલ । સંખેડા

એવા અમેરિકાથી અને બહાદરપુરના વતની એવા મુખ્ય મહેમાન કેતનભાઈ નટુભાઈ ભગત તેમજ કલ્પેશભાઈ (ડોક્ટર)નટુભાઈ ભગત અને સપનાબેન અવધેશકુમાર તેમજ અતિથિ વિશેષ શ્રી કલ્પેશ કુમાર (ટાઈગર)સુંદરલાલ પ્રમુખશ્રી હસમુખભાઈ મજમુદાર તથા મંત્રીશ્રી મજમુદાર અરવિંદભાઈ શ્રી તેમજ શ્રી દ્વારકેશ સાર્વજનિક હાઇસ્કુલ ના આચાર્યશ્રી નીલય કે પંચાલ નાઓ દ્વારા દીપ પ્રાગટ્ય કરી ઉપસ્થિત મહેમાનોને ફૂલ આપી સ્વાગત કરી. કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી ત્યારબાદ વિદ્યાર્થીઓ દેશભક્તિની કૃતિઓ તેમજ વ્યસન મુક્તિ અભિનય જેવી કૃતિઓ રજુ કરી આવેલ મહેમાનોના મન જીતી લીધા હતા અને અભ્યાસ કરતા વિદ્યાર્થી સારા એવા ટકા એ થી પાસ થયેલ. એક થી ત્રણ ક્રમાંકના વિજેતાઓને કલ્પેશભાઈ નટુભાઈ તરફથી 191 ટ્રોફી તેમજ રોકડ રકમ આપી વિદ્યાર્થીઓનું પ્રોત્સાહન વધાર્યું હતુ.

# દેલમાલ ગામે કૃભકો દ્વારા ખેડૂત સભા કાર્યક્રમ યોજાયો



નીતિન ઠાકર । ચાણસ્મા

રાસાયણિક ખાતર , ખેતી ઈનપુટ્સ અને કૃષિ સેવાઓ ક્ષેત્રે આગવું પ્રદાન કરી રહેલ રાષ્ટ્રીય સ્તરની સહકારી સંસ્થા કૃષક ભારતી કો - ઓપરેટીવ લિમિટેડ કૃભકો ના ઉપક્રમે ચાણસ્મા તાલુકાના દેલમાલ ગામે ખેડૂતોને કૃષિ માર્ગદર્શન પુરૂ પાડવાના આશયથી એક ખેડૂત સભા નું આયોજન કૃભકોના ક્ષેત્રીય અધિકારી શ્રી નિકુલ એસ. ગામી દ્વારા કરવામાં આવેલ.જેમાં ગામના ૮૦ જેટલા ખેડૂતભાઈઓ એ હાજરી આપી હતી. ખેડૂત સભા ના પ્રારંભમાં ક્ષેત્રીય અધિકારીશ્રી નિકુલ એસ. ગામી એ કૃભકો ના વિવિધ ઉત્પાદનો તેના કાર્યક્ષમ ઉપયોગ વિશે સવિસ્તાર માહિતી આપી હતી.ક્ષેત્રીય અધિકારીશ્રી એ સાથે સાથે જમીનની ચકાસણી, તથા તેને અનુરૂપ પાકની જરૂરી ગૌણ તથા સૂક્ષ્મ તત્વોની જરૂરીયાત વિશે વિગતવાર માહિતી આપી હતી. ઉપરાંત ખેડૂત સમુદાય ને ખર્ચ પર અંકુશ મેળવવા, પિયતપાણીના મહત્તમ ઉપયોગ, નિંદામણ નિયંત્રણ વગેરે માટે ટપક સિંચાઈ પદ્ધતિનો ઉપયોગ કરવાની માહિતી આપી હતી.

**અક્ષીતા કોટન લિમિટેડ**

AXITA COTTON

સીઆઈએન: એલ૧૭૨૦૦જીજે૨૦૧૩પીએલસી૦૭૬૦૫૯
રજીસ્ટર્ડ ઓફિસ: સર્વે નં. ૩૨૪, ૩૫૭, ૩૫૮, કડી, થોલ રોડ, બોરીસાણા, કડી, મહેસાણા-૩૮૨૭૧૫, ગુજરાત, ભારત.
ટેલિફોન: +૯૧ ૬૩૫૮૭૪૭૫૧૪ || ઈ-મેઈલ: cs@axitacotton.com || વેબસાઇટ: www.axitacotton.com

સેબી (એલઓડીઆર) ના રેગ્યુલેશન, ૨૦૧૫ ના નિયમન ૪૭ (૧) (બી) પ્રમાણે ના

ડીસેમ્બર ૩૧, ૨૦૨૪ ના રોજ સમાપ્ત થયેલ ત્રિમાસીક અને નવ માસિક ગાળાના અન-ઓડીટેડ કોન્સોલિડેટેડ નાણાકિય પરિણામોનો વિસ્તાર

(ઈ.પી.એસ. સિવાય રકમ લાખમાં)

| વિગતો | ત્રિમાસિક ગાળા ના અંતે | | | નવ માસિક ગાળા ના અંતે | | વર્ષ ના અંતે |
|---|---|---|---|---|---|---|
| | ૩૧-૧૨-૨૦૨૪ | ૩૦-૦૯-૨૦૨૪ | ૩૧-૧૨-૨૦૨૩ | ૩૧-૧૨-૨૦૨૪ | ૩૧-૧૨-૨૦૨૩ | ૩૧-૦૩-૨૦૨૪ |
| | અન-ઓડીટેડ | અન-ઓડીટેડ | અન-ઓડીટેડ | અન-ઓડીટેડ | અન-ઓડીટેડ | ઓડીટેડ |
| કામગીરીમાથી કુલ આવક | ૨૨,૯૦૨.૫૫ | ૧૨,૯૯૧.૨૮ | - | ૫૧,૩૯૦.૭૪ | - | - |
| આ સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (કર, અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ પહેલા( | (૨૨૨.૧૨) | ૩૨.૬૫ | - | ૨૯૫.૩૬ | - | - |
| આ સમયગાળા માટે કર પહેલાનો ચોખ્ખો નફો / (નુકસાન) (અપવાદરૂપ અને/ અથવા અસાધારણ વસ્તુઓ પછી( | (૧૫૧.૮૬) | ૩૨.૬૫ | - | ૩૬૫. ૬૨ | - | - |
| આ સમયગાળા માટે કર પછીનો ચોખ્ખો નફો/(નુકસાન) (અપવાદરૂપ અને/ અથવા અસાધારણ વસ્તુઓ પછી( | (૧૨૩.૬૪) | ૪૪.૩૭ | - | ૨૬૩.૬૩ | - | - |
| આ સમયગાળા માટે ફુલ વ્યાપક આવક (સમયગાળા માટે નફો/(નુકસાન) અને કર બાદની અન્ય આવક (કર પછી) સમાવેશ થાય છે( | (૧૨૩.૨૧) | ૪૪.૧૨ | - | ૨૫૩.૬૮ | - | - |
| ઈક્વિટી શેરમૂડી ચૂકવેલ | ૩૪૭૭.૭૩ | ૩૪૭૭.૭૩ | - | ૩૪૭૭.૭૩ | - | - |
| ઇક્વિટી શેર મૂડીની ફેસ વેલ્યુ રૂ. | ૧ | ૧ | - | ૧ | - | - |
| અનામત | - | - | - | - | - | - |
| શેરદીઠ કમાણી રૂ. માં (મૂળભૂત કિંમત રૂ. ૧) (સતત અને બંધ કામગીરી માટે) (વાર્ષિકરણ કર્યા વિના) બેઝીક કમાણી (નુકસાન) રૂ. | (૦.૦૪) | ૦.૦૧ | - | ૦.૦૭ | - | - |
| ડાલ્યુટેડ કમાણી (નુકસાન) રૂ. | (૦.૦૪) | ૦.૦૧ | - | ૦.૦૭ | - | - |

ડીસેમ્બર ૩૧, ૨૦૨૪ ના રોજ સમાપ્ત થયેલ ત્રિમાસીક અને નવ માસિક ગાળાના અન-ઓડીટેડ સ્ટેન્ડઅલોન નાણાકિય પરિણામોનો વિસ્તાર

(રકમ લાખમાં)

| વિગતો | ત્રિમાસિક ગાળા ના અંતે | | | નવ માસિક ગાળા ના અંતે | | વર્ષ ના અંતે |
|---|---|---|---|---|---|---|
| | ૩૧-૧૨-૨૦૨૪ | ૩૦-૦૯-૨૦૨૪ | ૩૧-૧૨-૨૦૨૩ | ૩૧-૧૨-૨૦૨૪ | ૩૧-૧૨-૨૦૨૩ | ૩૧-૦૩-૨૦૨૪ |
| | અન-ઓડીટેડ | અન-ઓડીટેડ | અન-ઓડીટેડ | અન-ઓડીટેડ | અન-ઓડીટેડ | ઓડીટેડ |
| કામગીરીમાથી કુલ આવક | ૨૨,૯૦૨.૫૫ | ૧૨,૯૯૧.૨૮ | ૨૬,૬૧૯.૨૧ | ૫૧,૩૯૦.૭૪ | ૮૮,૩૦૮.૦૯ | ૧,૧૦,૪૩૮.૯૧ |
| આ સમયગાળા માટે ચોખ્ખો નફો / (નુકસાન) (કર, અપવાદરૂપ અને / અથવા અસાધારણ વસ્તુઓ પહેલા( | (૨૧૯.૩૭) | ૬૪.૨૧ | ૪૨૨.૬૪ | ૩૪૧.૧૯ | ૨,૦૬૧.૨૨ | ૨,૭૩૦.૨૦ |
| આ સમયગાળા માટે ફુલ વ્યાપક આવક (સમયગાળા માટે નફો/(નુકસાન) અને કર બાદની અન્ય આવક (કર પછી) સમાવેશ થાય છે( | (૧૨૧.૬૦) | ૬૨.૪૦ | ૩૨૭.૬૫ | ૨૮૫.૦૯ | ૧,૫૫૭.૧૭ | ૨,૦૫૭.૯૯ |
| ઈબીડટા-વ્યાજ, કર, ડેપ્રિશિયેશન અને એમોર્ટાઇઝેશન પહેલાંની આવક | (૧૭૮.૨૩) | ૧૦૬.૭૩ | ૪૬૪.૦૧ | ૫૦૨.૪૪ | ૨,૧૮૪.૭૯ | ૨,૯૩૬.૦૭ |

નોંધ:-

1. ડીસેમ્બર ૩૧, ૨૦૨૪ ના રોજ પૂરા થયેલા ત્રિમાસીક અને નવ માસિક ગાળાના કંપનીના ઉપરોક્ત અન-ઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોની ઓડિટ કમિટી દ્વારા સમીક્ષા કરવામાં આવી છે અને ત્યારબાદ સોમવાર, ફેબ્રુઆરી ૧૦, ૨૦૨૫ ના રોજ યોજાયેલી તેમની બેઠકમાં બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા રેકોર્ડ પર લેવામાં આવી છે. કંપની ના સ્ટેટ્યુટરી ઓડિટર્સે આ ત્રિમાસીક અને નવ માસિક ગાળાના અન-ઓડિટ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામો કે જે ભારતીય એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ્સ (જેને "ઇન્ડ એએસ" તરીકે ઓળખવામાં આવે છે) ૩૪ ઇન્ટરીમ નાણાકીય રિપોર્ટિંગ જે કંપની એક્ટ, ૨૦૧૩ ની કલમ ૧૩૩ હેઠળ સૂચવવામાં આવેલા તથા કંપનીના (ઇન્ડિયન એકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ્સ) નિયમો સાથે સમયાંતરે સુધારવામાં આવેલ અને સમયાંતરે સુધારવામાં આવેલ સેબીના (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્ક્લોઝર જરૂરિયાતો) રેગ્યુલેશન, ૨૦૧૫ ના નિયમ ૩૩, અનુસાર તૈયાર કરવામાં આવેલા નાણાકીય પરિણામોની સમીક્ષા કરી છે.
2. અગાઉના સમયગાળાના આંકડાઓને તુલનાત્મક બનાવવા માટે જ્યાં જરૂરી જણાય ત્યાં પુનઃસંગઠિત/પુનઃગોઠવવામાં આવ્યા છે/ફરીથી ગોઠવવામાં આવ્યા છે/અને/અથવા પુનઃસંગઠિત કરવામાં આવ્યા છે.
3. ઉપરોક્ત નાણાકીય બાબત સેબી (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૩૩ હેઠળ સ્ટોક એક્સચેન્જ, ધ બીએસઈ લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ લિમિટેડ સમક્ષ ફાઇલ કરવામાં આવેલા ત્રિમાસીક અને નવ માસિક ગાળાના અંતના અન-ઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામોના વિસ્તૃત ફોર્મેટનો અર્ક છે. ત્રિમાસિક અને નવ માસિક ગાળાના નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ બીએસઈ લિમિટેડની વેબસાઇટ પર www.bseindia.com, નેશનલ સ્ટોક એક્સચેંજ લિમિટેડની વેબસાઇટ www.nseindia.com પર અને કંપનીની વેબસાઇટ પર www.axitacotton.com પર ઉપલબ્ધ છે.

અક્ષીતા કોટન લિમિટેડ માટે
સહી/-
નિતિનભાઈ ગોવિંદભાઈ પટેલ

સ્થળ: કડી,
તારીખ: ફેબ્રુઆરી ૧૦, ૨૦૨૫

**પશ્ચિમ રેલવે - ભાવનગર ડિવિઝન**

**SLRs કમ્પાર્ટમેન્ટ્સ લિઝીંગ પર આપવા માટેના કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી**

ડિવિઝનલ રેલવે મેનેજર (કોમર્શિયલ), પશ્ચિમ રેલવે, ભાવનગર પરા ભાવનગર ડિવિઝન થી ઉપડતી ટ્રેનોના SLRs કમ્પાર્ટમેન્ટ્સ લિઝીંગ પર આપવા માટેના કોન્ટ્રાક્ટસ માટે ઈ-હરાજી આમંત્રિત કરે છે.હરાજી IREPS વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવેલ છે.વિગતો નીચે મુજબ છે.

કોન્ટ્રાક્ટનો પ્રકાર : પાર્સલ સ્પેસનું લિઝીંગ — કેટલોગ સં : LEASE-2024-23

સ્થળ અને સંપત્તિની વિગત

SLR ના 3.9 ટન પાર્સલ સ્પેસના લીઝ કોન્ટ્રાક્ટ માટે હરાજી:-

| ક્ર. નં. | ટ્રેન નં. | કમ્પાર્ટમેન્ટ | આવૃત્તિ | અહીં થી | અહીં સુધી |
|---|---|---|---|---|---|
| 1 | 20937 | RSLR | મંગળવાર અને શનિવાર | PBR (પોરબંદર) | DEE (દિલ્હી સરાઈ રોહિલ્લા) |
| 2 | 12756 | RSLR | શનિવાર | BVC (ભાવનગર ટર્મિનસ) | COA (કાકીનાડા) |
| 3 | 19016 | FSLR-II | દૈનિક | PBR (પોરબંદર) | DDR (દાદર) |

(1) ઈ-ઓક્શનની તારીખ **26.02.2025** ના રોજ **11:00** કલાકથી શરૂ થશે.
(2) હરાજીમાં ભાગ લેવા માટે IREPSઈ-હરાજી લિઝીંગ પોર્ટલ પર નોંધણી જરૂરી છે.
(3) વધુ વિગતો માટે www.ireps.gov.in પર લોગ ઈન કરો.
197
અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**

**પ્રોફોર્મા-૧૦.૦૧**
**ભારતીય રેલવે**
**"જાહેર સૂચના"**


પશ્ચિમ રેલવેનાં અમદાવાદ ડિવિઝનના નીચે જણાવેલ વિભાગના પૂર્ણ વિભાગ પર સ્થિત રેલવે લાઈનો અને પરિસરના તમામ વપરાશકર્તાઓને જાણ કરવામાં આવે છે કે 25000 વોલ્ટ, 50 હર્ટ્ઝ એસી ઓવરહેડ ટ્રેક્શન વાયર 18-02-2025 ના રોજ અથવા તે પછી સક્રિય કરવામાં આવશે

ઉપરોક્ત તારીખથી, ઓવરહેડ ટ્રેક્શન લાઈનો દરેક સમયે વિદ્યુતિકૃત માનવામાં આવશે અને કોઈપણ અનધિકૃત વ્યક્તિએ ઉપરોક્ત ઓવરહેડ લાઈનોની નજીક જવું કે કામ કરવું નહીં.

| સેક્શન | તારીખ |
|---|---|
| પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના કલોલ કટોસન રોડ સેક્શન પર કલોલ (સહિત) કિમી KLL/2001 (CH:00/264.50) થી કડી લોકેશન કિમી 17/17 (CH:17/868.50) અને કડી (સહિત) લોકેશન કિમી 17/17 (CH:17/868.50) થી કટોસન રોડ (સહિત) લોકેશન કિમી KTRD/1058 (CH:35/655.50) વચ્ચેના સેક્શન ગેજ કન્વર્ઝન (M.G થી B.G) સિંગલ લાઇન કન્વેન્શનલ OHE. (RKM-36.39, TKM-41.11) | 18-02-2025 |

122
અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# પોલીસ હેડક્વાર્ટરસની નજીક શિકારની શોધમાં ભટકતો દીપડો કૂવામાં પડતા અફરા તફરીનો માહોલ



સુશીલ પવાર । ડાંગ

ડાંગ જિલ્લાના આહવા પોલીસ હેડક્વાર્ટરસ નજીક આવેલ આંગણવાડીની પાછળના ભાગમાં આવેલા એક કૂવામાં દીપડો પડ્યો હતો.ત્યારે આ ઘટનાની જાણ ડાંગ ઉત્તર વન વિભાગમાં સમાવિષ્ટ પશ્ચિમ રેંજનાં આર.એફ.ઓ વિનયભાઈ પવારને થતા તેઓ તથા વનકર્મીઓની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી.અને કુવામાંથી દીપડાને બહાર કાઢવા માટે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યુ હતુ.આહવા નગરમાં દીપડો કૂવામાં પડ્યો હોવાની જાણ નગરજનોને થતા આ દીપડાને જોવા ટોળે ટોળા ઉમટી પડ્યા હતા.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## બે મહિના પહેલા હર્ષ સંઘવીએ કહ્યું- લોકોને હેરાન કરનારનો વરઘોડો નીકળશે, હવે પંચે કમિશનર પાસે જવાબ માગ્યો

# વરઘોડા મુદ્દે સુરત CPને માનવ અધિકાર પંચની શો કોઝ નોટિસ

(એજન્સી) સુરત | તા. 11

ગુજરાતમાં વિવિધ ગુનાઓમાં ઝડપાતા આરોપીઓનો પોલીસ દ્વારા રિકન્સ્ટ્રક્શનના નામે કઢાતા 'વરઘોડા' મામલે ગુજરાત માનવ અધિકાર પંચમાં અરજી થતા પંચે સુરત પોલીસ કમિશનરને અહેવાલ તૈયાર કરી પોતાની જ સહીથી 30 દિવસમાં રજૂ કરવા આદેશ કર્યો છે.

મહત્ત્વનું છે કે, બે મહિના પહેલાં ગાંધીનગરમાં પોલીસના યોજાયેલા એક કાર્યક્રમમાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું હતું કે, ગુજરાતના ઘણા લોકોને વરઘોડાથી બહુ વાંધો છે. હમણાં ગુજરાત પોલીસે નક્કી કર્યું છે કે, રાજ્યના સામાન્ય નાગરિકોને જો ટપોરી દ્વારા કોઈ પ્રકારે હેરાન પરેશાન કરાશે તો તેના વરઘોડા તો જરૂરથી નીકળશે. આરોપીઓના વરઘોડાને લઈ સુરતના વકીલે માનવ અધિકાર પંચમાં અરજી કરતા હવે પંચે સુરત સીપીને નોટિસ ફટકારી પોતાની જ સહીથી 30 દિવસમાં અહેવાલ રજૂ કરવા આદેશ કર્યો છે.

આરોપીઓના જે રીતે વરઘોડા કાઢવામાં આવી રહ્યા છે. તેને લઈને હવે માનવ અધિકાર પંચે પણ આ બાબતની ગંભીરતા લીધી છે. સુરતના એડવોકેટ દ્વારા માનવ અધિકાર પંચમાં પોલીસ વિભાગ દ્વારા કાઢવામાં આવતા વરઘોડાને લઈને કરવામાં પિટિશન આવી હતી. વકીલ દ્વારા આરોપીઓના ગેરકાયદેસર રીતે વરઘોડા કાઢવામાં આવે છે. તેની સામે પગલાં લેવામાં આવે તેવો પિટિશનમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

આર.ડી મેંદપરા દ્વારા માનવ અધિકાર પંચમાં અરજી દાખલ કરવામાં આવી હતી. જેમાં તેમણે આરોપીઓના વરઘોડા સુરત પોલીસ દ્વારા કાઢવામાં આવી રહ્યા છે. તે બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમાં તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે આરોપી જ્યાં સુધી કોર્ટમાં પુરવાર ન થાય ત્યાં સુધી આ રીતે જાહેરમાં તેનો વરઘોડો કાઢવો એ યોગ્ય નથી.

ભલે પોલીસ કહેતી હોય કે રિકન્સ્ટ્રક્શન માટે લઈ જવાય છે, પરંતુ મીડિયાને બોલાવીને આ પ્રકારના રિકન્સ્ટ્રક્શનની વાત કરવામાં આવી રહી છે તે ખોટું છે. જ્યાં સુધી આરોપો પુરવાર ના થાય ત્યાં સુધી આ રીતે તેને વીડિયોગ્રાફી કરાવીને આરોપીની ઓળખ છતી કરવી ગેરકાયદેસર છે. હજી તો આરોપી ઉપર લાગેલા આરોપો પુરવાર થતા નથી. છતાં પણ આ રીતે વરઘોડા કાઢવા યોગ્ય નથી આ બાબતે માનવ અધિકાર પંચે ગંભીરતાથી લઈને સુરત પોલીસ કમિશનરને 30 દિવસમાં ખુલાસો આપવા માટે હુકમ કર્યો છે.



### કમિશનરને જ પોતાની સહીથી અહેવાલ રજૂ કરવા આદેશ

**કમિશનરને જ પોતાની સહીથી અહેવાલ રજૂ કરવા આદેશ** : સુરત પોલીસ કમિશનરને પોતાની સહીથી વિગતવાર અહેવાલ 30 દિવસમાં રાજ્ય આયોગને પાઠવવા આદેશ કરાયો છે. જો નિયત સમયમર્યાદામાં અહેવાલ મોકલવામાં નિષ્ફળ જાય તો રાજ્ય આયોગ આગળની કાયદેસરની કાર્યવાહી કરશે. આ બાબતે તાબાના અધિકારીના અહેવાલની નકલ મોકલવાના બદલે કમિશનરને પોતાની સહીથી જ સ્પષ્ટ અભિપ્રાય સહિતના પ્રશ્ન હેઠળની બાબતોનો સર્વગ્રાહી અહેવાલ મોકલવા આદેશ કરાયો છે.

આયોગે શો કોઝ નોટિસમાં સ્પષ્ટ આદેશ ક્યો છે કે, જો કમિશનરની મંજૂરી વગર તાબાના અધિકારી દ્વારા રાજ્ય આયોગને અહેવાલ મોકલવામાં આવશે તો તે ગ્રાહ્ય રખાશે નહીં.

હર્ષ સંઘવીએ બે મહિના પહેલાં ગાંધીનગરમાં પોલીસના યોજાયેલા એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, ગુજરાતના ઘણા લોકોને વરઘોડાથી બહુ વાંધો છે. હમણાં ગુજરાત પોલીસે નક્કી કર્યું છે. રાજ્યના સામાન્ય નાગરિકોને જો ટપોરી દ્વારા કોઈ પ્રકારે હેરાન પરેશાન કરાશે તો તેના વરઘોડા તો જરૂરથી નીકળશે. આમતેમ દોડવાની ઘણી આદતો હોય પરંતુ, પોલીસ જોડે પાલો પડે તો ચાલવાની તો તકલીફ પડવી જ જોઈએ.

---

## દ્વારકામાં મહિલા સુરક્ષા જોખમમાં:

# યુવતીની બહેન સાથે સંબંધની માંગણી કરી શખ્સે છરી વડે હુમલો કર્યો...

(એજન્સી) દ્વારકા ખંભાળિયા | તા.11

દ્વારકામાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં એક મહિલા પર છરી વડે હુમલો કરવામાં આવ્યો છે. વેરાવળની યુવતી પોતાની બહેનને મળવા દ્વારકા આવી હતી, ત્યારે રૂપેણ બંદર વિસ્તારના સબીર ઈસ્માઈલ ભેસલીયા નામના શખ્સે તેમને પરેશાન કર્યા હતા.



શનિવારે બપોરે અને સાંજે આરોપીએ યુવતીને ફોન કર્યો હતો, જેના જવાબમાં તેની બહેને ફોન ન કરવા સ્પષ્ટ શબ્દોમાં મનાઈ કરી હતી. રાત્રે લગભગ સાડા દસ વાગ્યે આરોપી સબીર યુવતીના ઘરે પહોંચ્યો હતો અને ઘરમાં ઘૂસી જઈને યુવતીની બહેન સાથે સંબંધ બાંધવાની માંગણી કરી હતી.

યુવતીએ આ માગણીનો ઈનકાર કરતાં આરોપીએ છરી કાઢીને હુમલો કર્યો હતો અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ ઘટના અંગે દ્વારકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરતાં આરોપી સબીર ભેસલીયાની ધરપકડ કરી છે અને તેની સામે બી.એન.એસ. તેમજ જી.પી. એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પી.એસ.આઈ. ટી.ડી. ચુડાસમાના નેતૃત્વમાં આગળની તપાસ ચાલી રહી છે.

---

# વાંકાનેરમાં ડમ્પરની ટક્કરે બાઈકસવાર પરિવારનો અકસ્માત: 6 વર્ષના બાળકનું મોત, માતા-દીકરી ગંભીર

મોરબી | વાંકાનેર તાલુકાની જામસર ચોકડી પાસે ગઈકાલે સવારે 11 વાગ્યે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. જામસર ગામના કુંવરજીભાઈ રાતોજા (ઉં.31) પોતાના પરિવાર સાથે બાઈક પર જઈ રહ્યા હતા ત્યારે, એક ડમ્પરે તેમના વાહનને અડફેટે લીધું હતું. આ અકસ્માતમાં કુંવરજીભાઈના 6 વર્ષીય પુત્ર સુરેશનું સારવાર દરમિયાન મૃત્યુ નીપજ્યું છે.

અકસ્માતમાં કુંવરજીભાઈની પત્ની જાનાબેન (30)ને રાજકોટની હોસ્પિટલમાં અને 8 વર્ષીય પુત્રી આસુબેનને અમદાવાદની હોસ્પિટલમાં ગંભીર હાલતમાં સારવાર આપવામાં આવી રહી છે. આ ઘટનાથી રોષે ભરાયેલા સ્થાનિક લોકોએ જામસર ચોકડી પર ચક્કાજામ કર્યો હતો અને ભારે વાહનોની અવરજવર રોકી દીધી હતી.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, આ વિસ્તારમાં ડમ્પર ચાલકો નિયમિતપણે ઓવર સ્પીડમાં અને ઓવરલોડ માલ સાથે વાહન ચલાવે છે, જેના કારણે વારંવાર અકસ્માતો સર્જાય છે. લોકોએ આવા બેજવાબદાર વાહન ચાલકો સામે કડક કાર્યવાહીની માગ કરી છે. વાંકાનેર પોલીસે ઘટનાની નોંધ લઈ તપાસ શરૂ કરી છે.

---

## રાજ્યની તમામ સરકારી કચેરીઓમાં હેલ્મેટ ડ્રાઈવ, અમદાવાદમાં અઢી કલાકમાં 2.36 લાખનો દંડ, 58 પોલીસકર્મી દંડાયા

# સરકારી અધિકારીઓને સરકારે જ દંડ કર્યો

સુરત | રાજ્યમાં આજથી પોલીસ દ્વારા ફરી એકવાર ટ્રાફિક ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. DGP વિકાસ સહાયે આ અંગે પરિપત્ર બહાર પાડીને સરકારી કર્મચારીઓને હેલ્મેટના નિયમનું કડકપણે પાલન કરાવવા સૂચના આપી છે. સરકારી કચેરીઓમાં આવતા ટુ-વ્હીલર વાહન ચલાવનાર અને પાછળ બેસનાર બંને વ્યક્તિઓએ ફરજિયાત હેલ્મેટ પહેરવું પડશે. ત્યારે ગુજરાતનાં ચાર મહાનગરોમાં આજ સવારથી જ આ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે.



જેમાં મોટાભાગના લોકો હેલ્મેટ પહેરી ન આવ્યા હોવાનાં અલગ અલગ બહાનાં કાઢતા દેખાયા હતા, પરંતુ પોલીસે એકપણ બહાનું ન ચલાવી તમામ નિયમ ભંગ કરનારને ઈ-મેમો આપ્યો હતો, આ ડ્રાઈવમાં સરકારી કર્મચારીઓ પણ બચ્યા ન હતા. પોલીસે પરિપત્રનું ચુસ્તપણે પાલન કરી તમામને દંડ ફટકાર્યો હતો.

સરકારી કચેરીઓની બહાર હેલ્મેટ વગર મળી આવેલા સરકારી કર્મચારી વિરુદ્ધ 12.30 વાગ્યા સુધીમાં કરવામાં આવેલી કામગીરી. આરટીઓ કચેરીમાં આવતા અરજદારોને સીટબેલ્ટ અને હેલ્મેટ ફરજિયાત પહેરવા માટે જણાવવામાં આવી રહ્યું છે. હેલ્મેટ અને સીટબેલ્ટ વગરના અરજદારોને ટ્રાફિક પોલીસ દ્વારા દંડ કરવામાં આવી રહ્યો છે. અન્ય સરકારી કચેરીની જેમ આરટીઓ કચેરીમાં પણ ટ્રાફિક નિયમોનું પાલન કરાવવામાં આવી રહ્યું છે.

ટ્રાફિક શાખાના પીઆઈ કે.જે રાણાએ જણાવ્યું હતું કે, રાજ્ય પોલીસ વડાની સૂચનાથી આજે પોલીસ ભવન ખાતે પોલીસકર્મીઓ હેલ્મેટ પહેર્યા વગર આવે તેમને દંડ આપવાનું શરૂ કરવામાં આવ્યું છે. વડોદરા શહેરના વિવિધ પોલીસ સ્ટેશનો અને સરકારી કચેરીઓમાં પણ આ કામગીરી કરવામાં આવી રહી છે. જેમાં ઘણા સરકારી કર્મચારીઓને હેલ્મેટ ન પહેરવા બાબતે દંડ આપવામાં આવ્યો છે. એક મહિલા પોલીસ કર્મી હેલ્મેટ પહેર્યા વગર આવી હતી, પરંતુ મીડિયા સામે કંઈ પણ બોલવાનો ઈનકાર કર્યો હતો અને ચૂપ થઈ ગઈ હતી કુબેર ભવન ખાતે ફરજ બજાવતા સરકારી કર્મચારીએ કહ્યું હતું કે, હું ઉતાવળમાં ઘરે જ હેલ્મેટ ભૂલી ગયો છું. હું રોજ હેલ્મેટ પહેરું છું.

### સુરતમાં ટીમ બનાવી કામગીરી શરૂ કરાઇ

ટ્રાફિક વિભાગના એસીપી વી.આર ગામે તે જણાવ્યું કે, પોલીસ વડા અને પોલીસ કમિશનરની સૂચના મુજબ આજે અમે પરિપત્રનું પાલન થાય તે માટે સરકારી કચેરીની બહાર અલગ અલગ ટીમ બનાવીને હેલ્મેટ વગર વાહન ચલાવતા લોકો સાથે સરકારી કર્મચારીઓને પણ દંડ ફટકારી રહ્યા છીએ. સરકારી કર્મચારીઓ હેલ્મેટ પહેરીને ટ્રાફિક નિયમનું પાલન કરે તો અન્ય લોકોને પણ ટ્રાફિક નિયમો પાલન કરવા માટેની ગંભીરતા વધી શકે છે. તમામ મોટી સરકારી કચેરીઓની બહાર અમારા પી.આઈ પીએસઆઈ કક્ષાના અધિકારીઓ કામે લાગ્યા છે. અલગ અલગ ટીમ બનાવીને માત્ર કર્મચારીઓ પાસેથી દંડ જ વસૂલવામાં આવી રહ્યો નથી, પરંતુ તેમને ટ્રાફિક નિયમનું પાલન કરવા માટેની સમજ પણ આપવામાં આવી રહી છે.

### પોલીસ ભવન ખાતે પોલીસકર્મીઓને જ દંડવાનું શરૂ

રાજ્ય પોલીસવડાની સૂચના બાદ વડોદરા શહેરની વિવિધ સરકારી કચેરીઓમાં ફરજ બજાવતા અને હેલ્મેટ પહેર્યા વગર આવતા સરકારી કર્મચારીઓ સામે વડોદરા ટ્રાફિક પોલીસે કાર્યવાહી શરૂ કરી છે. જેમાં સૌથી પહેલા ટ્રાફિક પોલીસે પોલીસ ભવન ખાતે પોલીસકર્મીઓને જ દંડવાનું શરૂ કર્યું હતું. જોકે પોલીસ ભવન ખાતે મોટાભાગના પોલીસકર્મીઓ હેલ્મેટ પહેરીને આવતા હતા. જ્યારે અમુક પોલીસકર્મીઓ હેલ્મેટ વગર પણ આવતા જોવા મળ્યા હતા.

---

# દેશને રાહ ચીંધશે સુરતનું 'BRTS મોડલ': 100 ટકા ઈલેક્ટ્રિક બસ બાદ હવે મહિલાઓ સ્ટીયરિંગ સંભાળશે

(એજન્સી) સુરત | તા. 11

દેશને રાહ ચીંધશે સુરતનું 'BRTS મોડલ'...100 ટકા ઈલેક્ટ્રિક બસ બાદ હવે મહિલાઓ બસનું સ્ટીયરિંગ સંભાળશે. દેશનો સૌથી લાંબો BRTS રૂટ 'વુમન ફોર્સ રૂટ' બનશે. અને આ પહેલને સફળ બનાવવા માટે સુરત મહાનગરપાલિકાએ જર્મનીની એક સંસ્થા(GIZ)ની સાથે MOU કર્યું છે, જે આ યોજનાના અમલમાં માર્ગદર્શન આપશે.

આ યોજના મુખ્યત્વે BRTS રૂટ પર મહિલાઓની ભાગીદારી વધારવા માટે છે. આ અંતર્ગત, સુરત મહાનગરપાલિકા મહિલાઓને તાલીમ આપવાથી લઈને ડ્રાઈવિંગ લાઈસન્સ અપાવવાની આખી જવાબદારી ઉઠાવશે. આ પગલાથી મહિલાઓ માટે રોજગારના નવા અવસરો સર્જાશે અને સુરતના જાહેર પરિવહનમાં તેમનું યોગદાન વધુ મજબૂત બનશે. ગુજરાતમાં પ્રથમવાર એવું બનશે કે BRTS રૂટમાં મહિલાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે કોઈ મહાનગરપાલિકા મહિલાઓને ટ્રેનિંગ આપશે અને તેમને BRTS રૂટમાં રોજગાર આપવા માટે તમામ પ્રકારની તક આપશે. જર્મનીની જર્મન ટેક્નિકલ સહયોગ સંસ્થા (GIZ) મહિલાઓને ટ્રેનિંગ આપવા માટે સુરત મહાનગરપાલિકાની મદદ કરશે. BRTS રૂટને "વુમન ફોર્સ" બનાવવાની તૈયારી સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી રહી છે. ડ્રાઈવર, કંડક્ટર સહિત મહિલા સ્ટાફની મોટી સંખ્યામાં ભરતી કરવામાં આવશે, જેમાં માત્ર મહિલાઓનો સમાવેશ કરાશે. બાકી તમામ જરૂરી વ્યવસ્થા સુરત મહાનગરપાલિકા કરશે.

સુરત શહેરમાં દેશનો સૌથી લાંબો BRTS કોરિડોર છે, જે 108 કિલોમીટર લાંબો છે. સુરત શહેરે સમગ્ર દેશમાં લીડ લીધી છે, કારણ કે અહીંની BRTS બસો સંપૂર્ણ રીતે ઈલેક્ટ્રિક બની ગઈ છે. હાલ 450 જેટલી ઈલેક્ટ્રિક બસો સક્રિય છે. આ માટે વિશાળ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવામાં આવ્યું છે, જેમાં ડેપો, રિપેર અને મેન્ટેનન્સ માટેની વ્યવસ્થા, ઈલેક્ટ્રિક બસોને ચાર્જિંગ કરવાની સુવિધા, અને ડ્રાઈવર-કંડક્ટરને તાલીમ આપવામાં આવે છે.

સુરત મ્યુનિસિપલ કમિશનર શાલિની અગ્રવાલે જણાવ્યું હતું કે, ભારત સરકાર, ગુજરાત સરકાર, જર્મનીની સંસ્થા અને સુરત મહાનગરપાલિકા વચ્ચે એક એમઓયુ કરવામાં આવ્યો છે. આજે BRTS બસોમાં મહિલા ડ્રાઈવર, મહિલા કંડક્ટર અને મહિલા વર્કફોર્સને સમાવવામાં આવશે. BRTS કોરિડોર એક સેફ અને સિક્યોર કોરિડોર છે, જ્યાં સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. તમામ બસોમાં GPS સિસ્ટમ કાર્યરત છે. સુરત શહેરમાં ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ (ICCC) છે, જ્યાંથી તમામ BRTS રૂટનું મોનિટરિંગ લાઈવ ફીડ દ્વારા કરવામાં આવે છે.

---

## સદગુરુ મહિલા કોલેજમાં હોમ સાયન્સ કોર્સ બંધ કરવા અરજી થતા 88 વિદ્યાર્થિનીઓનુ નારેબાજી સાથે વિરોધ પ્રદર્શન

# 'હમારી માંગે પૂરી કરો, હોમ સાયન્સ ચાલુ રખો'

(એજન્સી) રાજકોટ | તા. 11

રાજકોટના ચૌધરી હાઈસ્કૂલ ચોક પાસે આવેલી સદગુરુ મહિલા ગ્રાન્ટેડ કોલેજમાં B.Sc. હોમ સાયન્સ કોર્સ બંધ કરવા માટેની રાજકોટ કેળવણી મંડળ ટ્રસ્ટ દ્વારા ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણ કમિશનર અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પત્ર દ્વારા અરજી કરવામાં આવતા ઉહાપોહ મચી ગયો છે. અહીં ત્રણેય વર્ષમાં અભ્યાસ કરતી 88 વિદ્યાર્થિનીઓ દ્વારા કોલેજ કેમ્પસમાં નારેબાજી કરવામાં આવી હતી. હમારી માંગે પૂરી કરો, હોમ સાયન્સ ચાલુ રખો જેવા નારા લગાવી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં કૉલેજના હોમ સાયન્સ વિભાગનાં હેડ અંજુબેન ચૌહાણ સહિતના 6 કાયમી અધ્યાપકો પણ વિરોધમાં જોડાયાં હતા. રાજકોટની સદગુરુ મહિલા કોલેજમાં હોમ સાયન્સમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની ખુશી



મકવાણાએ જણાવ્યું હતું કે, હાલ આ કોલેજમાં હોમ સાયન્સનો કોર્સ બંધ કરવા માટેની વાત ચાલી રહી છે. જેનું કારણ એ છે કે તેઓને અહીં MBAનો સેલ્ફ ફાઈનાન્સ કોર્સ શરૂ કરવો છે. નવો કોર્સ ચાલુ કરવામાં આવે તેની સામે કોઈ જ વાંધો નથી, પરંતુ હોમ સાયન્સનો ગ્રાન્ટેડ કોર્સ ચાલે છે તે બંધ કરીને નવો કોર્સ શરૂ ન કરવો જોઈએ. હાલ ગુજરાતમાં હોમ સાયન્સ કોર્સની વેલ્યુ ઓછી હશે, પરંતુ ગુજરાત બહાર અને ભારત બહાર વિદેશમાં હોમ સાયન્સ કોર્સની ખૂબ જ વેલ્યુ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, ગુજરાત બહાર તો બોયઝ પણ હોમ સાયન્સમાં એડમિશન માટે સીટ માગી રહ્યા છે. તેવા સમયે હોમ સાયન્સનો કોર્સ બંધ કરવો તે યોગ્ય નથી. વિદ્યાર્થીઓને આ કોર્સ અંગે જાગૃતતા આવે અને તેનું જ્ઞાન મળે તે ખૂબ જ જરૂરી છે. અમે જે ભણીએ છીએ તે પ્રકારે હોમ સાયન્સનો કોર્સ નવી પેઢી પણ ભણે તેવું અમે ઈચ્છીએ છીએ. હોમ સાયન્સમાં માત્ર કુકિંગ કઈ રીતે કરવું તે જ વસ્તુ આવતી નથી. આ કોર્સથી તમે સેલ્ફ ડેવલપમેન્ટ કઈ રીતે કરી શકો, રોજગાર કઈ રીતે મેળવી શકો અને અન્ય લોકોને પણ કઈ રીતે રોજગારી આપી શકો તે શીખવવામાં આવે છે. જેથી અમારી રિક્વેસ્ટ છે કે પ્લીઝ હોમ સાયન્સ કોર્સ બંધ ન કરો.

---

## એક જ મકાનમાં રહેતા બે પરપ્રાંતીય શખ્સો હત્યા કરી ફરાર; એકનું ઘટનાસ્થળે અને બીજાનું હોસ્પિટલમાં મોત...

# છેડતીની શંકાએ સગા ભાઈઓને રહેંસી નાખ્યા

(એજન્સી) રાજકોટ | તા. 11

રાજકોટમાં સોમવાર(10 ફેબ્રુઆરી)ની રાત્રિએ ડબલ મર્ડરની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી હતી. આર્યનગરમાં એક જ મકાનમાં બે પરપ્રાંતીય શખ્સોએ છેડતીની શંકાએ બે સગાભાઈઓને આડેધડ છરીના ઘા ઝીંકી રહેંસી નાખ્યા હતા. જેમાં નાના ભાઈનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે મોટાભાઈને ગંભીર હાલતમાં સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. જો કે, ટૂંકી સારવાર બાદ તેનું પણ મૃત્યુ નીપજતાં બનાવ બેવડી હત્યામાં પલટાયો હતો. પોલીસે મૃતક યુવકની પત્નીની ફરિયાદના આધારે તપાસ હાથ ધરી છે.



શહેરના સંત કબીર રોડ ઉપર રહેતા પરપ્રાંતીય અમિત જૈન અને વિક્કી જૈન નામના બંને ભાઈઓ પર સોમવારની રાત્રે તેમની સાથે એક જ ઘરમાં નીચેના માળે રહેતા શખ્સો દ્વારા છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. જેમાં બન્ને યુવાનને પેટ અને શરીરના અન્ય ભાગો ઉપર છરીના ઘા મારવામાં આવ્યા હતા. જેને કારણે એક ભાઈ તો લોહીલુહાણ હાલતમાં ત્યાં જ ઢળી પડ્યો હતો તો અન્ય ભાઈને ગંભીર હાલતમાં 108માં હોસ્પિટલ લઈ જવાયો હતો. જોકે સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન બીજા ભાઈનું પણ મૃત્યુ નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં ક્રાઈમ બ્રાંચના પીઆઈ ગોંડલિયા અને પીઆઈ ડામોર સહિતની ટીમ સ્થળ પર પહોંચી હતી.

### બંને ભાઈઓ લોહિયાળ હાલતમાં રસ્તા પર આવીને પટકાયા

**બંને ભાઈઓ લોહિયાળ હાલતમાં રસ્તા પર આવીને પટકાયા** : શહેરના સંત કબીર રોડ નજીકના આર્યનગર 6માં ભાડાના મકાનમાં રહેતા બે પરિવાર વચ્ચે સોમવારે રાત્રિના દસેક વાગ્યે બબાલ થઈ ગઈ હતી, છોટુશંકર ગુપ્તા અને વિજય ગુપ્તા નામના શખ્સોએ અમિત રાજુભાઈ જૈન (ઉ.વ.29) અને તેના નાનાભાઈ વિકી રાજુભાઈ જૈન (ઉ.વ.25)ને છરીના ઘા ઝીંકી દીધા હતા, છરીના આડેધડ ઘા ઝીંકાતા બંને ભાઈઓ લોહિયાળ હાલતમાં ઘર નજીક રસ્તા પર આવીને પટકાયા હતા અને ઘટનાને પગલે વિસ્તારના લોકો એકઠા થઈ ગયા હતા.

જાગૃત નાગરિકે તાત્કાલિક 108ને જાણ કરતા 108ની ટીમ સ્થળ પર પહોંચી હતી અને અમિત તથા વિકીને સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા, જેમાં વિકી જૈનનું મોત નીપજ્યું હતું, જ્યારે અમિતને તાત્કાલિક ઓપરેશન થિયેટરમાં ખસેડવામાં આવ્યો હતો, જો કે, મેડિકલ ટીમની સારવાર કારગત નીવડી ન હતી અને તેનું પણ મૃત્યુ નીપજ્યું હતું. પોલીસે મૃતક અમિત જૈનનાં પત્ની અમીનાબેનની બી-ડિવિઝન પોલીસમાં નોંધાવેલી ફરિયાદ પરથી તપાસ શરૂ કરી હતી.

---

# વિદ્યાર્થિનીના પિતાએ યુવકને 4 સેકન્ડમાં છરીના 5 ઘા ઝીંક્યા

(એજન્સી) ભાવનગર | તા. 11

ભાવનગર શહેરના સીદસર રોડ સ્થિત OAJ એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. મોબાઈલ પર વાતચીત કરવાની સામાન્ય બાબતે વિદ્યાર્થિની નિતિકા રાછના પિતા જગદીપ રાછે 18 વર્ષીય વિદ્યાર્થી કાર્તિક નાગોથા પર શિક્ષકોની હાજરીમાં છરીથી હુમલો કર્યો હતો. બાજુમાં બેસાડીને વિદ્યાર્થિનીના પિતાએ કમરમાં રાખેલી છરી કાઢીને 4 સેકન્ડમાં છરીના 5 ઘા ઝીંકી દીધા હતા.

મહુવાના વીટીનગર રોડ નિવાસી હાર્દિક નાગોથા (ઓળખ છુપાવવા નામ બદલ્યું છે) ઓઝ ઈન્સ્ટિટ્યૂટમાં રી-નિટની તૈયારી કરી રહ્યો હતો અને હોસ્ટેલમાં રહેતો હતો. તેની સાથે અભ્યાસ કરતી નિતિકા (ઓળખ છુપાવવા નામ બદલ્યું છે) સાથે મોબાઈલ પર વાતચીત કરતો હતો. આ વાતની જાણ નિતિકાના પિતાને થતાં તેમણે હાર્દિકના પિતાને ફોન કરી ઈન્સ્ટિટ્યૂટમાં મળવા બોલાવ્યા હતા. જગદીપ રાછ તેમની પુત્રીને લઈને સંસ્થામાં પહોંચ્યા હતા અને શિક્ષકોની હાજરીમાં કાર્તિકને પૂછપરછ કરી રહ્યા હતા. શિક્ષકો બંને પક્ષને સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા, ત્યારે અચાનક ઉશ્કેરાયેલા જગદીપે હાર્દિક પર છરીથી ઉપરાછાપરી ઘા ઝીંક્યા હતા.

---

# વાંકાનેર બાઉન્ડ્રી પાસેથી દેશી રિવોલ્વર સાથે શખ્સ ઝડપાયો

(એજન્સી) મોરબી | તા. 11

મોરબી જિલ્લા એસ.ઓ.જી. પોલીસે વાંકાનેર બાઉન્ડ્રી વિસ્તારમાંથી ગેરકાયદેસર હથિયાર સાથે એક શખ્સને ઝડપી પાડ્યો છે. ચોટીલા-રાજકોટ નેશનલ હાઈવે પર વાંકાનેર બાઉન્ડ્રીના પુલ નીચેથી પોલીસે અરવિંદસિંહ ઉર્ફે એડો ઉર્ફે એડી મહિપતસિંહ ગોહિલ (ઉ.33)ની ધરપકડ કરી છે.



પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે કરવામાં આવેલી રેડ દરમિયાન આરોપી પાસેથી રૂ. 5000ની કિંમતની દેશી બનાવટની રિવોલ્વર મળી આવી હતી. આરોપી વાંકાનેરના નવા ઢુવા પેટ્રોલપંપની સામે રહે છે અને મૂળ ભાવનગર જિલ્લાના ભડલી ગામનો વતની છે. વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ હવે આ હથિયાર આરોપીએ ક્યાંથી મેળવ્યું અને શા માટે રાખ્યું હતું તે દિશામાં તપાસ કરી રહી છે.

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પાર્ટીના મેન્ડેટ વિરૂદ્ધ જઈ અપક્ષ ઉમેદવારી કરનારા 15 તથા બળવાખોરોને મદદ કરનારા સહિત 33 ને પ્રાથમિક અને સક્રીય સભ્ય પદેથી દૂર કરાયાં

# ખેડા જિલ્લામાં ભાજપ વિરૂદ્ધ બળવો કરનારા 33 સભ્યો સસ્પેન્ડ

(એજન્સી) નડિયાદ | તા 11

ખેડા જિલ્લાની પાંચ પાલિકા અને બે તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તથા કપડવંજ પાલિકાના બે વોર્ડ અને મહેમદાવાદ તાલુકા પંચાયતની બે બેઠકોની પેટા ચૂંટણી માટે આગામી રવિવારે મતદાન યોજાશે. તેવામાં ભાજપના મેન્ડેટ વિરૂદ્ધ બળવો કરીને અપક્ષ ઉમેદવારી નોંધાવનારા ૧૫, ઉમેદવારી નોંધાવવામાં મદદ કરનારા સહિત ૩૩ કાર્યકરોને પાર્ટીના સક્રીય સભ્ય અને પ્રાથમિક સભ્ય પદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે. જેમાં સૌથી વધુ ચકલાસીમાંથી ૧૩ સભ્યોને સસ્પેન્ડ કરાયાં છે. મતદાન પૂર્વે પક્ષ દ્વારા સભ્યોને સસ્પેન્ડ કરવામાં આવતા રાજકારણ ગરમાયું છે. ખેડા જિલ્લામાં મહેમદાવાદ, મહુધા, ડાકોર, ખેડા અને ચકલાસી નગરપાલિકા, કઠલાલ અને કપડવંજ તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તથા કપડવંજ નગરપાલિકાના વોર્ડ નં.૨ અને વોર્ડ નં.૬ની કુલ બે બેઠકો ઉપરાંત મહેમદાવાદ તાલુકા પંચાયતના ૭-હલધરવાસ અને ૧૯-મોદજ-૨ બેઠક માટે પેટા ચૂંટણી યોજાનાર છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના મતદાનને હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે. તમામ પાલિકા અને તાલુકા પંચાયતની બેઠકો ઉપર ઉમેદવારોનું ચિત્ર સ્પષ્ટ થયું છે. ત્યારે ભાજપમાં મેન્ડેટ ન મળતા પાર્ટીના કાર્યકરોએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે, તો કેટલાક કાર્યકરોએ અપક્ષ ઉમેદવારી નોંધાવવામાં મદદગારી કરી છે. જ્યારે કેટલાક ઉમેદવારોને ભાજપ દ્વારા મેન્ડેટ આપવામાં આવ્યું હોવા છતાં અપક્ષ ઉમેદવારી કરી છે. જેથી ભાજપ દ્વારા બળવો કરીને અપક્ષ ઉમેદવારી નોંધાવનારા ૧૫ કાર્યકરો સહિત કુલ ૩૩ કાર્યકરોને ભાજપના પ્રાથમિક સભ્ય તથા સક્રીય સભ્ય પદેથી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. મહુધા નગરપાલિકામાં ભાજપના મેન્ડેટ આપેલા ઉમેદવાર સામે મહેશભાઈ પૂનમભાઈ પટેલ, રૂચિર મહેશભાઈ પટેલ, વિધીબેન મેહુલભાઈ પટેલ, મેહુલભાઈ મહેશભાઈ પટેલ અને જીજ્ઞોશ જયંતીભાઈ પટેલે અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. જ્યારે ખેડા પાલિકામાં ભુપેન્દ્રભાઈ ગોહેલ, કમલેશભાઈ વાઘેલા અને બીપીનભાઈ ખલાસીએ, કપડવંજ તાલુકામાં સુરેશભાઈ વાઘેલા અને જયેશભાઈ પરમાર, કઠલાલ તાલુકામાં દેવરાજભાઈ ઝાલા, તખતસિંહ ડાભી, સનાભાઈ છગનભાઈ રાઠોડ અને રામસિંહ ડાભીએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. પરિણામે બળવો કરનારા તમામ ૧૫ કાર્યકરોને સસ્પેન્ડ કરાયા છે. ઉપરાંત અપક્ષ ઉમેદવારી કરાવનારા કઠલાલના પરાગ રાઠોડ, ચકલાસીના જયેશભાઈ વાઘેલા, અજીતભાઈ વાઘેલા, સુરેશભાઈ વાઘેલા, પ્રકાશભાઈ વાઘેલા, ચિરાગસિંહ વાઘેલા, પ્રજ્ઞોશભાઈ પારેખ, શિરીષભાઈ પટેલ, પ્રવીણભાઈ વાઘેલા, રઈજીભાઈ વાઘેલા, સંગીતાબેન વાઘેલા, અમથાભાઈ જાદવ, મનોજભાઈ વાઘેલા, કમલેશભાઈ વાઘેલા, મહેમદાવાદના હેતલભાઈ મહેતા, હર્ષિદાબેન ભાવસાર, કલ્પ પટેલ, મૌલિક ડાભી અને ગીતાંજલિબેન ભટ્ટાચાર્યને ભાજપના પ્રાથમિક સભ્ય અને સક્રિય સભ્યના પદ સહિતના તમામ પદેથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

## ભાજપે મેન્ડેટ આપ્યું છતાં અપક્ષ ઉમેદવારી નોંધાવતા સસ્પેન્ડ કરાયાં

ભાજપ દ્વારા મહુધા પાલિકામાં વોર્ડ નં.પાંચ માંથી પૂર્વ પાલિકા પ્રમુખ વિધીબેન પટેલ અને પૂર્વ પાલિકા પ્રમુખ મહેશ પટેલના દીકરા રૂચિર પટેલને મેન્ડેટ જાહેર કર્યો હતો. જોકે, બંને ઉમેદવારોએ પક્ષના મેન્ડેટની અવગણના કરીને અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી. પરિણામે ભાજપે મેન્ડેટ બલદીને અન્ય કાર્યકરોના નામ જાહેર કર્યાં હતાં. પાર્ટી દ્વારા બંનેને મેન્ડેટ આપવામાં આવ્યું હતું પરંતુ બાકીની બેઠકોમાં પોતે કહે તે પ્રમાણે મેન્ડેટ આપવાની જીદ પકડી હતી. જોકે, પાર્ટી દ્વારા અન્ય બેઠકો ઉપર બીજા ઉમેદવારોને મેન્ડેટ આપવામાં આવતાં બંને ઉમેદવારોએ પાર્ટીના મેન્ડેટની વિરૂદ્ધમાં જઈને અપક્ષ ઉમેદવારી નોંધાવતા પાર્ટીએ બંનેને સસ્પેન્ડ કર્યાં હતાં.

## ખંભાત જાગનાથ મંદિર સામે દેશી દારૂનો અડ્ડો ધમધમતો હોવાનો વીડિયો વાયરલ

(એજન્સી) આણંદ | તા 11

ખંભાતમાં પોલીસની નાક નીચે ધમધમતા દેશી દારૂના અડ્ડાનો સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થયો છે. વીડિયો વાયરલ થતાં આખરે પોલીસે જાગનાથ મહાદેવ મંદિર સામે ચાલતા દેશી દારૂના અડ્ડા પર દરોડો કરી એક શખ્સને ઝડપી પાડયો હતો. નડિયાદમાં દેશી દારૂ પીધા બાદ ત્રણના મોત નિપજ્યાં છતાં ખંભાત પોલીસ બુટલેગરો પર રહેમ નજર રાખતી હોવાના આક્ષેપો ઉઠયા છે. નડિયાદમાં દેશી દારૂ પીધા બાદ ત્રણ વ્યક્તિના મોત નિપજ્યા હતા. ત્યારે ખંભાત શહેરમાં પોલીસના નાક નીચે દેશી અને વિદેશી દારૂના અડ્ડા ધમધમી રહ્યા હોવા છતાં તંત્ર મૂકપ્રેક્ષક બની હોવાના આક્ષેપો ઉઠયા છે. ખંભાતના સંવેદનશીલ ગણાતા અકબરપુરના ગેસ ગોડાઉન પાસે જાગનાથ મહાદેવ મંદિરની સામે જ બુટલેગર દેશી દારૂનું ધૂમ વેચાણ કરતો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. દેશી દારૂના કારણે યુવાધન બરબાદીના પંથે ધકેલાઈ રહ્યું છે. છતાં હપ્તાની માયાજાળમાં પોલીસના નાક નીચે દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા હોવાના આક્ષેપો ઉઠયા છે. જોકે, સોશિયલ મીડિયામાં વીડિયો વાયરલ થયા બાદ આખરે પોલીસે દેખાવ માટે જાગનાથ મહાદેવ મંદિર સામે ચાલતા દેશી દારૂના અડ્ડા પર રેડ કરી હતી અને જહાંગીરખાન ઉર્ફે રાજુ નસઉલ્લાખાન પઠાણને ઝડપી પાડયો હતો. તેમજ જહાંગીરખાન અને શૈલેષ દિનેશભાઈ પરમાર સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જિલ્લા પોલીસ વડા દ્વારા તાજેતરમાં ખંભાત પોલીસના બે કર્મચારીઓની બદલીના આદેશ કરાયા હતા. જોકે, કોઈ કારણોસર તેમની બદલી પર રોક લાગી ગઈ છે. પોલીસની રહેમ નજર હેઠળ ખંભાતમાં ઠેર ઠેર દેશી દારૂના અડ્ડા ધમધમતા હોવાથી ખંભાતમાં પણ લઠ્ઠાકાંડ સર્જાવાની શક્યતા હોવાના આક્ષેપ સ્થાનિકોએ લગાવ્યા હતા.

### નડિયાદ સિવિલ અને જિલ્લા પોલીસની કામગીરીમાં વિસંગતતા

# લોહીના રિપોર્ટના આધારે એસપીએ મૃત્યુ માટે સોડાને જવાબદાર ઠેરવી

(એજન્સી) નડિયાદ | તા 11

નડિયાદના જવાહરનગરમાં ત્રણ વ્યક્તિના એક સાથે રવિવારે રાતે મોત થયા હતા. જે ઘટનામાં મતકોના પરિવારે દેશી દારૂને જવાબદાર ઠેરવ્યો છે. ત્યારે સોમવારે વહેલી સવારે જિલ્લા પોલીસ અધિક્ષકે વિસેરાના રિપોર્ટની રાહ જોયા વગર જ ઉતાવળે મૃતકોના લોહીના સેમ્પલના રિપોર્ટમાં મિથેનોલનું પ્રમાણ ન હોવાની સ્પષ્ટતા કરી અને સોડાના કારણે મૃત્યુ થયાનું રટણ શરૂ કર્યું છે. જ્યારે મૃત્યુનું ચોક્કસ કારણ રિપોર્ટ આવ્યા બાદ જણાશે તેવું સિવિલ પ્રશાસનના સીડીએમઓ કહી રહ્યા છે. જેથી પોલીસ અને સિવિલ પ્રશાસનની કામગીરીમાં વિસંગતતા જોવા મળી છે. ટાઉન પોલીસે ૨૪ કલાક બાદ પણ ફરિયાદ નોંધી નથી કે કોઈ આરોપીની ધરપકડ પણ કરી નથી. નડિયાદ જવાહરનગર વિસ્તારમાં દેશી દારૂ પીધા બાદ ત્રણ વ્યક્તિના મોત થયા હતા. થઈ ગયું હતું. રવિવારની મોડી રાતે ૯થી ૧૦ વાગ્યાના અરસામાં થયેલા આ લઠ્ઠાકાંડને સોમવારે વહેલી સવારે ૧૦ વાગ્યાના અરસામાં જ જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયા દ્વારા ઉતાવળે આખી ઘટનાને સોડાકાંડમાં ખપાવી દેવાનો પ્રયાસ કરાયો. તેમજ જિલ્લા પોલીસ



વડાએ આ મૃત્યુ પાછળ જીરા સોડાની એક જ બોટલમાંથી ત્રણેય મૃતકોએ સોડા પીધા બાદ મૃત્યુ થયુ હોવાનું જણાવ્યું હતું. આ સ્પષ્ટતા કરતી વખતે એસપી દ્વારા મૃતકોના લોહીના રિપોર્ટનો આધાર લેવાયો હતો. જો કે, વિસેરાના રિપોર્ટ આવ્યા બાદ ચોક્કસ કારણ જાણવા મળે તેમ છે. બીજીતરફ નડિયાદ સિવિલ હોસ્પિટલના સીડીએમઓ ડા. કવિતા શાહે જણાવ્યું છે કે, પેનલ પી.એમ. કરાયું છે. વિસેરાના સેમ્પલો લઈ લેવાયા છે અને તેને રિપોર્ટ માટે મોકલી આપવામાં આવ્યા છે. એટલે રિપોર્ટ આવ્યા બાદ જ મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાય તેમ છે.

એકતરફ એસપીના જણાવ્યા મુજબ લોહીમાં દેશી દારૂનું પ્રણામ મળ્યું નથી, જો કે, સામા પક્ષે મૃતકોના પરીવારે દેશી દારૂ પીવાથી જ મૃત્યુ થયું હોવાનું વારંવાર જણાવી રહ્યા છે.ત્યારે એકતરફ એસ.પી. આખી ઘટનામાં સોડાના કારણે મૃત્યુ થયાનું જણાવી રહ્યા છે, ત્યાં સિવિલ સત્તાધિકારીઓ દ્વારા મૃત્યુના કારણ માટે રિપોર્ટની રાહ જોવા માટે જણાવાઈ રહ્યું છે. ત્યારે બંને વિભાગોની કામગીરી વચ્ચે આટલી બધી વિસંગતતા કેવી રીતે? તે અંગે તરેહ તરેહના પ્રશ્નો ઉભા થયા છે. આ તરફ ટાઉન પોલીસે ૩ના મોતના ૨૪ કલાક બાદ પણ કોઈ ફરિયાદ નોંધી નથી અને કોઈ પણ આરોપીની સત્તાવાર રીતે ધરપકડ કરી નથી. ૩ના મૃત્યુ વચ્ચે પોલીસે સોડાને જવાબદાર ઠેરવી છે. ત્યારે સ્થળ પરથી સોડાની ખાલી બોટલો જપ્ત કરી હોવાનું પોલીસ પ્રશાસને જણાવ્યું છે, પરંતુ સોડાનું એકપણ સેમ્પલ હજુ સુધી લેવાયું નથી.ઉલ્લેખનીય છે કે, નડિયાદમાં છેલ્લા ૨૩ વર્ષથી એક જ જગ્યાએ ચોંટી રહેલો એએસઆઈ ગેરકાયદે વહિવટો સાથે સંકળાઈ અને પોલીસ ખાતા માટે મોટી ઉઘરાણી કરતો હોવાથી તેની બદલી ન થતી હોવાની ચર્ચાઓ છે.

## ઠગ હીરા કારખાનેદારે પાલિતાણાના 3 વેપારીઓને પણ રૂ. 43.29 લાખનો ચૂનો લગાવ્યો

(એજન્સી) ભાવનગર | તા 11

ભાવનગરમાં હીરાના વેપારીઓ સાથે રૂ. ૬૨.૭૮ લાખના હીરા મેળવી છેતરપિંડી અને વિશ્વાસઘાત કરનાર હીરા કારખાનેદાર સામે દિન-પ્રતિદિન કાયદાનો ગાળિયો વધુને વધુ મજબૂત બની રહ્યો છે. ઠગાઈની બે અલગ-અલગ પોલીસ ફરિયાદમાં પોલીસના હાથે ઝડપાયેલાં હીરા કારખાનેદારે પાલીતાણાના હીરાના ત્રણ વેપારીઓએ પાસેથી પણ રૂ.૪૨.૨૯ લાખની ઠગાઈ આચર્યાનું ખુલ્યું હતું. કારખાનેદાર વિરૂદ્ધ આજે વધુ એક પોલીસ ફરિયાદ નિમલબાગ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. ભાવનગર શહેર અને જિલ્લાના હીરા બજારમાં ચકચાર મચાવતાં બનાવની વિગત એવી છે કે, ભાવનગર શહેરમાં હીરાનું કારખાનું ધરાવતા અને હીરાની લે વેચનું કામ કરતા રમેશ ઉર્ફે આર.વી. પટેલ વલ્લભભાઈ વૈષ્ણવ ( રહે. મૂળ સુર્યાપરા, તા.જિ.જામનગર, હાલ રહે. ફ્લેટ નં.૧૦૧ શિવશક્તિ રેસીડેન્સી, શાંતિનગર, પટેલ હોન્ડા શોરૂમની પાછળ, ચિત્રા,ભાવનગર ) એ સ્થાનિક હીરા બજારમાં હીરાનું કારખાનું ચલાવી તેમજ હીરાની લે વેચ કરી હીરા બજારમાં શાખ મેળવી હતી. રમેશ ઉર્ફે આર.વી. પટેલે ભાવનગરમાં હીરાના ત્રણ વેપારીઓ પાસેથી અલગ અલગ સમયે રૂ.૬૨,૭૮,૩૩૩ ના હીરા વેચાણ માટે લીધા બાદ પોતાનું હીરાનું કારખાનું ઓફિસ અને ઘર બંધ કરી ફરાર થઈ જતા તેની વિરૂદ્ધ નિલમબાગ પોલીસ મથક અને બોરતળાવ પોલીસ મથકમાં છેતરપિંડી અને વિશ્વાસઘાતની કલમ તળે અલગ અલગ બે પોલીસ ફરિયાદ થઈ હતી. હીરા બજારમાં વેપારીઓ સાથે છેતરપિંડીની ઘટનાને ગંભીરતાથી લઈને એલસીબી પોલીસે સઘન તપાસ હાથ ધરી ઠગબાજ કારખાનેદાર રમેશ ઉર્ફે આર.વી. પટેલ વલ્લભભાઈ વૈષ્ણવની ધરપકડ કરી રૂ.૫૫.૫૫ લાખના હીરા, કાર તેમજ મોબાઈલ મળી કુલ રૂ.૫૮,૮૫,૭૫૭ નો મુદ્દામાલ રિકવર કર્યો હતો.

### મહિલાને પ્રેમ સંબંધ રાખવા યુવક હેરાન કરતો હોવાથી હત્યા કર્યાની દંપતીની કબૂલાત

# વહેરાખાડી ગામે માથામાં બોથડ પદાર્થના ઘા ઝીંકી યુવકની હત્યા

(એજન્સી) આણંદ | તા 11

આણંદના વહેરાખાડી ગામે ઠાકોરિયા સીમમાં તબેલામાં ભેંસો દોહવા ગયેલા યુવકના માથામાં બોથડ પદાર્થના ઘા ઝીંકીને દંપતી સહિત ત્રણ શખ્સોએ હત્યા કરી હતી. મૃતક મહિલાને પ્રેમ સંબંધ રાખવા બાબતે હેરાન કરતો હોવાથી દંપતીએ હત્યા કરી હોવાનું કબૂલ્યું હતું. પોલીસે બંનેની ધરપકડ કરી, હત્યામાં ઉપયોગમાં લીધેલા હથિયારો જપ્ત કરી, ત્રીજા શખ્સને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે. વહેરાખાડી ગામે દિવાન વગામાં રહેતા સાજીદશા છોટુશા દિવાન અને તેમના ચાર ભાઈઓનું ઠાકોરિયા સીમમાં ખેતર આવેલું છે. જેમાં પાંચેય ભાઈઓએ ભેંસોનો તબેલો બનાવ્યો છે. તેવામાં સાજીદશાના નાના ભાઈ નબીશા દિવાન (ઉં.વ.૩૮) રવિવારે સાંજે તબેલા ઉપર ભેંસો દોહવા ગયા હતા. મોડી સાંજ સુધી તે પરત ન આવતા સાજીદશા તબેલા ખાતે ગયા હતા. જ્યાં એક ઓરડીમાં દીવાલ નજીક ઊંધો પડેલા હાલતમાં નબીશા મળ્યો હતો. તેનું માથું છુંદાઈ ગયેલું હતું અને કોઈ શખ્સે માથામાં બોથડ પદાર્થના ઘા માર્યા હોવાનું અને ડાબા હાથનું કાંડુ પણ કપાઈ ગયેલી હાલતમાં જોવા મળ્યું હતું. જેથી સાજીદશાએ પોલીસને જાણ કરતા ખંભળોજ પોલીસની ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને લાશનો કબજો મેળવી સારસા સરકારી હોસ્પિટલમાં પીએમ માટે મોકલ્યો હતો. બનાવને પગલે આણંદ એલસીબી સહિતનો પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. પોલીસે હત્યાનો ગુનો નોંધી એફએસએલ અને ડોગ સ્ક્વોડની મદદ લઈ ઘટનાસ્થળે તપાસ હાથ ધરી હતી. દરમિયાન બનાવસ્થળની બાજૂમાં રહેતાં દંપતી જયદીપ ઉર્ફે જગો રમણભાઈ ઠાકોર (ઉં.વ.૩૬) અને ભાવનાબેન જયદીપ ઠાકોર (ઉં.વ.૩૨) ની સંડોવણી હોવાનું ખૂલ્યું હતું. પોલીસે બંને શકમંદોની અટકાયત કરીને પૂછપરછ કરતાં, નબીશા છેલ્લા કેટલાક સમયથી ભાવનાબેનને પ્રેમ સંબંધ રાખવા માટે હેરાન-પરેશાન કરતો હોવાથી દંપતી સહિત ત્રણ વ્યક્તિએ નબીશાને પાવડો, કુહાડીના ઘા ઝીંકી હત્યા કરી હતી. પોલીસે દંપતીની ધરપકડ કરી હત્યામાં ઉપયોગમાં લેવાયેલા હથિયારો જપ્ત કરી અન્ય શખ્સને ઝડપી પાડવા તપાસ હાથ ધરી છે.



### ઉનાળાનાં વીજલૉડને પહોંચી વળવા તંત્ર સજ્જ : 376 ટ્રાન્સફોર્મર બદલ્યા

ભાવનગર | આગામી ઉનાળાના દિવસોમાં ગરમીના કારણે વીજ વપરાશ વધવાથી વીજલૉડ વધશે અને તેના કારણે ટ્રિપિંગ, ટ્રાન્સફોર્મર બળી જવાથી વીજ પુરવઠો ખોરવાવાના બનાવો વધવાની સંભાવનાને જોતા પીજીવીસીએલ દ્વારા ભાવનગર શહેર અને જિલ્લામાં વીજ ટ્રાન્સફોર્મર બદલાવવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ભાવનગર શહેર અને જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૩૭૬ ટ્રાન્સફોર્મર બદલાવવામાં આવ્યા છે. સામાન્ય દિવસોની સરખામણીએ ઉનાળાના દિવસોમાં વીજ વપરાશ સૌથી વધારે રહેતો હોવાથી વીજ ટ્રાન્સફાર્મર પર લૉડ વધે છે અને તેના કારણે ટ્રિપિંગ થવાથી કે ટ્રાન્સફોર્મર બળી જવાથી વિજ પુરવઠો ખોરવાયાના બનાવો બને છે.

## સગીરાની આબરૂ લેવાની કોશિશ કરનારા આરોપીને 3 વર્ષની કેદ

(એજન્સી) આણંદ | તા 11

કઠલાલ તાલુકાની સગીરા નાની બહેન સાથે સ્કૂલે જતી હતી ત્યારે ફાગવેલ તાબે રાયણના મુવાડાના પરિણીત યુવકે આબરૂ લેવાનો પ્રયાસ કર્યો હતો. જે અંગેનો કેસ ચાલી જતા કપડવંજ સ્પેશિયલ પોક્સો કોર્ટના જજે આરોપીને ૩ વર્ષની કેદ અને ૧૦ હજારનો દંડ ફટકાર્યો છે. દંડની રકમ ભોગબનનારી સગીરાને વળતર પેટે ચૂકવવાનો પણ આદેશ કર્યો છે.

કઠલાલ તાલુકાના ફરિયાદનીની ૧૬ વર્ષ ૬ માસ ૨૩ દિવસની સગીર દીકરી નાની બહેન સાથે તા. ૮/૧૨/૨૦૨૧ના રોજ પગપાળા સ્કૂલેથી ઘરે જતી હતી. ત્યારે ફાગવેલ તાબે રાયણના મુવાડાના પરિણીત યુવાન અશ્વિન રોહિતભાઈ રાઠોડ (ઉં.વ. ૨૪)એ ત્યાં આવી આબરૂ લેવાના ઈરાદે તેણીને પકડી અઘટીત માંગણી કરી હતી. બુમો પાડીશ તો બદનામ કરી નાખીશ, જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી સગીરાની આબરૂ લેવાનો પ્રયાસ કરી ગુનો કર્યાની ફરિયાદ કઠલાલ પોલીસ મથકે સગીરાના પિતાએ નોંધાવી હતી. બાદમાં આરોપીને ઝડપી પાડી ચાર્જશીટ દાખલ કરાઈ હતી. જે કેસ કપડવંજ સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી ગયો હતો.

જેમાં પાંચથી વધુ દસ્તાવેજી પુરાવા મૌખિક પુરાવા સાથે સરકારી વકિલની દલીલો ધ્યાને રાખી કપડવંજ સેશન્સ કોર્ટના સ્પે. જજ કે.એસ. પટેલે આજે આરોપી અશ્વિન રોહિતભાઈ રાઠોડ (રહે. રાયણના મુવાડા, તાબે. ફાગવેલ, તા. કઠલાલ)ને તકસીરવાર ઠેરવી ૩ વર્ષની કેદ તથા રૂા. ૧૦ હજારનો દંડ ફટકારવા હુકમ કર્યો છે. જો આરોપી દંડની રકમ ન ભરે તો વધુ ત્રણ માસની સાદી કેદની સજા ભોગવવાનો આદેશ ફરમાવ્યો છે. આરોપી દંડની રકમ ભરે તો તે ભોગબનનારને વળતર તરીકે ચૂકવી આપવાનું પણ જણાવ્યું છે.

### સિંહુજ લક્ષ્મીપુરા સીમમાંથી 9.92 લાખનો દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ


નડિયાદ : મહેમદાવાદ તાલુકાના સિંહુજ તાબેના લક્ષ્મીપુરા સીમમાં ટ્રકમાં પ્લાસ્ટિકના ખાલી કેરેટ નીચે ચોર ખાનામાં સંતાડેલી રૂા. ૯.૯૨ લાખના દારૂની ૮,૩૪૦ બોટલો ખેડા એલસીબીએ ઝડપી હતી. નવાઈની વાત એ હતી કે, દારૂ ઉતારનાર કે ટ્રક ચાલક નહીં ઝડપાતા પોલીસની કામગીરી સામે સવાલો ઉઠી રહ્યા છે. એલસીબી ખેડા પોલીસ રવિવારે રાત્રે પેટ્રોલિંગમાં હતી. દરમિયાન અમદાવાદમાં રહેતો પ્રદીપ જગદીશભાઈ રાજપુત બહારથી વિદેશી દારૂ મંગાવી સિંહુજ તાબે લક્ષ્મીપુરાના કિસન ફતેસિંહ ચૌહાણ સાથે મળી દારૂની હેરાફેરી વેચાણ કરતા હતા. જેથી લક્ષ્મીપુરા સીમમાં આવેલા નીલગીરીના ખેતરમાં બોરકુવાની ઓરડીમાં ટ્રકમાંથી વિદેશી દારૂ ઉતારવામાં આવી રહ્યો હતો. જ્યાં પોલીસે રેડ પાડતા બોરકુવાની આગળ ઊભેલી ટ્રકની તલાસી લેતા પ્લાસ્ટિકના ખાલી કેરેટ નીચે ગુપ્ત ખાનામાં સંતાડેલા વિદેશી દારૂના બોક્સ નંગ ૨૭૩માં બોટલ તેમજ ટીન નંગ ૮,૩૪૦ કિંમત રૂ.૯,૯૧,૭૪૦નો જથ્થો મળી આવ્યો હતો. જેથી પોલીસે વિદેશી દારૂ, પ્લાસ્ટિકના કેરેટ નં.૪૪૨ કિંમત રૂ.૨૨,૧૦૦ તથા ટ્રક કિંમત રૂ.૧૦ લાખની મળી કુલ રૂ.૨૦,૧૩,૮૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ બનાવ અંગે એલસીબી ખેડાની ફરિયાદ આધારે મહેમદાવાદ પોલીસે પ્રદીપ જગદીશભાઈ રાજપુત, કિશન ફતેસિંહ ચૌહાણ, દારૂ મોકલનાર તેમજ ટ્રક ચાલક સામે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

## લઠ્ઠાકાંડને સોડાકાંડમાં ખપાવવા પોલીસના હવાતિયા

(એજન્સી) નડિયાદ | તા 11

નડિયાદ ટાઉન પોલીસની હદમાં રવિવારે રાતે જવાહરનગર વિસ્તારમાં બુટલેગરના ત્યાંથી દેશી દારૂ પીધા બાદ ત્રણ વ્યક્તિઓ મૃત્યુ પામ્યા હતા. દારૂ પીધા બાદ મૃત્યુ થયું હોવાનું મૃતકોના પરિવારજનોએ ખૂદ વારંવાર જણાવ્યું હતું. ત્યારે સોમવારે સવારે જિલ્લા પોલીસ અધિક્ષકે લઠ્ઠાકાંડ નહીં પરંતુ સોડા પીવાના કારણે મૃત્યુ થયું હોવાની વિગતો રજૂ કરી છે. ત્યારે સમગ્ર ઘટનાને લઠ્ઠાકાંડમાંથી સોડાકાંડ તરફ લઈ જવાના પોલીસ તંત્ર પ્રયાસ કરતું હોવાનું લાગી રહ્યું છે. નડિયાદના જવાહરનગર વિસ્તારમાં દેશી દારૂની હાટડીઓ ખુલ્લેઆમ ધમધમી રહી છે. આ વચ્ચે દેશી દારૂના બંધાણી બનેલા કનુભાઈ ચૌહાણ, યોગેશ કુશવાહા અને રવિન્દ્ર રાઠોડનું ગતરોજ શંકાસ્પદ મૃત્યુ થયું અને આ મૃતકોના પરિવાર દ્વારા દેશી દારૂ પીધા બાદ મૃત્યુ થયાનો આક્ષેપ કર્યો હતો. એટલુ જ નહીં, મૃતકો જ્યાં લથડિયા ખાઈને પડયાં ત્યાં ૨૦ મીટરના અંતરે જ દેશી દારૂનો અડ્ડો છે. મૃતકોના પરીજનોના જણાવ્યા મુજબ આ જ અડ્ડા પર તેઓ દારૂ પીતા હતા અને ગતરોજ અચાનક તેઓ નજીકમાં લથડી પડયા અને બાદમાં મૃત્યુ થયું છે. જેથી શહેરભરમાં લઠ્ઠાકાંડ ગુંજી ઉઠયો હતો. આજે આ મામલે જિલ્લા પોલીસ અધિક્ષક રાજેશ ગઢિયાએ જણાવ્યું છે કે, ત્રણેય ઈસમોએ જીરા સોડાની એક બોટલમાંથી પ્રવાહી પીધા બાદ ત્રણેય લોકો એક બાદ એક પાંચથી સાત મિનિટના અરસામાં લથડિયા ખાવા લાગ્યા અને ઢળી પડયા. જ્યાં તેમને હોસ્પિટલ લઈ જવાયા અને તેમને મૃત જાહેર કરાયા હતા. સોડા પીધા બાદ માત્ર પાંચેક મિનિટમાં આ પ્રકારનું રિએક્શન આવવું તે અંગે ઝેરી દ્રવ્ય અંદર ભેળવ્યું હોય તેવી આશંકાઓ પોલીસ વડાએ વ્યક્ત કરી છે. આ દિશામાં પોલીસ તપાસ કરી રહી હોવાનું પણ જણાવ્યું છે. એક જ બોટલમાંથી ૩ લોકોએ પીણુ પીધુ અને તેમનું મોત થયું, તે અનેક શંકાઓ જન્માવે છે. હાલ એફએસએલની ટીમ દ્વારા પણ તપાસ શરૂ કરાઈ છે. પોલીસની આ સોડા થિયરી અંગે અનેક પ્રશ્નાર્થ પણ ઉઠયા છે.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)**
તમારો પરિવાર તમારી પાસેથી ઘણી અપેક્ષાઓ રાખશે એ બાબત તમને ચીડવી મુકશે. નાણાકીય જીવન માં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો। મિત્રો અને અપિચિતોથી એકસરખા ચેતતા રહેજો.

**વૃષભ (બ,વ,ઉ)**
ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. તમારા ઘરનું દ્દશ્ય કેટલીક હદે અણધાર્યું રહેશે. કોઈ પિકનિક સ્પૉટની મુલાકાત લઈ તમે તમારૂં પ્રેમ જીવન ઝળકાવી શકો છો.

**મિથુન (ક,છ,ઘ)**
લાંબી મુસાફરી ટાળજો કેમ કે મુસાફરી માટે તમે ખૂબ નબળા છો. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું બહેન જેવો પ્રેમ તમારો ઉત્સાહ વધારશે. પણ તમારે નાની ચણભણમાં મગજ પરનો કાબુ ન ખોવો જોઈએ.

**કર્ક (ડ,હ)**
તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે.

**સિંહ (મ,ટ)**
તમારે ફાજલ સમય તમારા શોખ પોષવા માટે અથવા જે પ્રવૃત્તિઓ કરવી તમને સૌથી વધુ ગમે છે તે કરવામાં ફાળવવો જોઈએ. ઘર ની નાની નાની વસ્તુઓ પર આજે તમારું ઘણું ધન ખરાબ થયી શકે છે જેથી તમને માનસિક તાણ થયી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ)**
બ્લ્ડ પ્રેશરના દરદીઓ લોહીનું દબાણ ઘટાડવા રેડ વાઈનની મદદ લઈ શકે છે અને કૉલેસ્ટ્રૉલનું પ્રમાણ નીચું રાખી શકે છે. આનાથી તેમને વધુ રાહત થશે. નાણાકીય દ્દષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે.

**તુલા (ર,ત)**
અસીમ જીવનની મહાન ભવ્યતાને માણવા માટે તમારા જીવનને વધુ ઉત્કૃષ્ટ બનાવો. ચિંતાની ગેરહાજરી આ દિશામાં પ્રથમ પગલું છે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે.

**વૃશ્ચિક (ન,ય)**
તમારા વિનમ્ર વર્તનની સરાહના થશે. અનેક લોકો તમારા છુટ્ટા મોંએ વખાણ કરશે. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. બાળકો તમારી માટે દિવસ મુશ્કેલ બનાવી શકે છે. તેમનો રસ જળવાઈ રહે તે માટે પ્રેમનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરો અને બિનજરૂરી તાણ ટાળો.યાદ રાખો પ્રેમ જ પ્રેમને ખેંચે છે.

**ધન (ભ,ધ,ફ)**
સારા લાભ મેળવવા માટે મોટી વયના લોકોએ તેમની શક્તિનો હકારાત્મક ઉપયોગ કરવો જરૂરી છે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. પત્ની સાથે ઝઘડો માનસિત તાણ ભણી દોરી જઈ શકે છે. બિનજરૂરી તાણ લેવાની જરૂર નથી.

**મકર (ખ,જ)**
ધ્યાન રાહત લાવશે. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. તમારા પ્રિયપાત્ર સાથે સમજદારી. સખત મહેનત અને ધીરજ દ્વારા તમે તમારા ધ્યેયની પ્રાપ્તિ કરશો.

**કુંભ (ગ,શ,સ)**
હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. ઉતાવળમાં મૂડીરોકણને લગતા નિર્ણયો લેતા નહીં- દરેક શક્ય બાજુથી તમે રોકાણ અંગે ચકાસણી નહીં કરો તો નુકસાન થવું ચોક્કસ છે. સાંજના સમયે સામાજિક પ્રવૃત્તિઓ તમારી ધારા કરતાં અનેકગણી સારી સાબિત થશે.

**મીન (દ,ચ,ઝ,થ)**
તમારી સાચી ક્ષમતાને જાણો કેમ કે તમે દ્દઢતામાં નહીં પણ ઈચ્છાશક્તિમાં પાછળ પડો છો. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. તમારૂં બાળક જેવું તથા નિર્દોષ વર્તન પારિવારિક સમસ્યા ઉકેલવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આજનો દિવસ તમારા પ્રેમ જીવનમાં એક અદ્દભુત દિવસ બની રહેશે.

**બ્રેન્ટ ક્રુડના ભાવ ૦.૯૮ ટકા વધી ૭૫.૩૯ ડોલર**

### આ સપ્તાહમાં ટેરિફ મામલે નવા આકરાં નિર્ણયો જાહેર કરે એવી શકયતાએ વૈશ્વિક બજારોમાં અનિશ્ચિતતાની સાથે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયાનું પતન થવાનું ચાલુ રહ્યું હતું

# ડોલર સામે રૂપિયો તૂટીને 87.96 નવું તળીયું બતાવ્યું : અંતે રિકવર થઇ



(એજન્સી) નવી દિલ્હી તા 11

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ યુદ્ધમાં હવે સ્ટીલ અને એલ્યુમીનિયમની આયાત પર વધારાની ૨૫ ટકા ટેરિફ લાદવાના કરેલા નિવેદને વૈશ્વિક વેપારમાં અનિશ્ચિતતા વધતાં ફોરેન એક્સચેન્જ માર્કેટ (ફોરેક્સ માર્કેટ)માં પણ આજે સતત ઉથલપાથલ જોવાઈ હતી. ટ્રમ્પ હજુ આ સપ્તાહમાં ટેરિફ મામલે નવા આકરાં નિર્ણયો જાહેર કરે એવી શકયતાએ વૈશ્વિક બજારોમાં અનિશ્ચિતતાની સાથે અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયાનું પતન થવાનું ચાલુ રહ્યું હતું. ૮૭.૯૬નું નવું તળીયું બતાવી આજે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની દરમિયાનગીરી થતાં છેલ્લે રૂપિયો ૫ પૈસા રિકવર થયો હતો.

ઈન્ટરબેંક ફોરેક્સ માર્કેટમાં અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો આજે ઈન્ટ્રા-ડે તૂટીને ૮૭.૯૫ના નવા ઐતિહાસિક તળીયે આવી ગયો હતો. જે અંતે શુક્રવારનાબંધ લેવલથી ૫ પૈસા સુધરીને અંતે ૮૭.૪૮ રહ્યો હતો. અગાઉ સર્વોચ્ચ નીચી સપાટી ૮૭.૫૯ નોંધાઈ હતી. ઉલ્લેખનીય છે કે, ભારતીય શેર બજારોમાંથી ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈઝ) સતત શેરો વેચીને ડોલર ઘરભેગા કરી રહ્યા હોઈ અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો સતત નબળો પડી રહ્યો છે. આ દરમિયાન ડોલર ઈન્ડેક્સ પણ છ કરન્સીના બાસ્કેટ સામે આજે ૦.૨૬ ટકા મજબૂત બની ૧૦૮.૩૨ રહ્યો હતો. શેરોમાં વેચવાલીના પરિણામે ડોલરની જાવક સાથે આયાતકારો મજબૂત થતાં જતાં ડોલરને લઈ પોતાની આયાત જરૂરીયાતોને પહોંચી વળવા ડોલરની ખરીદી કરી રહ્યા હોઈ રૂપિયો નબળો પડી રહ્યાનું પણ બજારના નિષ્ણાંતોનું કહેવું છે. ફોરેક્સના ટ્રેડરોની હવે અમેરિકા અને ભારતના ફુગાવાના આ સપ્તાહમાં જાહેર થનારા આંકડા પર નજર રહી છે. આ દરમિયાન બ્રેન્ટ ક્રુડના ભાવ ૦.૯૮ ટકા વધીને ૭૫.૩૯ ડોલર જેટલા રહ્યા હતા. ફોરેક્સ માર્કેટમાં અન્ય દેશોના ચલણો સામે રૂપિયો આજે યુરો સામે ૫૪ પૈસા નબળો પડી ૯૦.૩૧, બ્રિટીશ પાઉન્ડ સામે ૩૯ પૈસા નબળો પડી ૧૦૮.૫૪ અને જાપાનીઝ યેન સામે ૦.૫૭ રહ્યો હતો.

## પ્રોક્સી એડવાઇઝરી કંપનીઓએ 13 ફેબ્રુઆરીથી શરૂ થતા શેરધારકોના મહત્વના વોટિંગ પૂર્વે વેદાંતાના ડિમર્જરને સમર્થન આપ્યું

(એજન્સી) મુંબઇ તા 11

વેદાંતાના ડિમર્જરને વધુ એક સમર્થન પ્રાપ્ત થયું છે. પાંચ અગ્રણી પ્રોક્સી એડવાઈઝરી કંપનીઓએ કંપનીના સૂચિત ડિમર્જરના પગલે ઊભી થનારી પાંચ અલગ અલગ લિસ્ટેડ કંપનીઓની પ્રક્રિયાની તરફેણમાં મત આપવાની ભલામણ કરતા રિપોર્ટ્સ બહાર પાડ્યા છે. શેરધારકો અને લેણદારો માટે વોટિંગની પ્રક્રિયા 13થી 17 ફેબ્રુઆરી સુધી ઈલેક્ટ્રોનિકલ પ્રકારે યોજાશે અને તેના પછી 18 ફેબ્રુઆરીએ સંબંધિત મીટિંગ યોજાશે. રિપોર્ટ્સ બહાર પાડનાર પ્રોક્સી એડવાઈઝર્સમાં અમેરિકા સ્થિત ઈન્સ્ટિટ્યૂશનલ શેરહોલ્ડર સર્વિસીઝ ઈન્ક. (આઈએસએસ), ગ્લાસ લુઈસ તથા ભારતીય કંપનીઓ ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર એડવાઈઝરી સર્વિસીઝ (આઈઆઈએએસ), ઈનગવર્ન અને સ્ટેકહોલ્ડર એમ્પાવરમેન્ટ સર્વિસીઝ (એસઈએસ)નો સમાવેશ થાય છે. ડિમર્જરના પગલે પાંચ લિસ્ટેડ એકમો ઊભા થશે જેમ કે વેદાંતા એલ્યુમિનિયમ, વેદાંતા ઓઈલ એન્ડ ગેસ, વેદાંતા પાવર અને વેદાંતા આયર્ન એન્ડ સ્ટીલ, જ્યારે અમુક વર્તમાન અને આવનારા બિઝનેસ વેદાંતા લિમિટેડ હેઠળ રહેશે. ડિમર્જર જુલાઈ સુધીમાં પૂર્ણ થઈ જશે. ડિમર્જર સ્વતંત્ર વૈશ્વિક સ્તરની કંપનીઓ બનાવવામાં મદદ કરશે તેવા વેદાંતાના તર્કને સ્વીકારતા અમેરિકા સ્થિત આઈએસએસે નોંધ્યું હતું કે વેદાંતાના હાલના શેરધારકોને દરેક નવી લિસ્ટેડ એન્ટિટીમાં શેર મળશે, પરિણામે કોઈ ડાયલ્યુશન નહીં થાય. તેણે જણાવ્યું હતું કે "કંપનીના શેરધારકો સ્કીમ પૂર્ણ થયા પછી તેમના સીધા ઈક્વિટી ઈન્ટરેસ્ટ દ્વારા ચાર વ્યવસાયોની વૃદ્ધિની સંભાવનાઓમાં ભાગ લેવાનું ચાલુ રાખશે. દરેક કંપની (ઊભી થનારી ચાર કંપનીઓ)નું શેરહોલ્ડિંગ કંપનીના શેરહોલ્ડિંગને દર્શાવશે. આમાંની દરેક કંપની આખરે બે સ્ટોક એક્સચેન્જો (એનએસઈ અને બીએસઈ) લિસ્ટ થશે. ઉપરોક્ત વિચારણાઓ અને ડિમર્જર પાછળના યોગ્ય વ્યૂહાત્મક તર્કને જોતાં. આ ઠરાવ શેરહોલ્ડરનું સમર્થન માંગે છે." પ્રોક્સી એડવાઈઝર ગ્લાસ લેવિસે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે વન-ટુ-વન શેર એક્સચેન્જ રેશિયો સુનિશ્ચિત કરે છે કે શેરધારકોને ડિમર્જ્ડ થયેલા એકમોના લિસ્ટિંગથી કોઈ પ્રતિકૂળ આર્થિક અસરો જોવા મળશે નહીં. તેણે એ પણ ઉમેર્યું હતું કે વેદાંતાનું મેનેજમેન્ટ અને બોર્ડ કંપનીના વ્યવસાયના સંદર્ભમાં કયા ઓપરેશનલ નિર્ણયો શ્રેષ્ઠ છે તે નક્કી કરવા માટે શ્રેષ્ઠ સ્થિતિમાં છે. ઈનગવર્ને તેના રિપોર્ટમાં જણાવ્યું હતું કે ઈનગવર્નને અપેક્ષા છે કે વેદાંતાના લઘુમતી શેરધારકોને ફાયદો થશે કારણ કે હાલના શેરધારકોને ડિમર્જ્ડ એકમમાં શેર મળશે. "લઘુમતી શેરધારકો વિવિધ એકમોમાં તેમના કુલ શેરની સંખ્યાને અસરકારક રીતે વધારશે.

## વારીએ ગુજરાતમાં અદ્યતન સુવિધા સાથે એડવાન્સ્ડ આલ્કલાઇન ઇલેક્ટ્રોલાઇઝર ઉત્પાદનમાં પ્રવેશ કર્યો

(એજન્સી) વલસાડ । તા 11

ભારતના સૌથી મોટા સોલર પીવી મોડ્યુલ્સના ઉત્પાદક વારી ગ્રૂપે જાહેર કર્યું છે કે ગુજરાતના વલસાડમાં તેની અદ્યતન ઈલેક્ટ્રોલાઈઝર ઉત્પાદન સુવિધાનો શિલાન્યાસ ગઈકાલે 10 ફેબ્રુઆરીના રોજ થયો છે. આ સુવિધા પ્રથમ તબક્કામાં 300 મેગાવોટની ઉત્પાદન ક્ષમતા સાથે કામગીરીની શરૂઆત કરશે, જે તેને ભારતના સ્વચ્છ ઉર્જા ટ્રાન્ઝિશનમાં મહત્વપૂર્ણ સ્થાન અપાવશે. ક્લિન એનર્જી ટેક્નોલોજીસમાં તેના વ્યૂહાત્મક વિસ્તરણના ભાગરૂપે વારીનો અદ્યતન આલ્કલાઈન ઈલેક્ટ્રોલાઈઝર ઉત્પાદન પ્લાન્ટ ભારતના નેશનલ ગ્રીન હાઈડ્રોજન મીશન સાથે એકીકૃત છે. આ સુવિધા સ્ટીલ, રિફાઈનિંગ, પરિવહન, ખાતર, રસાયણ, ફૂડ અને પાવર જનરેશન જેવાં પ્રમુખ ઉદ્યોગોને સેવા પૂરી પાડીને ડિકાર્બનાઈઝ્ડ પ્રક્રિયામાં તેમના ટ્રાન્ઝિશનને સક્ષમ કરશે. ગ્રીન હાઈડ્રોજન માટે આવશ્યક વિશ્વ-સ્તરીય ઈલેક્ટ્રોલાઈઝર્સના ઘરેલુ ઉત્પાદનથી વારીનો ઉદ્દેશ્ય ભારતની આયાત ઉપરની નિર્ભરતામાં ઘટાડો કરવાનો તથા ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીન એમોનિયા અને બીજા ઈ-ફ્યુઅલ સહિતની ડેરિવેટિઝ માટે વૈશ્વિક હબ તરીકે દેશની ઉપસ્થિતિને મજબૂત કરવાનો છે. વારી ક્લિન એનર્જી સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડના સીઈઓ અનુજ શર્માએ કહ્યું હતું કે, "અમારી ઈલેક્ટ્રોલાઈઝર ઉત્પાદન સુવિધાનો શિલાન્યાસ ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન ટેક્નોલોજીમાં ભારતને આત્મ-નિર્ભર બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ કદમ છે. આ અદ્યતન સુવિધાના વિકાસથી અમારો ઉદ્દેશ્ય ઉદ્યોગોને સશક્ત કરવાનો, રોજગાર સર્જન તથા ટકાઉ અને હરિયાળા ભવિષ્યની રચનામાં યોગદાન આપવાનો છે."

## સ્ટીલ અને એલ્યુમિનિયમ પર ટેરિફ એક અબજ ડોલરની નિકાસને ફટકો

(એજન્સી) નવી દિલ્હી તા 11



ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અમેરિકાની મુલાકાતની પૂર્વસંધ્યાએ જ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા સ્ટીલ તથા એલ્યુમિનિયમની આયાત પર ૨૫ ટકા ડ્યૂટી લાગુ કરવાની જાહેરાતને પરિણામે ભારતના સ્ટીલ તથા એલ્યુમિનિયમ ઉત્પાદકોમાં આશ્ચર્યની સાથોસાથ ચિંતા પણ ઊભી થઈ છે. ટ્રમ્પની જાહેરાત પ્રમાણે અમલ થશે તો ભારતમાંથી એક અબજ ડોલરની નિકાસને ફટકો પડી શકે છે. અમેરિકામાં ભારતના સ્ટીલ કરતા એલ્યુમિનિયમની નિકાસ વધુ થાય છે. ઊંચી આયાત ડ્યૂટીને કારણે ઉદ્યોગ સામે મોટા પડકાર ઊભા થવાની શકયતા ઊભી થઈ છે. આયાત ડ્યૂટી લાગુ કરવાના કિસ્સામાં વૈશ્વિક બજારોમાં સ્પર્ધામાં વધારો થવા ઉપરાંત ઘરઆંગણે ભાવ પર અસર પડવાની ઉત્પાદકોને ચિંતા સતાવી રહી છે. અમેરિકામાં થતી સ્ટીલ અને એલ્યુમિનિયમની આયાત પર વધારાની ડ્યૂટી લાગુ કરવાની ટ્રમ્પે રવિવારે જાહેરાત કરી હતી. અમેરિકામાં આવતા કોઈપણ સ્ટીલ તથા એલ્યુમિનિયમ પર ડ્યૂટી લાગુ કરાશે એમ ટ્રમ્પે પત્રકારોને જણાવ્યું હતું. ૨૦૧૭થી ૨૦૨૧ દરમિયાન પ્રમુખ તરીકે પોતાની પ્રથમ મુદત વેળાએ ટ્રમ્પે આવાજ પ્રકારન ટેરિફ લાગુ કરી હતી. એશિયા તથા યુરોપના દેશોના ઉત્પાદનોને કારણે અમેરિકાના સ્ટીલ તથા એલ્યુમિનિયમ પ્રોડકટસે બિનજરૂરી સ્પર્ધાનો સામનો કરવો પડી રહ્યો હોવાનું જણાવી ટ્રમ્પે તે વેળાએ આ ડ્યૂટી લાગુ કરી હતી. મોદી સાથેના સંબંધોને ધ્યાનમાં રાખતા ટ્રમ્પ ભારતને મોટા આંચકા નહીં આપે તેવી અપેક્ષા રખાતી હતી પરંતુ અગાઉની જેમ ટ્રમ્પે ફરી પાછી સ્ટીલ તથા એલ્યુમિનિયમ પર ડ્યૂટીની જાહેરાત કરી દીધી છે. મોદીની મુલાકાતની પૂર્વસંધ્યાએ જ આ નિર્ણય આવી પડતા અમને આશ્ચર્ય થયું છે એમ એક સ્ટીલ કંપનીના પ્રવકતાએ જણાવ્યું હતું. ૨૦૨૪ના પ્રથમ ૧૧ મહિનામાં ભારતમાંથી ૭૭.૭૦ કરોડ ડોલરના એલ્યુમિનિયમની નિકાસ થઈ હતી. ભારત ખાતેથી અમેરિકામાં સ્ટીલની નિકાસનો હિસ્સો સામાન્ય છે. ડ્યૂટીને કારણે અમેરિકાના સ્ટીલની સ્થાનિકમાં માગ વધશે અને અમેરિકામાં વેચાણ ભાવ પણ ઊંચા જશે. ઊંચી ડ્યૂટીને કારણે ભારતના સ્ટીલની નિકાસ પર સૂચિત અસરને ધ્યાનમાં રાખતા ઘરઆંગણે તથા અન્ય નિકાસ બજારોમાં સ્પર્ધામાં વધારો જોવા મળી શકે છે, એમ એક એનાલિસ્ટે જણાવ્યું હતું. ભારતના સ્ટીલ ઉત્પાદકો હાલમાં દેશમાં ચીનના સ્ટીલની આયાતમાં થયેલા વધારાથી પરેશાન છે ત્યારે ટ્રમ્પનો નિર્ણય વધુ પડકારરૂપ બની રહેશે એમ બજારના સુત્રોએ જણાવ્યું હતું.

## ભારતના આર્થિક વિકાસ સાથે સુસંગત રહેવા એજેસ ફેડરલ લાઇફ ઇન્શ્યોરન્સે 'મોમેન્ટમ ગ્રોથ ફંડ' લોન્ચ કર્યું

(એજન્સી) મુંબઇ તા 11

ભારતમાં એક અગ્રણી ખાનગી જીવન વીમા કંપની, એજેસ ફેડરલ લાઈફ ઈન્શ્યોરન્સ દ્વારા નવીનતમ રોકાણ ઓફર 'મોમેન્ટમ ગ્રોથ ફંડ' લોન્ચ કરવાની જાહેરાત કરવામાં આવી છે. 10 ફેબ્રુઆરી - 21 ફેબ્રુઆરી 2025ના રોજ શરૂ થતી આ નવી ઓફર ULIP સેગમેન્ટમાં ભારતમાં લાંબા ગાળાના આર્થિક વિકાસનો લાભ લેવા ઈચ્છતા રોકાણકારો માટે આકર્ષક તક છે. આ નિફ્ટી 500 મોમેન્ટમ 50 ઈન્ડેક્સ સાથે જોડાણ ધરાવે છે, અને છેલ્લા પાંચ વર્ષમાં 25.97%* CAGR અને શરૂઆતથી 22.90% CAGR સાથે નોંધપાત્ર વળતર આપે છે. મધ્યમથી લાંબા ગાળા દરમિયાન ઉચ્ચ વળતર આપવાના ધ્યેય સાથે, આ ફંડ ઈન્ડેક્સની અંદર કંપનીઓ અને ક્ષેત્રોની વિશાળ શ્રેણીમાં વૈવિધ્યસભર રોકાણોને પ્રોત્સાહન આપે છે, અને સ્થિર અને સતત વિકાસ સાથે નાણાકીય જોખમ પણ ઘટાડે છે. તેના શિસ્તબદ્ધ, વ્યૂહાત્મક અભિગમ દ્વારા ગ્રાહકોને લાભદાયક અને સરળ રોકાણ વ્યૂહરચના પણ આપે છે તેની સાથે તે ભારતના સમૃદ્ધ અર્થતંત્ર સાથે પણ સુસંગત છે.એજેસ ફેડરલ લાઈફ ઈન્શ્યોરન્સના MD અને CEO શ્રી જુડ ગોમ્સે કહ્યું કે, "આ નાણાકીય વર્ષ 25માં 6.4% ના GDP સાથે, ભારત વિશ્વનું સૌથી ઝડપથી વિકસિત થતું અર્થતંત્ર છે. એજેસ ફેડરલ લાઈફ ઈન્શ્યોરન્સમાં, અમે ભારતની વૃદ્ધિ માટે સરકારના વિઝનને સમર્થન આપીએ છીએ.

### ફેસલેસ એસેસમાંમાં પણ કૌભાંડીઓ સક્રિય

## ફેસલેસ એસેસમેન્ટમાં કૌભાંડ કરનારા પર CBIના દરોડા, સી.એ. ઝડપાયા

(એજન્સી) નવી દિલ્હી તા 11

આવકવેરાના રિટર્નના ફેસલેસ એસેસમેન્ટમાં કરદાતા અને આવકવેરા અધિકારીનો સીધો સંપર્ક જ ન થાય તેવી વ્યવસ્થા ગોઠવી હોવા છતાંય આકારણીની અનિયમિતતાઓ આગળ કરીને કરદાતા પાસેથી પૈસા ખંખેરી લેવાની ગણતરી સાથે આકારણી અધિકારીઓને પોતાના અન્ય શહેરમાંના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ મિત્રોનો સંપર્ક કરાવીને કરપ્શન કરવામાં મદદરુપ થતાં બે ડેપ્યુટી કમિશનર, બે ઈન્સ્પેક્ટર અને પાંચ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પર સી.બી.આઈના અધિકારીઓએ દરોડા પાડયા છે. આવકવેરાના રિટર્નના ફેસેલેસ એસેસમેન્ટમાં પણ કૌભાંડ કરવાનો માર્ગ ખોલી દેનારાઓમાં દિલ્હીના ડેપ્યુટી કમિશનર વિજયેન્દર આર, મુંબઈને બે ઈન્સ્પેક્ટર દિનેશ વર્મા અને બિનાયક શર્મા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દિલ્હીના મલિક ગિરીશ આનંદ, સુશીલ કુમાર, મુંબઈના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ શિવરતન માંગેલાલ સિગ્રોડિયા તથા ભાવેશ પરષોત્તમ રાખોલિયા, અને કેરળના કોટ્ટાયમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પ્રતીક લેનિનનો અને દિલ્હીના દિનેશ કુમાર અગ્રવાલનો સમાવશ થાય છે. આ તમામના ઘરો પર ૬ ફેબુરઆરીએ દરોડા પાડયા હવાનું સીબીઆઈએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે. કેન્દ્ર સરકારે ૨૦૧૯થી ફેસલેસ એસેસમેન્ટની સિસ્ટમ દાખલ કરી હતી. આ સિસ્ટમમાં અધિકારીને કરદાતાને મળવાનું જ ન થાય તે માટે અમદાવાદના કરદાતાનું રિટર્ન એસેસમેન્ટ પાસે પટણાના આકારણી અધિકારીનેદેશના અન્ય કોઈ વિસ્તારના અધિકારીને આપવામાં આવતા હતા. અધિકારીઓ સાથેની મિલીભગતમાં કરદાતાઓના નામ લીક કરી દેવામાં આવતા હતા. તેમાંય ખાસ કરીને જે કરદાતાના કેસોમાં ઊંચી આવરને વેરાપાત્ર દર્શાવીને વેરાની મોટી ડિમાનડ્ ઊભી કરી હોવાનું બહાર આવતા સીબીઆઈએ દરોડા પાડયા હતા. અપીલના કેસો તથા હાઈપીચ એસેસમેન્જના કેસમાં કરદાતાઓના નામ લીક કરી દેવામાં આવ્યા હતા.

## એક્સિસ બેંકે તેની મોબાઇલ એપ પર નવા ફીચર સાથે ફિક્સ્ડ ડિપોઝીટ બુકિંગ પ્રક્રિયા સરળ બનાવી

મુંબઈ : ભારતમાં ખાનગી ક્ષેત્રની સૌથી મોટી બેંકો પૈકીની એક એક્સિસ બેંકે તેની મોબાઈલ એપ્લિકેશન્સ સાથે એક્સિસ બેંક સિવાયના ખાતામાંથી યુપીઆઈ અને નેટ બેંકિંગ પેમેન્ટ વિકલ્પો સાથે ફિક્સ્ડ ડિપોઝીટ (એફડી) ખોલવા માટે ગ્રાહકોને સક્ષમ બનાવે તેવું એક અનન્ય પ્રકારનું ફીચર રજૂ કરવાની જાહેરાત કરી છે. એક્સિસ બેંક એ એકાઉન્ટ એગ્રીગેટર ઈકોસિસ્ટમનો લાભ લઈને આ નવા જમાનાનું બેંકિંગ ફીચર રજૂ કરનારી પહેલી ખાનગી બેંક બની છે જે તેના ગ્રાહકો માટે સરળ બેંકિંગ અનુભવ બનાવે છે. આ ફીચર સાથે એક્સિસ બેંકના માન્ય કેવાયસી સાથેના ઈટીબી (Existing-To-Bank) ગ્રાહકો યુપીઆઈ કે નેટ બેંકિંગ પેમેન્ટ વિકલ્પો દ્વારા અન્ય બેંક ખાતાના ફંડ સાથે ફિક્સ્ડ ડિપોઝીટ ખોલાવી શકે છે. તેમની એફડી ખોલાવવાની પ્રક્રિયા સફળતાપૂર્વક પેમેન્ટ પૂરું થવા પર અને પેમેન્ટ ગેટવે સર્વિસ પ્રોવાઈડર તરફથી ફંડ્સ મળ્યા પછી પ્રોસેસ થશે. આ નવું ફીચર એક્સિસ બેંકે ઓપન બેંકિંગ પ્રિન્સિપલ્સ અપનાવ્યા હોવાનું દર્શાવે છે જે પેઈ ઉમેરવા, ખાતાં વચ્ચેના ફંડ ટ્રાન્સફર તથા અલગ રીતે એફડી ખોલાવવાની પ્રક્રિયા જેવા અવરોધો દૂર કરે છે. આ પ્રોસેસ ગ્રાહકોને આકર્ષક વ્યાજ દરે અને ઊંચા વળતર સાથે એક્સિસ બેંકમાં ફિક્સ્ડ ડિપોઝીટ્સમાં ડિજિટલી રોકાણ કરવા માટે ગ્રાહકોને સક્ષમ બનાવે છે જ્યાં તેમના એક્સિસ બેંક બચત ખાતામાં ફંડની ઉપલબ્ધતા હવે કોઈ અવરોધ રહેતી નથી.

## કલ્યાણ જ્વેલર્સ મર્યાદિત સમયની ઓફર સાથે વેલેન્ટાઇન્સ ડેની ઉજવણી કરે છે

**વેલેન્ટાઇન્સ ડે કલેક્શન પર ફ્લેટ 10% ડિસ્કાઉન્ટ; બધા જ્વેલરી કલેક્શનમાં મેકિંગ ચાર્જ પર 50% ડિસ્કાઉન્ટ**

(એજન્સી) મુંબઇ તા 11

વેલેન્ટાઈન્સ ડે જ્યારે નજીક આવી રહ્યો છે ત્યારે ભારતની સૌથી મોટી અને વિશ્વસનીય જ્વેલરી બ્રાન્ડ્સ પૈકીની એક કલ્યાણ જ્વેલર્સ તેના વેલેન્ટાઈન ડે કલેક્શન પર 10% ડિસ્કાઉન્ટની એક્સક્લુઝિવ મર્યાદિત સમયગાળાની ઓફર સાથે ઉજવણીને વધુ ખાસ બનાવી રહી છે. આ ઉપરાંત 9 ફેબ્રુઆરી સુધી તમામ પ્રોડક્ટ પર મેકિંગ ચાર્જ પર 50% ડિસ્કાઉન્ટ પણ છે. આ મર્યાદિત સમયગાળાની ઓફર કલ્યાણ જ્વેલર્સની ગ્રાહકોના અનુભવોને વધારવા અને પ્રેમ શુભ-ભેટ અને પ્રેમ પ્રત્યે ભારતની ઊંડી લાગણીઓને પૂર્ણ કરવાની પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે. તેમની ડિઝાઈનની વ્યાપક રેન્જ ખાતરી કરે છે કે દરેક

KALYAN JEWELLERS

ખરીદી સુંદરતા અને ગુણવત્તાનું નિવેદન છે. કલ્યાણ જ્વેલર્સનું પોલ્કી અને નેચરલ ડાયમંડ કલેક્શન આ વેલેન્ટાઈન સીઝનમાં અવશ્ય જોવા લાયક છે. પરંપરાગત ભારતીય કલાત્મકતાથી પ્રેરિત જટિલ રીતે રચાયેલ ડિઝાઈન સાથે પોલ્કી કલેક્શન આકર્ષક પેટર્નમાં આકાર આપેલા હીરાની સુંદરતા દર્શાવે છે. ગળાના શાહી હારથી લઈને કાનની ભવ્ય ઈયરિંગ્સ સુધી, આ સ્ટેટમેન્ટ પીસ વારસાને સમકાલીન સ્ટાઈલમાં ભેળવે છે. કુદરતી હીરાની વાત કરીએ તો તે શાશ્વત પ્રેમનું સંપૂર્ણ પ્રતીક છે. પછી ભલે તે કોઈ ખાસ વ્યક્તિ માટે ભેટ હોય કે તમારા પોતાના સંગ્રહમાં એક કિમતી ઉમેરો, પોલ્કી અને નેચરલ ડાયમંડ રેન્જ અદ્વિતિય ભવ્યતા અને સુઘડતાનું વચન આપે છે.

## અદાણી હેલ્થ સિટી સંકલિત આરોગ્ય કેમ્પસના લોન્ચની જાહેરાત

(એજન્સી) નવી દિલ્હી તા 11

અદાણીએ માયો ક્લિનિક સાથે ભાગીદારી કરીને સસ્તી, વિશ્વ કક્ષાની આરોગ્ય સંભાળ સુવિધાઓ સ્થાપિત કરવામાં આવશે. મુંબઈ અને અમદાવાદમાં 1,000 બેડની બે મલ્ટી-સુપર-સ્પેશિયાલિટી હોસ્પિટલો અને મેડિકલ કોલેજો બનાવવામાં આવશે. વિશ્વની સૌથી મોટી સંકલિત નોન-પ્રોફિટ મેડિકલ ગ્રુપ પ્રેક્ટિસ, મેયો ક્લિનિક, આરોગ્યસંભાળ શ્રેષ્ઠતામાં તકનીકી કુશળતા પ્રદાન કરશે. ગૌતમ અદાણી દેશના શહેરો અને નગરોમાં આવા અદાણી આરોગ્ય શહેરો બનાવવાની યોજનાઓ પર કામ કરે છે.

## ભુવનેશ્વર ભારતના સૌથી મોટા માઇનિંગ એક્ઝિબિશનનું આયોજન કરશે

(એજન્સી) ભુવનેશ્વર તા 11

ભારતના સૌથી મોટા માઈનિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર એક્ઝિબિશન માટે સ્ટેજ તૈયાર થઈ ગયો છે, કારણ કે ત્રીજો ઓડિશા માઈનિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ટરનેશનલ એક્સ્પો 6-9 માર્ચ, 2025 ના રોજ ઓડિશાના ભુવનેશ્વરના બરમુંડા ગ્રાઉન્ડ ખાતે યોજાશે. ફ્યુચરએક્સ ટ્રેડ ફેર અને ઈવેન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા આયોજિત, આ કાર્યક્રમને PHD ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, સ્કિલ કાઉન્સિલ ઓફ માઈનિંગ સેક્ટર જેવા ઉદ્યોગ અગ્રણીઓ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે અને ઓડિશા એસેમ્બલી ઓફ સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપ્રાઈઝ (OASME) દ્વારા સહ-આયોજિત કરવામાં આવ્યું છે. એક્સ્પોને પહેલાથી જ HELP, INDI TREE NGO પાર્ટનર અને અન્વેશી ફાઉન્ડેશન નોલેજ પાર્ટનર દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. આ ચાર દિવસીય મેગા ઈવેન્ટ




ભારત અને વિશ્વભરના માઈનિંગ, કન્સ્ટ્રક્શન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ડસ્ટ્રીના દિગ્ગજોને એકસાથે લાવશે. નવીનતા, સહયોગ અને વ્યવસાયિક તકો પર ધ્યાન કેન્દ્રિત કરીને, આ એક્ઝિબિશન પ્રદર્શકો અને મુલાકાતીઓ બંનેને પુષ્કળ લાભ પ્રદાન કરવાનું વચન આપે છે. ત્રીજા ઓડિશા માઈનિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્ટરનેશનલ એક્સ્પોમાં માઈનિંગ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોની ઉભરતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે અત્યાધુનિક માઈનિંગ મશીનરી, ટેકનોલોજી સોલ્યુશન્સ, સેવાઓ અને પુરવઠો રજૂ કરવામાં આવશે. 250 થી વધુ કંપનીઓની ભાગીદારી સાથે, આ કાર્યક્રમ આ ઉદ્યોગોના ભવિષ્યને આકાર આપતી નવીનતમ પ્રગતિઓને જોવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડે છે. કેટલાક અગ્રણી પ્રદર્શકોમાં SANY, શ્વિંગ સ્ટેટર, થિસેનક્રુપ ઈન્ડસ્ટ્રીઝ, KYB કોમ્બેટ, ટોર્સા ક્રશર, હેઈલસ્ટોન, MB ક્રશર, ઈક્વિપેજ, ઓશન કન્વેયર્સ, સક્ષમ કાસ્ટિંગ, ત્રિશુલ ટ્રેડ, ટાટા હિટાચી, દીપક ફર્ટિલાઈઝર્સ, GNU સ્ટીલ કાસ્ટિંગ, ARB બિયરિંગ્સ, ઓર્ગેનોટેક ઈક્વિપમેન્ટ્સ અને ઘણા બધાનો સમાવેશ થાય છે. આ વર્ષના એક્સ્પોમાં નોંધપાત્ર આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિત્વ જોવા મળશે, જેમાં રશિયા, જર્મની, કોરિયા, જાપાન અને તાઈવાનના સહભાગીઓ અત્યાધુનિક ટેકનોલોજી અને ઉકેલોનું પ્રદર્શન કરશે.

### ફંડ મેનેજરો દ્વારા રોકાણકારોની મૂડીના ઊંચા વેલ્યુએશનને થતાં રોકાણ સામે સવાલ: અનેક મ્યુ. ફંડોમાં એક વર્ષના રોકાણમાં નેગેટીવ વળતર

# સ્મોલ, મિડ કેપ ફંડોમાં અત્યારે SIP જોખમી બન્યું



(એજન્સી) નવી દિલ્હી તા 11

એક તરફ વૈશ્વિક ટેરિફ વોર અને બીજી તરફ વેલ્યુએશનને લઈ થઈ રહેલા સવાલોના પરિણામે સ્મોલ, મિડ કેપ શેરોમાં પાછલા કેટલાક મહિનાઓથી થઈ રહેલા મોટાપાયે ધોવાણમાં ફંડોના વિખ્યાત મેનેજરો પણ હવે રોકાણકારોને ચેતવણી આપવા લાગ્યા છે. ફોરેન ફંડો-વિદેશી સંસ્થાકીય રોકાણકારો ભારતીય શેર બજારોમાં વન સાઈડ મોટાપાયે વેચવાલ છે, ત્યારે બીજી બાજુ રિટેલ રોકાણકારોની એસઆઈપી-સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન્સ થકી સતત મ્યુચ્યુઅલ ફંડોમાં વહેતાં રોકાણ પ્રવાહના જોરે શેરોમાં સતત ખરીદી કરતાં રહેતાં મ્યુચ્યુઅલ ફંડો-લોકલ ફંડોમાં હવે એસઆઈપી થકી થતું રોકાણ અત્યારે જોખમી હોવા બાબતે આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ મ્યુચ્યુઅલ ફંડના ચીફ ઈન્વેસ્મેન્ટ ઓફિસર એસ. નરેને કરેલા સ્ફોટક નિવેદને બજારને ચોંકાવી દીધા છે. ચેન્નઈ સ્થિત મ્યુચ્યુઅલ ફંડ એસોસીયેશન દ્વારા યોજાયેલા એક પ્રસંગે બોલતાં તેમણે મિડ કેપ અને સ્મોલ કેપ શેરોમાં એસઆઈપી થકી થતાં રોકાણ અંગે સાવધાની રાખવાની સ્પષ્ટ સલાહ આપી છે. આ ચેતવણી આપી તેમણે સ્મોલ, મિડ કેપ્સમાંથી લોક, સ્ટોક અને બેરલ લેવાનો સ્પષ્ટ સમય હોવાનું સ્ફોટક નિવેધન કર્યું હતું. મ્યુચ્યુઅલ ફંડોમાં છેલ્લા છ મહિનાથી એસઆઈપી થકી થતાં રોકાણ પર ઈન્વેસ્ટરોને નેગેટીવ વળતર મળી રહ્યું હોઈ ટૂંકાથી મધ્યમગાળા માટે સ્મોલ, મિડ કેપ ફંડોમાં એસઆઈપી થકી રોકાણ કરવું જોખમી હોવાની ચેતવણી તેમણે ઉચ્ચારી છે. નકારાત્મક એસઆઈપી વળતરને જોતાં, આ રોકાણ માધ્યમની અસરકારતા પર ઘણા પ્રશ્નો ઊભા થયા છે, જેણે છેલ્લા કેટલાક વર્ષોમાં મોટાપાયે તેજી બતાવી છે. એસ. નરેનનું કહેવું છે કે, ભૂતકાળમાં જોખમનો નોંધપાત્ર હિસ્સો બેંકો અને મોટી સંસ્થાઓમાં રહેતો હતો, પરંતુ આજે જોખમ રિટેલ રોકાણકારો પર રહેલુ છે. તેમણે ચેતવણી આપી છે કે, ૨૦૦૮-૨૦૧૦ના સમયગાળા પછી ૨૦૨૫ સૌથી જોખમી વર્ષ બની શકે છે. રોકાણકારોએ તે સમયે ઘણી કંપનીઓમાં નાણા ગુમાવ્યા હતા, ખાસ કરીને બેંકોમાં ગુમાવ્યા હતા. ઘણી રિયલ એસ્ટેટ કંપનીઓએ પણ ઓવર લિવરેજની ભુલો કરી હતી, પરંતુ આ ભૂલો પ્રત્યક્ષ નહીં પરોક્ષ રીતે બેંકો અને કંપનીઓ થકી થઈ હતી. અત્યારે કંપનીઓ એક્વિઝિશનો કે નવા પ્રોજેક્ટો માટે મૂડી ઊભી કરવા બેંકોના ઋણ પર નિર્ભર રહેતી નથી. આ કંપનીઓ ક્વોલિફાઈડ ઈન્સ્ટીટયુશનલ (ક્યુઆઈપીઝ) અથવા આઈપીઓ થકી ઈક્વિટી રોકાણકારો પાસેથી સીધા નાણા ઊભા કરે છે. ફંડ મેનજરો તેમને મળતા નાણાની ફાળવણી એ મુજબ મિડ કેપ્સ અથવા સ્મોલ કેપ્સમાં કરે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, મહા સુદ-14

# કેજરીવાલ માટે રસ્તો હવે આસાન નહીં રહે



મરાઠીમાં એક કહેવત છે - 'ગઢ આલા પણ સિંહ ગેલા' એટલે કે ગઢ તો જીતી ગયા પરંતુ એ જંગમાં સેનાપતિનું બલિદાન થઈ ગયું, એટલે એ જીતને બહુ મોટી નથી માનવામાં આવતી. આ જ કહેવતને કેજરીવાલના સંદર્ભમાં જોઈએ તો દિલ્હી તેમનો ગઢ હતો, એ તો તેમણે ગુમાવ્યો જ, પરંતુ પોતે પણ હારી ગયા એટલે કે સેનાપતિ પણ ન રહ્યા. અલગ પ્રકારની વૈકલ્પિક રાજનીતિ અને તેના દ્વારા આમ લોકોને ખુશહાલ અને નવા પ્રકારના ભવિષ્યનાં સપનાં દેખાડીને રાજકારણમાં આવેલા અરવિંદ કેજરીવાલ માટે દિલ્હી વિધાનસભામાં બહુમત એક રીતે ગઢ એટલે કે કિલ્લો હતા. કેજરીવાલ એ કિલ્લો હવે ગુમાવી ચૂક્યા છે અને તેમના માટે ચિંતાની વાત છે કે ખુદ તેમની સાથે તેમના સેનાપતિ આ જંગમાં હારી ગયા છે. તો શું માની લેવું કે આંદોલનથી ઉપજેલી રાજનીતિનો દોર ખતમ થઈ ગયો છે? હાલમાં તો એમ માની લેવું કે આમ આદમી પાર્ટી ખતમ થઈ જશે, તે થોડું ઉતાવળું ગણાશે. પરંતુ ભૂતકાળનાં ઉદાહરણો જોઈએ તો સ્પષ્ટ લાગે છે કે કેજરીવાલ માટે રસ્તો હવે આસાન નહીં રહે. અન્ના હજારેના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન સાથે ઉભરેલી આમ આદમી પાર્ટીએ અલગ પ્રકારની રાજનીતિનો વાયદો કર્યો હતો. અન્નાના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનને લઈને લોકોને કેટલી આશાઓ હતી કે અન્નાનું અનશન તો દિલ્હીમાં થઈ રહ્યું હતું, પરંતુ તેમને સમર્થન તો રાજસ્થાન, ઝારખંડ, છત્તીસગઢ, ગુજરાત, અરુણાચલ પ્રદેશ સુધીનાં દૂર-દૂરના ગામડાંમાં પણ મળી રહ્યં હતું. આમ આદમી પાર્ટીની રચના થઈ ત્યારે લોકોને આશા હતી કે તેમના દ્વારા દેશ અને તેમની જિંદગીમાં એવો પ્રકાશ ફેલાશે જેમાં તેમનું અને દેશનું ભવિષ્ય ઉજ્જવળ હશે. આ જ આશાથી ૨૦૧૫ અને ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીઓમાં દિલ્હીની જનતાએ ભરપૂર સાથ આપ્યો. પહેલાં ૬૭ અને પછી ૬૨ સીટો આપવી એક રીતે બહેતર અને ચમકીલા ભવિષ્યને લઈને જનઆકાંક્ષાઓનો ઉભાર હતો. ક્યારેય રાજકારણમાં નહીં આવવાના, ક્યારેય બંગલા-ગાડી નહીં લેવાના, વીઆઈપી કલ્ચર નહિ અપનાવવાના જૂઠ્ઠા વાયદા સાથે રાજકારણમાં આવેલા કેજરીવાલ ધીમે ધીમે આ બધું ભૂલી ગયા. બીજા કાર્યકાળમાં તો તેઓ ખુદને તાનાશાહની જેમ જ સ્થાપિત કરતા ગયા. જૂઠ્ઠાણા અને છેતરપિંડીની રાજનીતિને તેમણે પોતાની રાજકીય આદત બનાવી દીધી. પંજાબમાં આમ આદમી પાર્ટીની ભારે જીત બાદ તેઓ હવામાં આવી ગયા. પાર્ટીમાં માત્ર તેમનું જ ચાલતું હતું. લોકતંત્ર તો એ પાર્ટીમાં રહ્યું જ ન હતું. પાર્ટીને પહેલી આર્થિક મદદ આપનાર પ્રશાંત ભૂષણ, વૈચારિક આધાર તૈયાર કરનાર યોગેન્દ્ર યાદવ અને પ્રોફેસર આનંદ કુમારની સાથે તેમના સાથી કુમાર વિશ્વાસને પાર્ટીમાંથી પહેલાં જ હાંકી કાઢ્યા હતા. તેમની સાથે રહ્યા તેમના આંદોલનના દિવસોના સાથી મનીષ સિસોદિયા અને સ્વાતિ માલીવાલ. જોકે શાસનના આખરી દિવસોમાં જે રીતે મુખ્યમંત્રીના ઘરમાં જ પીટાઈ થઈ, તેણે કેજરીવાલના સ્વભાવની પોલ જ ખોલી નાખી. કેજરીવાલે પોતાના પહેલા કાર્યકાળમાં બેશક સારાં કાર્ય કર્યાં. મહોલ્લા ક્લીનિકનો વિચાર આપ્યો અને તેને લાગુ કરવાના પ્રયાસ કર્યા. શિક્ષણ અને સ્વાસ્થ્યનું બજેટ વધાર્યું, બસો યુનિટી સુધી વીજળી અને એક હદ સુધી પાણી મફતની રેવડીઓ પણ વહેંચી. મહિલાઓને મફત બસ યાત્રા કરી દીધી. પરંતુ તેની સાથે જ દિલ્હીમાં ભ્રષ્ટાચાર વધતો ગયો. બે વર્ષ પહેલાંની ચૂંટણીમાં નગર નિગમ પર પણ તેમનો કબ્જો થઈ ગયો. એના પહેલાં દિલ્હીની સફાઈ વ્યવસ્થા માટે નગર નિગમ પર પોતાનું નિયંત્રણ ન હોવાનું બહાનું બનાવતા હતા, પરંતુ હવે તો એ બહાનું પણ ન રહ્યું. દિલ્હી તો ગંદુ જ રહ્યું. દિલ્હીની લાઈફ લાઈન ગણાતી ડીટીસીની બસો ઘટતી ગઈ. કેજરીવાલે હવાહવાઈ દાવા ખૂબ કર્યા. તેને કારણે તેમનાથી ફાયદો લેનારા લોકો પણ ખુશ ન હતા. ડીટીસી કર્મચારીઓ, બસોમાં તૈનાત માર્શલો વગેરેને સ્થાયી નોકરીઓનું ગાજર પકડાવ્યા બાદ કેજરીવાલ તેમને સ્થાયી નોકરી ન આપી શક્યા. શરૂઆતમાં તો તેમની બહાનાંબાજી ચાલી, પરંતુ બાદમાં લોકો સમજતા થયા કે આ તો ફેંકફેંક જ કરે છે. ૨૦૨૨માં પંજાબમાં થયેલ વિધાનસભા ચૂંટણીમાં તેમણે મહિલાઓને હજાર રૂપિયા આપવાનો વાયદો કર્યો હતો, પરંતુ અત્યાર સુધી તેઓ આપી નથી શક્યા.

# જીએચસીએલ ફાઉન્ડેશન તથા ગુજરાત મહીલા આર્થીક વિકાસ નિગમ લીમિટેડનાં સંયુકત ઉપક્રમે મહીલા જાગૃતી શિબીર યોજાઇ

કિશોર આર. સોલંકી । જાફરાબાદ



જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા અમલીકૃત મહીલા સશક્તિકરણ કાર્યક્રમ અંતર્ગત સરકારશ્રીનાં ગુજરાત મહીલા આર્થીક વિકાસ નિગમ લીમિટેડ તથા જીલ્લા મહીલા અને બાળ વિકાસ કચરી અમરેલી સાથે સંકલન કરીને રાજુલા તાલુકાનાં કડીયાળી ખાતે મહીલા જાગૃતી શિબીર યોજવામાં આવી હતી. આ શિબીરમાં ચાંચબંદર, ખેરા, સમઢીયાળા, પટવા અને કડીયાળીની 287 જેટલી મહીલાઓ સહભાગી બની હતી. શિબીરમાં અલગ અલગ વિષય નિષ્ણાંત તાલીમકારો દ્વારા મહીલાને લગતા કાયદાઓ, મહીલાને લગત વિવિધ સરકારી યોજનાઓ અને કાર્યક્રમોની માહીતી અને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. કાર્યક્રમને સફળ બનાવવા જીલ્લા મહીલા અને બાળ વિકાસ અધિકારીશ્રી કણઝરીયા સાહેબ ખાસ ઉપસ્થિત રહેલા. જીએચસીએલ ફાઉન્ડેશનનાં સી.એસ.આર હેડ શ્રી રમેશભાઇ મકવાણા સાથે સમગ્ર સી.એસ.આર ટીમ હાજર રહેલા. રાજુલા તાલુકાનાં આઇ.સી.ડી. એસ વિભાગનાં વડા શ્રી નયનાબેન તેમજ કિર્તિબેન અને તેમની ટીમ દ્વારા મહીલાઓનેઆઇ.સી.ડી. એસની યોજનાકીય માહીતી આપવામાં આવી હતી. મહીલા અભિયમ હેલ્પ લાઇનનાં રીટા પરમાર, પોલીસ સ્ટેશન બેઝડ સપોર્ટ સેંટરનાં નજમા દલ, સખી વન સ્ટોપ સેંટરનાં કોમલ દવે, રોજગાર કચેરીનાં કૌશીકભાઇ તથા એડવોકેટ શ્રી અરવીંદ ખુમાણ આ તમામ નિષ્ણાંતો દ્વારા મહીલાઓને જાગૃત કરવાનો યથાર્થ પ્રયાસ કરવામાં આવ્યો હતો. કાર્યક્રમનાં અંતે સહભાગી તમામ મહીલાઓને હાઇઝીન કીટ આપી પ્રોત્સાહીત કરવામાં આવી હતી જેમા વિવિધ આઇ.ઇ.સી મટીરીયલ સાથે સેનેટરી પેડસ અને બ્રેસ્ટ કેંસર અંગેની વિવિધતા સભર માહીતી વાળી પુસ્તીકા અને સંલગ્ન સાહીત્ય આપવામાં આવ્યુ હતુ. સમગ્ર કાર્યક્રમનું આયોજન જીએચસીએલ સી.એસ.આર વિભાગનાં પ્રોજેક્ટ ઓફીસર હનીફ કાળવાતર દ્વારા કરવામાં આવેલુ તેમજ શ્રી સરતાજબેન રાઠોડ, વૈશાલી બાખલકીયા અને પારૂલ વાણીયા દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલી.

# વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે થરાદ વિસ્તારમાં વિકાસના વિવિધ કાર્યોનું ખાતમુર્હુત/લોકાર્પણ કરાયું

માહિતી બ્યુરો,પાલનપુર



રાજ્યના વિકાસ માટે સરકારશ્રી હંમેશા પ્રયત્નશીલ છે. રાજ્ય સરકારના પ્રયત્નોથી રાજ્યના છેવાડાના વિસ્તારોમાં અનેકવિધ વિકાસને કાર્યોને વેગ મળ્યો છે. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને થરાદ વિસ્તારમાં વિવિધ વિકાસના કાર્યોનું ખાતમુર્હુત અને લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે વાવ-થરાદ નવો જિલ્લો જાહેર થતા ગૌસ્વામી સમાજ દ્વારા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી નો સત્કાર સમારોહ યોજાયો હતો. ગોસ્વામી સમાજના તમામ લોકોએ સરહદી વિસ્તારને નવા જિલ્લાની ભેટ આપવા બદલ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનો વિશેષ આભાર માન્યો હતો. અધ્યક્ષશ્રીએ ૨૭ લાખના ખર્ચે નિર્માણ પામનાર ડેલ અને ભાચર ગામના પેટા આરોગ્ય કેન્દ્રનું ખાતમુર્હુત કર્યું હતું. આ કામ આગામી સાત મહિનામાં પુરુ થવાની સંભાવના છે. થરાદના આ વિસ્તારમાં પેટા આરોગ્ય કેન્દ્ર બનવાથી આ વિસ્તારના લોકોને ઘર આંગણે જ આરોગ્ય સેવાઓ પ્રદાન કરી શકાશે. આ સાથે વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના હસ્તે અંદાજે ૧૬૫ લાખના ખર્ચે તૈયાર થયેલ ચૂડમેર થી વાયા મહાજનપુરા-દોલતપૂરા રોડનું ઉદઘાટન કરાયું હતું. ચૂડમેર,મહાજનપુરા અને દોલતપૂરા ગામને સદર રસ્તો નવો બનવાથી આ ગામ ટૂંકા અંતરથી પાકા રસ્તા સાથે જોડાશે. આ સાથે ત્રણ ગામના ખેતરોમાં વસવાટ કરતા ખેડૂતો અને પશુપાલકોને પાકા રસ્તાનો લાભ મળી રહેશે. ભાચર ખાતે આયોજિત ખાતમુર્હુત/લોકાર્પણ કાર્યક્રમમાં અધ્યક્ષશ્રીએ જણાવ્યું હતું કે, સૌના સાથ સહકારથી આ વિસ્તારમાં અનેકવિધ વિકાસના કાર્યો પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે.

### લિલીયા રોડ ઉપર સ્ટ્રીટ લાઇટ શિફ્ટીંગ ખુલ્લા પડેલા કેબલ વાયરની ગુમ થયેલ જે

# ટેક્નિકલ સોર્સ તથા હ્યુમન સોર્સની મદદથી 300 મીટર કેબલ વાયર શોધી "તેરા તુઝકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત અરજદારને પરત અપાવતી અમરેલી સીટી પોલીસ ટીમ

કિશોર આર. સોલંકી । જાફરાબાદ

ગઇ તા.૦૬-૦૭/૦૨/૨૦૨૫ ના રોજ રાત્રીના સમયે અમરેલી લીલીયા રોડ ફાટકથી અમરેલી લીલીયા રોડ સર્કલ સુધી સ્ટ્રીટ લાઇટ શિફ્ટીંગની કામગીરી ચાલુ હોય તે દરમ્યાન તા.૦૬-૦૭/૦૨/૨૦૨૫ ની રાત્રી દરમ્યાન સ્ટ્રીટ લાઇટનો કેબલ વાયર આશરે ૩૦૦ મીટર જેટલો હોય જેની કિ.રૂ.૩૫,૦૦૦/-નો ગુમ થયેલ હોય જે આજરોજ ગુમ થયેલ કેબલ વાયર રોકડીયાપરામાં પાછળના ભાગે નદીમાંથી કેબલ વાયર તમામ મુદ્દામાલ શોધી કાઢી અરજદારને પરત આપેલ છે.ભાવનગર રેન્જ આઈ.જી. ગૌતમ પરમાર તથા અમરેલી જીલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાત નાઓએ અમરેલી જીલ્લામાં બનવા પામેલ મિલકત સબંધીત ગુમના બનાવોમાં મુદ્દામાલ રિકવર કરી મુળ માલીકને પરત કરી 'તેરા તુઝકો અર્પણ" કાર્યક્રમને સફળ બનાવવા સુચના આપેલ હોય જે અન્વયે અમરેલી ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઇ નાઓ દ્વારા સુચના તથા માર્ગદર્શન આપેલ હોય.જે અન્વયે અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર ડી.કે. વાઘેલા ની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ સર્વેલન્સ ટીમ ASI રમેશભાઇ નશાભાઇ માલકીયા, PC ચિંતનકુમાર કનૈયાલાલ મારૂ, PC વનરાજભાઇ વલકુભાઇ માંજરીયા દ્વારા 'તેરા તુઝકો અર્પણ" કાર્યક્રમ લક્ષી કામગીરી કરવામાં આવેલ છે.



## સમગ્ર પરિક્રમા માર્ગમાં સ્વચ્છતા જાળવનાર સફાઇ કર્મીઓને જિલ્લા કલેકટરશ્રીએ ખેસ પહેરાવી સન્માન કર્યું

માહિતી બ્યુરો,પાલનપુર

શક્તિપીઠ અંબાજી ખાતે માતાજીની અસીમ કૃપાથી શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવના અંતિમ દિવસે લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓએ દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે પ્રવેશ ચોક ખાતે સમગ્ર પરિક્રમા માર્ગમાં સ્વચ્છતા જાળવનાર સફાઇ કર્મીઓનું જિલ્લા કલેકટરશ્રી મિહિર પટેલ દ્વારા ખેસ પહેરાવીને સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે જિલ્લા કલેકટરશ્રીએ જણાવ્યું હતું કે, અંબાજી પરિક્રમાને સ્વચ્છ અને સુંદર બનાવવા માટે સફાઈ કર્મીઓનું યોગદાન સૌથી મહત્વનું રહ્યું છે. અંબાજી ખાતે અંબાજી શક્તિપીઠ પરિક્રમા ખાતે સ્વચ્છતા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો. આ માટે જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે.દવેની અધ્યક્ષતામાં ૫૫૦થી વધુ સફાઈ કર્મીઓએ રાઉન્ડ ધ ક્લોક સ્વચ્છતા જાળવી હતી તે તમામ સફાઈ કર્મીઓની કામગીરીને બિરદાવવામાં આવી હતી. અંબાજી ગબ્બર ખાતે એક જ જગ્યાએ ૫૧ શક્તિપીઠોના દર્શન કરવાનો લ્હાવો મળતા સમગ્ર રાજ્યમાંથી લાખોની સંખ્યામાં યાત્રિકો ઉમટી પડ્યા હતા. તા. ૯ મી ફેબ્રુઆરીથી શરૂ થયેલા 'શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ'નાછેલ્લાદિવસે૧૧મીફેબ્રુઆરીસુધીમાંલાખોશ્રધ્ધાળુ-યાત્રાળુઓએ શ્રી ૫૧ શક્તિપીઠના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

# વઘઇ બોટનિકલ ગાર્ડનની આગળ એક કાર ચાલકે મોટરસાયકલને અડફેટમાં લેતા મોટરસાઇકલ ચાલકનું મોત નિપજ્યું

સુશીલ પવાર । ડાંગ



ડાંગ જિલ્લાનાં વઘઈ - સાપુતારા રોડ પર બોટનિકલ ગાર્ડનની આગળ એક અજાણ્યા ફોર વ્હીલ ચાલકે મોટરસાયકલને ટક્કર મારી દેતા અકસ્માત સર્જાયો હતો.આ અકસ્માતમાં મોટરસાયકલ ચાલકને શરીરે તથા માથાને ભાગે ગંભીર ઈજા પહોંચતા તેનું મોત નિપજ્યુ હતુ.વઘઈ તાલુકાના આમસરવળન ગામના જગદીશભાઈ જીવાભાઈ લોખંડીયા તેના સાળાની મોટર સાયકલ રજી.નં. GJ-30-E-5126 પર સવાર થઈને વઘઈ ખાતે પૈસા ઉપાડવા આવેલ હતા.અને પૈસા ઉપાડી સાકરપાતળ ખાતે તેમની પત્નીની બહેન જે દવાખાને સારવાર અર્થે દાખલ હોય જેઓની ખબર લેવા માટે જતો હતો. તે દરમ્યાન વઘઈ સાપુતારા રોડ ઉપર બોટનિકલ ગાર્ડનથી આગળ જતા સામેથી એક મારૂતિ કંપનીની ફ્રોન્સ ફોરવ્હીલ ગાડી રજી નં. GJ-15-CQ-0791નાં ચાલકે સાપુતારા તરફથી પોતાની લાઈન છોડી પોતાની ફોરવ્હીલ ગાડી પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવતા ચાલકે પોતાનો સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી તેની સાઈડ છોડી રોંગ સાઈડ ચલાવી લાવી સામેથી આવી રહેલ મોટરસાઈકલને અડફેટમાં લઈ લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં મોટરસાયકલ ચાલક જગદીશભાઈ લોખંડિયાને માથાના પાછળના ભાગે તથા શરીરે નાની મોટી ઈજા પહોંચતા તેનુ સારવાર દરમ્યાન મોત નિપજ્યુ હતુ.વઘઈ પોલીસે અકસ્માત અંગેનો ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## માર્ગ સલામતિ અભિયાન અંતર્ગત લુણાવાડા RSETI ખાતે તાલીમાર્થીઓને રોડ સેફ્ટી અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું



જગદીશ ત્રિવેદી । લુણાવાડા

રાજ્યમાં વધી રહેલ માર્ગ અકસ્માત નિયંત્રણમાં લાવવાં અને લોકોને માર્ગ સલામતી માટે માર્ગદર્શન મળી રહે તે માટે માર્ગ સલામતી અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો થકી લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે જેથી રાજ્યમાં અને જિલ્લામાં માર્ગ અકસ્માત અટકાવી શકાય. આજ રોજ માર્ગ સલામતી અભિયાન 2025 અંતર્ગત એઆરટીઓ લુણાવાડા દ્વારા bank of baroda દ્વારા સંચાલિત ગ્રામીણ સ્વરોજગાર તાલીમ સંસ્થામા (RSETI) તાલીમ લઈ રહેલા તાલીમાર્થીઓને મોટર વાહન નિરીક્ષક શ્રી એમ.એમ.પટેલ દ્વારા માર્ગ સલામતી અંગે માર્ગદર્શન આપ્યું અને રોડ સેફ્ટી પેમ્પ્લેટ નું વિતરણ કર્યું.

## ખેલ મહાકુંભ સૌરાષ્ટ્ર ઝોનની બહેનો માટેનીહોકી સ્પર્ધાનો તા.૧૩ ફેબ્રુઆરીએથી અમરેલી ખાતે યોજાશે

કિશોર આર. સોલંકી જાફરાબાદ

અમરેલી તા.૧૧ફેબ્રુઆરી,૨૦૨૫ ખેલ મહાકુંભ 3.0 અંતર્ગત મહિલા હોકી સ્પર્ધાઓ અમરેલી ખાતે યોજાશે.ઓપન એઈજ, અંડર-૧૭ અને અંડર-૧૪ વિવિધ વયમર્યાદાઓમાં આવતી સૌરાષ્ટ્ર ઝોનની મહિલા હોકી ખેલાડીઓની હોકી સ્પર્ધા ફેબ્રુઆરી-૨૦૨૫ની તા.૧૩ થી તા.૧૫ દરમિયાન યોજાશે. રાજ્ય સરકારના રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા ખેલ મહાકુંભ 3.0 અંતર્ગત ઝોન કક્ષાએ (ઇન્ટર ડિસ્ટ્રિક્ટ) ઓલમ્પિક રમતો (ફૂટબોલ, હેન્ડબોલ, હોકી, વોલીબોલ) અને નોન ઓલમ્પિક એટલે કે, કબડ્ડી, ખો-ખો, શૂટિંગબોલ અને રસ્સાખેંચ સ્પર્ધાઓ દરેક જિલ્લામાં તા.૮-૨-૨૦૨૫ થી તા.૨૧-૨-૨૦૨૫ દરમિયાન યોજવામાં આવી રહી છે, તેમ અમરેલી જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.


## સાપુતારા લેકવ્યુ હોટેલમાં લગ્નપ્રસંગે કન્યાદાન આપવા માટેનાં સોના ચાંદીના દાગીના સહિત 4.65 લાખ રૂપિયાનાં મુદ્દામાલની ચોરી થતા ચકચાર

સુશીલ પવાર । ડાંગ

સાપુતારા ખાતે આવેલ લેકવ્યુ હોટેલમાં રૂમ અને લગ્ન પ્રસંગ કરવા માટે લોન્સ બુક કરવામાં આવી હતી.જોકે આ લગ્ન પ્રસંગ દરમિયાન કન્યાદાન આપવા માટેનાં સોના ચાંદીના દાગીના સહિત 4.65 લાખ રૂપિયાના મુદ્દામાલની બેગ એક યુવક ત્યાંથી લઈ ગયો હતો ,જે ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. ત્યારે આ અજાણ્યા ચોર ઈસમ દ્વારા સોના ચાંદીની બેગ ક્ષણભરમાં જ ગાયબ કરી દેતા ચકચાર મચી જવા પામી હતી.અને સમગ્ર મામલો સાપુતારા પોલીસ મથકે પહોંચ્યો હતો.નર્મદા જિલ્લાના દેડિયાપાડા ગામ ખાતે રહેતા હરીશભાઈ મોતીભાઈ અગ્રવાલનીદીકરીપાયલનાં તા.02/02/2025નાં રોજ લગ્ન હોય, હરીશભાઈ અગ્રવાલે દીકરીના લગ્નના કન્યાદાનમાં આપવા માટે ભરૂચ ખાતેથી સોના ચાંદીના દાગીનાની ખરીદી કરી હતી.અને તા.01/02/2025 અને તા. 02/02/2025નાં રોજ સાપુતારા લેકવ્યુ હોટલમાં રૂમ અને લગ્ન પ્રસંગ કરવા માટે લોન્સ બુક કરાવેલ હતી. હરીશભાઈ અગ્રવાલ પરીવાર સાથે તા.01/02/2025નાં રોજ સાપુતારા લેકવ્યુ હોટલ ખાતે આવી ગયેલ હતા.તે જ દિવસે સાંજનાં છ વાગ્યે દીકરી પાયલ અને લવકુમાર રાજેન્દ્રકુમાર અગ્રવાલ સાથે સાપુતારા લેકવ્યુ હોટલ ખાતે લગ્નનાં સંગીત અને અન્ય પ્રસંગો રાખેલ હતા.જે બાદ તા.02/02/2025નાં રોજ જમાઈ લવ કુમારની મોસાળ વીધી રાખેલ હતી. તે વખતે હરિશભાઈની પત્ની સ્ટેજની પાસે દીકરી પાયલને કન્યાદાનમાં આપવા માટે એક બેગમાં લઈ આવેલ સોના ચાંદીના દાગીના, એક કવરમાં દીકરીને કન્યાદાનમાં આપવા 51,000/- રોકડા તથા (10) લગ્નના કામ માટે રૂપિયા બેગમાં રાખેલ 1,00,000/-રૂપીયા રોકડા તેમજ (11) એક VIVO V20 મોબાઈલ ફોન જેની કિંમત રૂપિયા 5000/- એમ મળી કુલ કિ.રૂ.4,15, 260/- નો મુદ્દામાલ હતો.તે બેગ હરીશભાઈ પાસે હતી અને હરીશભાઈ ની પત્ની તેમની બાજુની ખુરશી ઉપર બેસેલ હતી. અને દીકરી વરમાળાના પ્રસંગ વખતે લાઈટીંગ શો થતા હરીશભાઈ પાસેનો સોના ચાંદીના દાગીના અને રોકડા રૂપીયા અને મોબાઈલ મુકેલ બેગ ખુરશી ઉપર મુકી પત્નીને કહેલ કે, 'આ બેગ સંભાળો હું આગળ દીકરી પાસે જાવુ છું.

# પ્રયાગરાજના મહાકુંભ મેળામાં ઉત્તર ગુજરાતના રોટલા અને સૌરાષ્ટ્રના ગાંઠિયાની બોલબાલા

મહાકુંભના સેક્ટર - ૬ સ્થિત ગુજરાત પેવેલિયનમાં સખી મંડળની બહેનો દ્વારા સંચાલિત કાફેટેરિયામાં બનતા વ્યંજનોનો બિનગુજરાત ગુજરાતીઓને પણ લાગ્યો ચટકો તીર્થરાજ પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભ મેળો ગુજરાતની સખી મંડળની બહેનો માટે પણ રોજગારીનો અવસર લાવી છે. કુંભમેળામાં સંગમ સ્નાન કરવા માટે મોટી સંખ્યામાં જઈ રહેલા ગુજરાતીઓ માટે ગુજરાત સરકાર દ્વારા બનાવવામાં આવેલા પેવેલિયન પાસે ઉભી કરાયેલી કાફેટેરિયામાં ગુજરાતી વ્યંજનો બનાવવા અને પીરસવાની જવાબદારી ગુજરાતથી ગયેલી વિવિધ સખી મંડળની બહેનોને સોંપવામાં આવી છે. વિશેષ વાત તો એ છે કે, આ કાફેટેરિયામાં બનતા ગાંઠિયા અને કાઠિયાવાડી થાળીનો ચટકો અન્ય રાજ્યના સ્વાદરસિયાઓને પણ લાગ્યો છે.



પ્રયાગરાજમાં ગંગા નદીના વિશાળ પટમાં ઉભી કરવામાં આવેલા કુંભ મેળાના અલાયદા નગરમાં ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા સેક્ટર-૬માં ભારદ્વાજ નગર પાસે એક વિશાળ પેવેલિયન બનાવવામાં આવ્યું છે. અહીં યાત્રિકોને સાવ નજીવા દરે ઉતારો આપવામાં આવે છે. યાત્રાળુંઓની સુવિધાના ધ્યાને રાખી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે બીજા ૨૬૫ પથારીની સુવિધા સાથેનો ડોમ ઉદ્દઘાટિત કર્યો છે. ગુજરાત પેવેલિયનથી સંગમ સ્થાન માત્ર ચારેક કિલોમિટરના અંતરે છે. નાગવાસુકી મંદિરના રસ્તેથી સરળતાથી સંગમ સ્થાને જઇ શકાય છે. આ બાબતને ધ્યાને રાખી ગુજરાત પ્રવાસન નિગમનું પેવેલિયન લોકપ્રિય બન્યું છે. એસટી દ્વારા શરૂ કરવામાં આવેલી બસ સુવિધાના યાત્રીઓને પણ અહીં ઉતારવામાં આવે છે. ગુજરાત પેવેલિયનમાં રાજ્યના પ્રવાસન સ્થળોના નિદર્શન સાથે એક વિશેષ વાત એ ધ્યાને પડે છે કે, અહીં સખી મંડળની બહેનો દ્વારા કાફેટેરિયા ચલાવવામાં આવી રહ્યો છે. આ કાફેટેરિયામાં ચાકોફી ઉપરાંત ઉત્તર ગુજરાતના રોટલા સાથે કાઠિયાવાડી થાળી અને સૌરાષ્ટ્રના ગાંઠિયા પણ મળે છે. ગુજરાતી હોય એટલે સ્વાદમાં કોઇ કમી ના રહેવી જોઈએ ! એટલું જ નહીં, થેપલા પણ મળે છે બોલો ! પ્રયાગરાજથી પરત ફરતી વેળાએ ભાથામાં થેપલા લઇ જવા અહીં સખી મંડળની બહેનોને ઓર્ડર આપવામાં આવે છે. મહેસાણાથી અહીં આવેલા શિવ મિશન મંગલમ્ નામક સખી મંડળના જલ્પાબેન ઠાકોરના હાથથી બનેલા બાજરાના રોટલાનો સ્વાદ તો બિનગુજરાતીઓને પણ લાગ્યો છે. જલ્પાબેન અને તેમના પતિ રાહુલભાઇએ અહીં સ્ટોલ લગાવ્યો છે અને સાવ સસ્તા દરે રોટલા સાથે કાઠિયાવાડી, ગુજરાતી થાળી જમાડે છે. જલ્પાબેનના હાથે વાઘારેલા શાક અને મસળી મસળી બનાવેલા કડક રોટલા થોડા સમયમાં જ અહીં લોકપ્રિય બની ગયા છે. બીજા રાજ્યના લોકો પણ અહીં કાઠિયાવાડી થાળી જમવા આવે છે. આ યુગલ પ્રતિદિન સાતથી આઠ હજારની કમાણી આસાનીથી કરી લે છે.

### હાર્દ સમાન લુણાવાડા એસટી સ્ટેન્ડમાં........

# પે એન્ડ પાર્કિંગના ઈજારેદારને ફાળવેલી જગ્યા કરતાં વધુ જગ્યાને બાનમાં લઈને દુર્ઘટનાને નિમંત્રણ આપી રહ્યા હોય તેવું જણાઈ રહ્યું છે

જગદીશ ત્રિવેદી । લુણાવાડા



લુણાવાડા એસટી ડેપોના સ્થાનિક સત્તાધિસો ના સૂચક મૌન સાથે ઈજારાદાર પર સત્તાધીશોની છત્રછાયા અને ચાર હાથ હોય તેવું જોવા મળી રહ્યું છે. મહીસાગર જિલ્લાના વડા મથક લુણાવાડા નગરના એસટી સ્ટેન્ડ ની અંદર મુસાફર જનતાને પોતાના વાહનોને પાર્કિંગની સુવિધા મળી રહે તે માટે એસટી સ્ટેન્ડમાં જ પે એન્ડ પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે જેમાં એસટી તંત્ર દ્વારા જે તે ઈજારેદાર ને ટેન્ડર ની જોગવાઈ મુજબ પે એન્ડ પાર્કિંગ માટે અંદાજે ૫૦૦ ચોરસ મીટર જગ્યા આપવાની જોગવાઈ કરવામાં આવેલી છે અને વાહન પાર્કિંગ માટે જે તે વાહન ચાલકે પાર્કિંગ ચાર્જની જે તે રકમ ભરવાની થતી હોય છે તે ચાર્જનો ભાવ પત્રક પણ મુસાફર જનતા વાંચી શકે તે રીતે પે એન્ડ પાર્કિંગ સ્ટેન્ડમાં રાખવાની જોગવાઈ છે. ત્યારે છેલ્લા કેટલાય સમયથી લુણાવાડા એસટી સ્ટેન્ડના પે એન્ડ પાર્કિંગના ઈજારેદાર દ્વારા ટેન્ડર ના નિયમોનું સરેઆમ ઉલ્લંઘન કરીને લુણાવાડા એસટી સ્ટેન્ડમાં ઈજારેદાર ને ફાળવેલ જગ્યા કરતો વધારે જગ્યા નો ઉપયોગ કરીને એસટી સ્ટેન્ડની વધારાની જગ્યા ને બાનમાં લઈને દુર્ઘટના ને નિમંત્રણ આપી રહ્યા હોય તેવું સ્પષ્ટ જણાઈ રહ્યું છે. ઈજારેદાર દ્વારા જે ગાડીઓ વધારાની જગ્યામાં પાર્કિંગ કરાવડાવે છે તેને અડીને જ એસટી કોર્પોરેશનની બસો પણ ઉભી રાખવામાં આવે છે જેના કારણે એસટી બસના ડ્રાઈવરો ને પોતાની બસો રિવર્સ લેવામાં કે આગળ પાછળ કરવામાં દુર્ઘટનાની દહેશત સેવાઈ રહેલી હોય તેવું જણાઈ રહ્યું છે જ્યારે બીજી બાજુ પે એન્ડ પાર્કિંગના ઈજારેદાર દ્વારા વાહન ચાલકો પાસે પાર્કિંગના નામે આડેધડ ચાર્જ વસૂલવામાં આવતો હોવાની પણ વ્યાપક ફરિયાદો વાહન ચાલકો માંથી ઊઠવા પામી છે. ત્યારે આ ગંભીર લેખાતી બાબતે લુણાવાડા ડેપોના સત્તાધિસો સૂચક મૌન ધારણ કરીને બેઠેલા જણાઈ રહ્યા છે ત્યારે આ પે એન્ડ પાર્કિંગના ઈજારેદાર સાથે ક્યાંક ને ક્યાંક લુણાવાડા એસટી ડેપોના સત્તાધીશોની મીલીભગત અને સાઠ ગોઠ તો નથી ને ? એવું મુસાફર જનતા માંથી અને વાહનચાલકો ના મુખેથી ચર્ચાઓ થતી સાંભળવા મળી રહી છે. જ્યારે બીજી બાજુ લુણાવાડા એસટી સ્ટેન્ડમાં આવેલ શૌચાલયની બાજુમાં ખુલ્લી જગ્યા આવેલી છે ત્યાં જો કોઈ મુસાફર કે વાહન ચાલક પોતાનું વાહન પાર્ક કરીને પેશાબ પાણી કરવા માટે જાય કે પોતાના કોઈ સગા વહાલા કે પોતાના બાળકો ને સ્ટેન્ડ ઉપર વાહન લઈને મૂકવા આવ્યા હોય ત્યારે તે વાહન મૂકીને બસ સ્ટેન્ડ ની અંદર જાય ત્યારે ઈજારેદાર દ્વારા મૂકવામાં એસ્ત ટી સ્ટેન્ડ માં મુકવામાં આવેલા ગેરકાયદેસર વ્યક્તિઓ વાહન ચાલકો સાથે ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરીને દાદાગીરી કરીને વાહન ને પે એન્ડ પાર્કિંગ એરિયામાં મુકાવવા માટે મજબૂર કરે છે જે બાબતે પણ ભૂતકાળમાં ઘણીવાર તું તું મે મે ના દૃશ્યો સર્જવા પામ્યા હતા ત્યારે વાહનચાલકો ને એક સામાન્ય મિનિટો ના પાર્કિંગ માટે પે એન્ડ પાર્કિંગમાં રૂપિયા ભરીને ગાડી પાર્ક કરવાનું કઈ રીતે પરવડી શકે ? તે પણ એક તપાસ માગી લે તેવો વિષય છે. ઈજારેદાર જ્યારે ઈજારો લઈને પે એન્ડ પાર્કિંગ શરૂ કર્યું ત્યારે લુણાવાડા ડેપોના સત્તાધીશો દ્વારા કે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તેની બાજુમાં જ આવેલી એક રૂમમાં ઘણા મહિનાઓ સુધી રહેવા માટેની વ્યવસ્થા પણ કરી આપવામાં આવી હતી.

## મહીસાગર જિલ્લાના મતદાન વિસ્તારમાં તા.૧૪/૦૨/૨૦૨૫ના રોજ સાંજના ૦૬.૦૦ કલાકથી ચુંટણી પ્રચાર બંધ કરવાનો જાહેરનામું બહાર પડાયું.

જગદીશ ત્રિવેદી । લુણાવાડા

મહીસાગર અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી સી વી લટાએ સમગ્ર મહીસાગર જિલ્લાના હદ વિસ્તારમાં જયાં જયાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ યોજાનાર છે મતવિસ્તારોમાં ૧૪/૦૨/૨૦૨૫ના સાંજના ૦૬,૦૦ કલાકથી તા.૧૬/૦૨/૨૦૨૫ ના સાંજના ૦૬.૦૦ કલાક સુધી કોઈ પણ વ્યક્તિ ચૂંટણી સબંધમાં કોઇ જાહેરસભા બોલાવશે નહી, યોજશે નહીં, સંબોધન કરશે નહી કે સરઘસ કાઢશે નહીં, સિનેમેટોગ્રાફ, ટેલીવિઝન,એલ.ઇ.ડી. અથવા આવા અન્ય સાધનોની સહાયથી ચૂંટણી સામગ્રી જાહેરમાં પ્રદર્શિત કરશે નહી.



# હોઠની ડેડ સ્કિન થઈ જશે ગુલાબી, ઘરે બેઠા કરી લો આ કામ

ઘણીવાર તમે જોયું હશે કે કેટલાક લોકો તેમના સૂકા હોઠ (Dry Lips)ને કારણે પરેશાન રહે છે. જેના કારણે તેમને શરમનો સામનો પણ કરવો પડે છે. આવી સ્થિતિમાં તમે કેટલાક ઘરેલું ઉપાયો અજમાવીને હોઠની ડેડ સ્કિને દૂર કરવાની સાથે-સાથે તમારા હોઠને નરમ અને ગુલાબી પણ બનાવી શકો છે. ચાલો જાણીએ આ ઘરેલું ઉપાય વિશે વિગતવાર

## હોઠની ડેડ સ્કિનને દૂર કરવાના ઉપાયો

- સૂકા હોઠ પાછળ ડિહાઈડ્રેશનની સમસ્યા જવાબદાર હોઈ શકે છે. આવી સ્થિતિમાં તે વ્યક્તિને ભરપૂર માત્રામાં પાણી પીવું જોઈએ.

દિવસમાં ઓછામાં ઓછા 8થી 9 ગ્લાસ પાણી પીવાથી ડેડ સ્કિનની સમસ્યાથી રાહત મળી શકે છે. સાથે જ શુષ્ક ત્વચા પણ દૂર થઈ શકે છે.

- શુષ્ક ત્વચાની સમસ્યાને દૂર કરવા માટે તમારે સમયાંતરે તમારા હોઠ પર ચોખ્ખુ ઘી અથવા ક્રીમ લગાવવું જોઈએ. આ એક જૂનો અને શ્રેષ્ઠ ઉપાય છે. આમ કરવાથી હોઠ ગુલાબી થઈ જશે અને ડેડ સ્કિનથી પણ રાહત મળશે.
- તમે તમારા હોઠ પર નાળિયેર તેલથી માલિશ કરશો તો તેમને ડ્રાઈ સ્કિનની સમસ્યાથી રાહત મળી શકે છે. આ તેલ ત્વચાની સમસ્યાને દૂર કરવામાં પણ ઉપયોગી છે.
- હોઠની શુષ્ક ત્વચાની સમસ્યા એલોવેરા જેલના ઉપયોગથી દૂર કરી શકાય છે. તમારા હોઠ પર એલોવેરા જેલ નિયમિત રીતે લગાવો. જો તમે ઈચ્છો તો દિવસમાં બે થી ત્રણ વાર પણ લગાવી શકો છો. આમ કરવાથી ડેડ સ્કિન દૂર થઈ શકે છે.

## Healthy And Fit Life

# રોજ સવારે જાગીને ખાવો આ બે વસ્તુ, કોઈ રોગ તમારી નજીક નહીં આવે



**રોગોને દૂર રાખવા માટે સ્વસ્થ આહાર, વ્યાયામ અને યોગ્ય જીવનશૈલી ખૂબ જ જરૂરી છે. આયુર્વેદ અનુસાર જો તમે અમુક વસ્તુઓને યોગ્ય રીતે ખાશો તો તમારા સ્વાસ્થ્યને બેવડો ફાયદો મળશે.**

**લસણ અને મધ:** આજના સમયમાં સ્વસ્થ રહેવું કોઈ પડકારથી ઓછું નથી. આજકાલ યુવાનોમાં પણ સ્વાસ્થ્ય સંબંધિત અનેક સમસ્યાઓ જોવા મળી રહી છે. સ્વસ્થ રહેવા માટે યોગ્ય આહાર અને યોગ્ય આદતો અપનાવવી ખૂબ જ જરૂરી છે. આયુર્વેદ અનુસાર, જો તમે યોગ્ય ખાદ્ય પદાર્થોને યોગ્ય સંયોજનમાં લો છો, તો તે સ્વાસ્થ્યને ઘણા ફાયદા આપી શકે છે. નિષ્ણાતોના મતે, આથો લસણ અને મધ એકસાથે ખાવાથી બમણો સ્વાસ્થ્ય લાભ મળે છે. નિષ્ણાતો પાસેથી જાણીએ કે તેમને ખાવાની સાચી રીત કઈ છે. આ માહિતી ડો.દીક્ષા ભાવસાર આપી રહ્યા છે. ડૉ. દીક્ષા આયુર્વેદિક ઉત્પાદનોની બ્રાન્ડ ધ કદંબ ટ્રી અને BAMS (બેચલર ઓફ આયુર્વેદ મેડિસિન)ના સ્થાપક છે.

## આથાવાળું લસણ અને મધ એકસાથે ખાવાથી ફાયદો થાય છે

- શિયાળામાં ખોરાકમાં આથાવાળું લસણ અને મધનો સમાવેશ કરવો જ જોઈએ.
- તે મોસમી તાવ, શરદી, ઉધરસ અને એલર્જી સામે લડવા માટે રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે.
- ખરાબ કોલેસ્ટ્રોલ ઘટાડે છે અને બ્લડ પ્રેશરને પણ નિયંત્રિત કરે છે.
- લસણ શરીરને ડિટોક્સિફાય કરવામાં ઉપયોગી છે.
- તે કેન્સર સામે લડવામાં પણ મદદ કરે છે.
- લસણ બેક્ટેરિયલ અને વાયરલ ચેપ સામે લડવામાં મદદ કરે છે, પાચનમાં સુધારો કરે છે અને રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે. તે કુદરતી એન્ટિબાયોટિક છે.
- મધ અનેક પ્રકારની એલર્જી ઘટાડે છે અને રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે.
- તે બ્લડ સુગરને પણ નિયંત્રિત કરે છે.
- મધ એન્ટી બેક્ટેરિયલ છે. તે શરીરને શરદી અને ઉધરસ સામે લડવાની શક્તિ આપે છે

- 1 કાચની બરણીને અડધી લસણથી ભરો.
- હવે તેને સંપૂર્ણપણે કાચા મધથી ભરો અને તેને ઢાંકીને રાખો.
- તેને 3-4 અઠવાડિયા સુધી આથો આવવા દો.
- શરૂઆતના દિવસોમાં મધ ઘટ્ટ થઈ જશે, પછી બરણીને સતત હલાવતા રહો. જેથી લસણની લવિંગ મધથી ઢંકાયેલી રહે.
- મધ પાતળું થવા લાગે ત્યારે પણ બંધ બરણીને દિવસમાં એકવાર હલાવો.
- તે 3-4 અઠવાડિયામાં ઉપયોગ માટે તૈયાર થઈ જશે.
- તમે દરરોજ સવારે ખાલી પેટે એક કળી ખાઈ શકો છો.

# શું તમને વધુ ભૂખ લાગે છે? આ તમારી ભૂખ નિયંત્રણમાં

શું તમને પણ વારંવાર ભૂખ લાગે છે? શું તમે પણ વધારાની કેલરી અને ચરબીનો વપરાશ કરો છો? આ 5 ખોરાક ભૂખને કાબૂમાં રાખવામાં મદદ કરશે. આજકાલ દરેક વ્યક્તિ વજન ઘટાડવા માટે સંઘર્ષ કરી રહી છે.તે સાથે જ ભૂખમરાની સમસ્યા પણ લોકોમાં રહે છે. આવી સ્થિતિમાં, જો તમને વારંવાર ભૂખ લાગે છે અને દરેક વખતે આવું કંઈક કહે છે, તો વજન ઓછું કરવું વધુ મુશ્કેલ બની જશે. આજે અમે તમને તે પાંચ વસ્તુઓ વિશે જણાવી રહ્યા છીએ, જેને ખાવાથી તમને જલ્દી ભૂખ લાગશે નહીં અને તમે તમારું વજન પણ સરળતાથી ઘટાડી શકશો. ન્યુટ્રિશનિસ્ટ લવ નીત બત્રા આ વિશે માહિતી આપી રહ્યા છે

## આ ખોરાક ભૂખને નિયંત્રિત કરે છે



બદામ એન્ટીઑક્સિડન્ટો, વિટામિન A, મેગ્નેશિયમ, તંદુરસ્ત ચરબી, પ્રોટીન અને ફાઇબરનો સમૃદ્ધ સ્ત્રોત છે . પ્રોટીન અને ફાઇબર બંને સંતૃપ્તિની લાગણી વધારવા માટે જાણીતા છે. આ ઉપરાંત, અભ્યાસમાં એવું પણ જાણવા મળ્યું છે કે બદામ ખાવાથી ભૂખ ઓછી લાગે છે.

નાળિયેર પણ એક ઉત્તમ નાસ્તો છે જે ભૂખની પીડા ઘટાડે છે. નારિયેળમાં કેટલાક એવા તત્વો હોય છે જે શરીરમાં ઝડપથી ચરબી બર્ન કરે છે અને ભૂખ ઓછી કરે છે.

નારિયેળના પલ્પમાં ફાઈબર હોય છે જે તમારી તૃપ્તિની લાગણીને વધારે છે અને અતિશય આહારને રોકવામાં મદદ કરી શકે છે. (વધુ ફાઈબર ખાવાના ગેરફાયદા)

ફણગાવેલા ચણા પ્રોટીન અને ફાઈબરથી ભરપૂર હોય છે જે સંપૂર્ણતાની લાગણી આપે છે. વાસ્તવમાં, પ્રોટીન પચવામાં વધુ સમય લે છે, હોર્મોનનું સ્તર ઘટાડે છે, અને સંભવિતપણે તમારા આગલા ભોજનમાં ઓછું ખાવામાં મદદ કરે છે.


છાશ એ પ્રોબાયોટિક પીણું છે. તેમાં પ્રોટીનનું પ્રમાણ વધુ હોય છે અને તે એક ઉત્તમ હાઈડ્રેટર પણ છે. છાશમાં ઉચ્ચ કેલ્શિયમ અને પ્રોટીન સામગ્રી ભૂખ ઓછી કરવામાં મદદ કરે છે.

આ સિવાય તમે તમારા આહારમાં શાકભાજીના રસને પણ સામેલ કરી શકો છો. તમારા આહારમાં એન્ટીઑક્સિડન્ટો અને ફાઇબર મેળવવા માટે શાકભાજીનો રસ એ એક સરળ રીત છે. આ તમને ભરપૂર રાખવામાં અને આંતરડાની સારી તંદુરસ્તી રાખવામાં મદદ કરે છે. હેલ્ધી ફેટ્સના ડોઝ તરીકે એક ચમચી શેકેલા શણના બીજ ઉમેરવાથી તમને લાંબા સમય સુધી પેટ ભરેલું અનુભવવામાં મદદ મળી શકે છે.

# જો તમે મસાલેદાર ખાવાના શોખીન છો તો બનાવો મેથી છોલેનું શાક, શિયાળામાં મજા પડી જશે...

**લંચ અથવા ડિનર માટે મેથી છોલે એક બેસ્ટ શાક હોય છે. શિયાળાની ઋતુમાં મેથીની આવક શરૂ થતાં જ મેથી છોલેને પસંદ કરતા લોકોમાં તેની ડિમાન્ડ ઘણી વધી જાય છે. શરીરને એનર્જી આપતું મેથી છોલેનું શાક પાર્ટી, ફંક્શનમાં પણ ખૂબ જ પસંદ કરવામાં આવે છે. જો ઘરમાં અચાનક કોઈ મહેમાન આવી જાય અને તેમના માટે સ્વાદિષ્ટ શાક બનાવવું હોય તો મેથી છોલે એક બેસ્ટ ઑપ્શન છે.**

**જો તમે પણ મેથી છોલેનું શાક પસંદ કરો છે, તો તેને નીચે જણાવેલી રેસિપીની મદદથી સરળતાથી બનાવી શકો છો અને તેને બનાવવામાં વધુ સમય પણ લાગતો નથી. આ શાકને બાળકોના લંચ બોક્સમાં પણ રાખી શકાય છે. તો ચાલો જાણીએ મેથી છોલે બનાવવાની સરળ રેસિપી**



## સામગ્રી

1 કપ કાબુલી ચણા (8 કલાક પલાળેલા), 2 કપ મેથીના પાન (ધોઈને બારીક સમારેલા), 1 ચમચી ઘી, 1 ચમચી જીરું, 2-3 તમાલપત્ર, 2 બારીક સમારેલી ડુંગળી, 1/2 બારીક સમારેલ લસણ, 1 ઈંચ બારીક સમારેલ આદુ, 2-3 બારીક સમારેલા લીલા મરચા, સ્વાદ મુજબ મીઠું, 1/2 ચમચી હળદર પાવડર, 1 ચમચી લાલ મરચું પાવડર, 1/2 ધાણાજીરું પાવડર, 1/2 ચમચી ગરમ મસાલા પાવડર, 2 બારીક સમારેલા ટામેટાં

## બનાવવાની રીત

સૌથી પહેલા પલાળેલા છોલે ચણાને એક કૂકરમાં નાખીને 7-8 સીટી થાય ત્યાં પકાવો. ત્યારબાદ બાફેલા ચણાને ગાળીને અલગ રાખી લો.

આ પછી એક કડાઈ લો અને તેમાં ઘી નાખીને ગરમ કરો, ત્યારબાદ તેમાં જીરું, તમાલપત્ર, આદુ, લસણ, લીલા મરચા અને ડુંગળીને સાંતળી લો. હવે તેમાં મીઠું, હળદર પાવડર અને ટામેટાં નાખો અને ટામેટાં નરમ થાય ત્યાં સુધી પકાવો. આ પછી મેથીના પાન ઉમેરો અને પછી લાલ મરચું પાવડર, ધાણાજીરું પાવડર, ગરમ મસાલા પાવડર ઉમેરો. છેલ્લે બાફેલા ચણા ઉમેરો અને તેને હલાવીને ત્યાં સુધી સાંતળો જ્યાં સુધી બધા મસાલા એક સાથે ન ભળી જાય. તૈયાર છે મેથી છોલેનું શાક.

# રસમલાઈનું નામ સાંભળી મોઢામાં પાણી આવી જશે, જાણો સરળ રેસિપી...

રસમલાઈનું નામ આવતાની સાથે જ ભલભલાના મોઢામાં પાણી આવી જાય છે. બહુજ ખાસ મહેમાન જ્યારે ઘરે આવે ત્યારે રસમલાઈ જેવી વાનગીઓ બનાવવામાં આવે છે. પરંતુ તેને ઘરે બનાવવાને ઘણા પરિવાર અઘરૂ માને છે. આથી બજારમાંથી રેડી ટૂ ઈટ એટલે કે તૈયાર રસમલાઈ લાવે છે.



## રસગુલ્લા માટે જરૂરી છે આ વસ્તુઓ...

| | |
|---|---|
| દૂધ - અડધો લિટર | ખાંડ - 100 ગ્રામ |
| ખાંડ - 400 ગ્રામ | બારીક સમારેલી બદામ |
| લીંબુનો રસ - 2 ચમચી | બારીક સમારેલું કાજુ - 2 ચમચી |
| પાણી - 3 કપ | કેસર |
| મલાઈ જરૂરી વસ્તુઓ છે- | એલચી પાવડર - 1 ચમચી |
| દૂધ - અડધો લિટર | |

## રસમલાઈ બનાવવાની રીત

- હવે રસમલાઈ બનાવવાની શરૂઆત કરીએ. સૌથી પહેલા એક તપેલીમાં થોડું પાણી નાખો.
- આ પછી તેમાં દૂધ ઉમેરો અને ઉકાળો.
- દુધ ઉકળવા લાગે ત્યારે તેમાં લીંબુનો રસ ઉમેરો.
- દુધ ફાટવા લાગે ત્યારે તેને કોટનના કપડામાં કાઢીને અલગ કરી લો.
- બે કલાક પછી પનીરને ઠંડા પાણીથી ધોઈ લો. આવું કરવાથી તેમાં રહેલી ખટાશ દૂર થશે.
- તે પછી આ ચીઝને હળવા હાથે ક્રશ કરી તેમાંથી બધુ જ પાણી કાઢી લો.
- પનીરને પ્લેટમાં કાઢી લો.
- હવે તેની નાની-નાની ગોળીઓ બનાવીને રાખો.
- હવે તવાને ગેસ પર મૂકો અને તેમાં 400 ગ્રામ ખાંડ અને પાણી ઉમેરો. ખાંડ થોડીવારમાં પાણીમાં ઓગળી જશે.
- હવે તેમાં રસગુલ્લા નાખો.
- બીજી તરફ દૂધ ઉમેરો અને ઉકળવા દો. જ્યારે તે ઉકળવા લાગે, ગેસને મધ્યમ રાખો અને કેસર ઉમેરો.
- દુધ ઘટ્ટ થાય એટલે તેમાં ખાંડ અને એલચી પાવડર નાખો.
- દૂધ ઘટ્ટ થઈ જાય પછી તેમાં રસગુલ્લા છોડી દો.
- ગેસ બંધ કરો અને ઉપર ઝીણી સમારેલી બદામ, કાજુ અને પિસ્તા ઉમેરો.
- હવે તેને ઓછામાં ઓછા ચાર કલાક માટે રેફ્રિજરેટરમાં રાખો.

તમારી રાસ મલાઈ તૈયાર છે. તેને સર્વ કરો.

# મહા કુંભમાં સ્નાન કરવાનો વિચાર કરવો એ પણ ઈશ્વરની કૃપા સમજો



**કર્મનું બંધન**

**- રુપાલી દવે**

અત્યારે ચારેબાજુ લોકોમાં મહા કુંભ મેળાનું આકર્ષણ વધારે જોવા મળ્યું છે.આ કારણોસર અનેક સમસ્યાઓ અને તકલીફ વેઠીને પણ લોકોનો પ્રયાગ રાજ તીર્થ તરફ પ્રયાણ વધ્યું છે.ન્યુઝ ચેનલો પર કાલ દેખાડવામાં આવેલ દ્રશ્યો કલાકો ના સખત ટ્રાફિક જામ નિહાળતા થયું કે હિન્દુત્વ માં ધર્મ પરત્વે ની આસ્થા લોકોની ટકી રહી છે.ટ્રાફિક માં ફસાયેલા લોકો ના મુખ પરના દ્રઢ નિશ્ચય ના દર્શન કરતા લાગ્યું કે ગમે તમે કરીને"કુંભ સ્નાન"તો કરશું જ.આની પાછળ નું કારણ શું? ટીવી પર થયેલ કુંભ અંતર્ગત વધારે પ્રચાર પ્રસાર કે અન્ય. જેટલા મુખ એટલી વાતો મોટાભાગ ની ન્યુઝ ચેનલોનું માનવું છે કે પ્રચાર પ્રસાર ન લીધે લોકોનું મહા કુંભ પ્રત્યે અભિગમ વધ્યો છે.જેમ ઘેઘૂર ઘટાદાર ઝાડને જમીન નો સહારો આવશક છે એમજ મનુષ્ય ને પણ ખુશખુશાલ અને સુખી જીવન જીવવા માટે "ધર્મ" ની અત્યંત આવશ્યકતા હોય છે. ભારત બિન સંપ્રદાય જીવન શૈલી ધરાવતો કરોડો લોકોનો દેશ છે એટલે ધર્મ માં પણ સમાનતા નથી. આ કારણોસર "મહા કુંભ" પબ્લિક ના અલગ અલગ મંતવ્ય રહેવાના.

હિન્દુ ધર્મમાં "મહાકુંભ" નું અત્યંત મહત્વ એટલે છે કે એ ૧૪૪ વર્ષ એ ખાસ મુહૂર્ત અને ગ્રહ ના સંયોગ થાય ત્યારે એ ગંગાજી ના પાણી માં અનુભવી શકાય છે.શાસ્ત્ર માં ત્રિવેણી સંગમ ને અત્યંત પવિત્ર મનુષ્ય ની સમગ્ર પાપની મુક્તિ કરાવનાર માન્યું છે.મહા કુંભ નુ નિર્માણ ત્રિવેણી સંગમમાં થાય છે ત્યારે એમાં મોક્ષ પ્રાપ્તિનું દુર્લભ અમૃત ભળી જાય છે. સમુદ્ર મંથન બાદ પ્રાપ્ત થયેલ અમૃત કુંભ ના અમૃત થી દેવો સાથે શનિ અને રાહુ ને પણ મોક્ષ ની પ્રાપ્તિ પ્રાપ્તિ થઈ હતી. અમૃત કુંભ માં વધેલું અમૃત મેળવવા દેવો અને દાનવો વચ્ચે ઝપાઝપી થઈ ત્યારે વધેલું અમૃત ગંગાજીના પ્રવાહ માં સમાઈ ગયું.આ કારણોસર ગંગાજી ને મોક્ષદાયિની માનવામાં આવે છે. જ્યારે અમૃત ગંગાજી માં ઢોળાયું ત્યારે જે તિથિ અને ગ્રહ નક્ષત્રો હતા એ શુભ મુહૂર્ત ને "મહાકુંભ" નો શુભ સુયોગ માનવામાં આવે છે.માન્યતા અનુસાર મહાકુંભ માં સ્નાન વખતે પિતૃઓના નામની અર્ધ્ય અર્પણ કરવાથી ભવા ગમન ન ચક્ર માં પડેલ પિતૃઓ મોક્ષ માર્ગે પ્રયાણ કરે છે. તો વિચારો મહા કુંભ ના શુભ સુયોગમાં સ્નાન કરવાનું મહત્વ કેટલું.

ગરુડ પુરાણ મુજબ મોક્ષની યાત્રા એટલે આત્માનું પરમાત્મા સાથેનું મિલન.તો શું અમૃત સ્નાન બાદ બધાને દેવ દુ:ખ,દર્દ,પરેશાની માંથી મુક્તિ મળી ને મોક્ષની પ્રાપ્તિ થઈ જશે? આ પ્રશ્ન નો જવાબ "ના" છે. ગંગાજી ના પ્રવાહ માંનું અમૃત મહાકુંભમાં સ્નાન કરનાર બધાને સ્પર્શતું નથી. અમૃત નો સ્પર્શ તો તાઓની કથા મુજબ જેણે એના જીવનમાં એકપણ પાપ ન કર્યું હોય એને જ પ્રાપ્ત થાય છે.આનો અર્થ એ કે કરોડો માં એક વ્યક્તિ ને જ મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે.,મોક્ષનપ્રાપ્ત થયા બાદ ભવોભવના ફેરા ટળી જાય છે.સત્ય તો એ છે કે મોક્ષ કદાચ અબજો માં એક ને મળતું હશે.કેમ? આની પાછળ નું મુખ્ય કારણ એ છે કે દુનિયાના દરેક માણસ ની અંદર "મોહ અને મદ, ઈચ્છાઓ, અપેક્ષાઓ" ભરપુર હોવાની. દંભ નામનો નાનકડો કીડો લોકોમાં રહેવાનો. કળયુગ માં આશ્રમો પણ અત્યંત વૈભવી અને આલીશાન ગૃહસ્થ ના નિવાસ સમાન સુખ સગવડતા થી ભરપુર હોય છે. શાસ્ત્ર મુજબ દિક્ષા બાદ ત્રણ ચીજો કંચન, કામિની અને સુખનો ત્યાગ મનુષ્ય એ કરીને શરીર ને ટકાવવા પૂરતું પર્યાપ્ત માત્રા મા ભોજન લેવાનું હોય છે. સંન્યાસ ધર્મ નો ચુસ્ત પણે એટલે સન્યાસી એ એના ભોજન થી લઈને એના બધાજ કાર્યો ખુદ એ કરવા પડતા હોય છે.રામાયણ માં તુલસીદાસ જી એ કળયુગ વિશે લખ્યું છે કે કળયુગમાં સન્યાસી ગૃહસ્થ અને ગૃહસ્થ સન્યાસી જેવું જીવન વ્યતીત કરશે.કદાચ સાચો સંત કે ગુરુ ભાગ્યેજ ખુદને લોકો સમક્ષ પ્રગટ થવા દેશે, કેમ? કળયુગ નો ભય સાચા સંત કે ગુરુ ને સખત સતાવતો હોય છે.

માન્યતા અનુસાર જીભ જ માણસ ને ડુબાડે છે ને જીભ નો સ્વાદ જ બંધન માં નાખે છે.હિન્દુ ધર્મના શાસ્ત્ર મા ભોજન ને પણ કર્મ બંધન નું કારણ માન્યું છે. પુરાણ મુજબ ભોજન ન પણ નીતિ નિયમો હોય છે જેમકે સન્યાસી, ગૃહસ્થ ને કેટલા કોળિયા અન્ન ગ્રહણ કરવું વગેરે.આ ઉપરાંત ગૃહસ્થ એ વકીલ,ડોક્ટર, વેપારી, રાજકારણીના ઘરનું અન્ન જળ લેવું નિષેધ ગણવામાં આવ્યુંછે. ન્યાય ના માર્ગે થયેલ કમાણી નું ભોજન જ સ્વીકાર્ય માન્યું છે. ધન થી વૈભવ ખરીદી શકાય છે પરંતુ સુખ પ્રાપ્ત કરી શકાતું નથી.પરિશ્રમ થી મેળવેલ ધન જ સુખ અને જમ્યા બાદ સુખ નો ઓડકાર આપી શકે છે.

મહા કુંભ માં સ્નાન કરવાનો વિચાર કરવો એ પણ ઈશ્વર ની કૃપા સમજો,ઈશ્વરની કૃપા વગર કશુંય શક્ય નથી. પરંતુ મહા કુંભ માં ભોજન થી લઈને રહેવા સુવાની વ્યવસ્થા માં ઉદ્યોગપતિઓ ના લોટસ ઓફ અધધધ રૂપિયા લાગ્યા છે.ત્યાં ઉતમ માંથી ઉતમ યાત્રીઓ માટે ટેન્ટ માં રહેવા જમવાની સરકારી અને ખાનગી વ્યવસ્થા ઉપલબ્ધ છે. આ વ્યવસ્થાઓ નો મોટાભાગ ના લોકો ભરપૂર ઉપયોગ પણ કરે છે. એમાં ખોટું શું છે? આટઆટલી ઉતમ સગવડતા ઓનો પબ્લિક જ લાભ લેવાની ને.

મફત મળતું ભોજન ગ્રહણ કરવામાં કે ભેટ સ્વીકારવા માં પણ ધ્યાન રાખવું જરૂરી છે. આપનારની વસ્તુઓ કે ભોજન પર એના કર્મો ની છાપ લાગેલી હોય છે. તમે ભોજન કે ભેટ સ્વીકારો છો ત્યારે દાન કરનાર વ્યક્તિ ના કર્મ અને દુષ્કર્મના હિસ્સેદાર ઓટોમેટિક બનો છો. ઘણીવાર આપણા ને પ્રશ્ન થાય કે દુનિયા બનાવનાર ઈશ્વર એ ધનિક ને વધારે ધનિક અને ગરીબ ને ગરીબ કેમ રાખ્યો હશે? આ પ્રશ્ન ના જવાબમાં પ્રારંભ અને અંત સુધી તમે જ છો.

એના પાપ કર્મો થી એકઠા કરેલ અન્ન ભેટ સ્વીકારીને તમે એના જાણે અજાણ્યે પાપ ના ભાગીદાર બની જાવ છો. સામન્ય માંથી સર્વસ્વ થવાની સીડી પર ચડનાર માણસ ના જીવનની કથની નજીક થી સમજશો ને તો સમજાશે કે એની સફળતા માં તમારો ૫૦% થી વધારે સાથ હતો.

સામન્ય જીવન વ્યવસ્થા માં બનતા ઉદાહરણ મુજબ માતાપિતા ને બે દીકરા માંથી નાનાનું ખેંચાણ વધારે હોય છે.માતા પિતા અને મોટા દીકરાનું નાના પ્રત્યે ના આકર્ષણ ના લીધે ખેંચાણ વધી જાય છે.આ આકર્ષણ માં માતા પિતા અને ભાઈ માટે નાનો જીવનનું મુખ્ય ધ્યેય બનવા લાગે છે.નાનાની કેરિયર થી લઈને લગ્ન જીવન પણ મોટા પુત્ર કરતા વધારે ખુશ ખુશાલ નજરે પડશે. પરિવાર ના મુખ્ય ત્રણ વ્યક્તિ નું ધ્યેય જ નાનો બનતા ત્રણેય ના અવિરત આશીર્વાદ ના લીધે નાનો દીકરો ભાગ્યેજ નિષ્ફળ થતા હોય છે. ભગવાન એ પુણ્ય કરવા કરતા પુણ્ય કમાવવું નું સૂચવ્યું છે તમારા દ્વારા થયેલ સારા પુણ્ય કર્મ એ સુખ ની ચાવી છે.સુખ ની ચાવી ને વાપરવાની કળા માણસ પાસે હોય છે પરંતુ એ લાગણીવશ અને લોભ લાલચવશ વેડફી નાખતો હોય છે. જો ખુદ ના માટે અને અન્યાય સામે યુદ્ધ કરવું પાપ માનવા માં આવતું હોય તો ભગવાન શ્રી કૃષ્ણ એ અર્જુન ને મહાભારત ના રણ મેદાન માં સામે ઉભેલ વડીલ વર્ગ સાથે શાસ્ત્રો ઉપાડવાની સલાહ ન આપી હોત..

### લાઇવ કોન્સર્ટમાં સોનુ નિગમનો ઓડિયન્સ પર પિત્તો ગયો, બોલ્યો- તમે મારો ટાઇમ બરબાદ કરો છો...

# ‘તમારે ઊભા રહેવું જ છે તો ચૂંટણીમાં ઊભા રહો...’

ગઈકાલે કોલકાતામાં સિંગર સોનુ નિગમનો કોન્સર્ટ હતો. સિંગરે દર્શકોનું ભરપૂર મનોરંજન કરાવ્યું હતું. જોકે, લાઇવ કોન્સર્ટમાં એવું બન્યું કે સોનુ નિગમનો ઓડિયન્સ પર પિત્તો જતો રહ્યો. તેનો વીડિયો ખૂબ જ વાઈરલ થઈ રહ્યો છે. તેના પર્ફોર્મન્સ દરમિયાન કેટલાક પ્રેક્ષકો ઊભા હતા. જેને જોઈને સિંગર ભડક્યો હતો.
સોનુ નિગમનો ઓડિયન્સ પર પિત્તો ગયો સોનુ નિગમની વાઈરલ ક્લિપમાં સંભળાય છે કે, તમારે ઊભા રહેવું જ છે તો ચૂંટણીમાં ઊભા રહો, યાર. પ્લીઝ તમે બેસી જાવ. જલ્દી કરો...તમને ખબર છે તમે મારો ટાઈમ બરબાદ કરો છો. જલ્દી બેસો કા તો બહાર નીકળો, આ જગ્યા ઝડપથી ખાલી કરી દો...આ પ્રકારે કોન્સર્ટ અટકાવીને સિંગરે ઓડિયન્સને ટોકી હતી અને વધારાની ભીડને કોન્સર્ટમાંથી હાંકી કાઢી હતી. લોકોએ સોનુ નિગમને સ્પોર્ટ કર્યો આ ક્લિપ સામે આવ્યા પછી, કેટલાક લોકોએ સોનુ નિગમનું સ્પોર્ટ કર્યો છે.
એક યુઝરે લખ્યું, ફરી એ જ જગ્યા, કોલકાતા... સિંગરને જાતે કરવું પડ્યું કારણ કે તે જાણે છે કે આ પ્રકારના મેનેજમેન્ટ અને સુરક્ષાને કારણે kk સાથે શું થયું...' બીજાએ લખ્યું, ‘હું ગઈકાલે કોન્સર્ટમાં હતો. ત્યાંનું મેનેજમેન્ટ ખૂબ જ ખરાબ હતું તે જોઈને મને ખૂબ દુઃખ થયું. અન્ય કોમેન્ટમાં લખ્યું હતું કે, કોલકાતામાં હંમેશા આવી અવ્યવસ્થાઓ જોવા મળે જ છે, જુઓ kk સાથે શું થયું.



**‘કોન્સર્ટ દરમિયાન મને પીઠનો દુખાવો થયો હતો’** થોડા દિવસો પહેલાં સોનુ નિગમને એક લાઈવ શોમાં કમરમાં અચાનક દુખાવો ઉપડ્યો હતો. સિંગરે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો હતો, જેમાં તે બેડ પર સૂતો જોવા મળ્યો હતો.
તેણે કહ્યું હતું કે, આ મારા જીવનનો સૌથી મુશ્કેલ દિવસ હતો, પણ તે સંતોષથી ભરેલો હતો. હું ગાતો હતો અને ઊછળકૂદ કરતો હતો, જેના કારણે મારી કમર જકડાઈ ગઈ. હું ક્યારેય લોકોની અપેક્ષા કરતાં ઓછું આપવા માગતો નથી. માટે મેં મારું બેસ્ટ આપવાનો પ્રયાસ કર્યો.
સિંગરે તેની કરિયરમાં લગભગ 320 ફિલ્મો માટે ગીતો ગાયાં છે ‘તેરા મિલના પલ દો પલ કા’, ‘દિવાના તેરા’, ‘અભી મુઝ મે કહી’, ‘યે દિલ દિવાના’ જેવાં અનેક સુપરહિટ ગીતો ગાયાં છે. સોનુ નિગમે તેની 3 દાયકાની કરિયરમાં લગભગ 320 ફિલ્મો માટે ગીતો ગાયાં છે. તેને અત્યાર સુધીમાં બે વખત ફિલ્મફેર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યો છે. સોનુને ફિલ્મ ‘કલ હો ના હો’ ના ટાઈટલ ટ્રેક માટે નેશનલ ફિલ્મ એવોર્ડ પણ મળ્યો છે.

**સિંગિગ માટે ઘણા પુરસ્કારો જીત્યા છે સ્ટેજ સિંગર** તરીકે પોતાની કારકિર્દી શરૂ કરનાર સોનુ નિગમે ‘મોર્ડન રફી’નું બિરુદ મેળવ્યું છે. તેમની કારકિર્દીમાં, તેમણે 32થી વધુ ભાષાઓમાં આશરે 6 હજાર ગીતો ગાયા છે. શાનદાર સિંગિગ માટે, તેને રાષ્ટ્રીય પુરસ્કાર, ફિલ્મફેર પુરસ્કાર સહિત અનેક પુરસ્કારોથી સન્માનિત કરવામાં આવ્યો છે. સોનુ નિગમને વર્ષ 2022 માં પદ્મશ્રી એવોર્ડ મળ્યો છે.
‘હું ગઈકાલે કોન્સર્ટમાં હતો. ત્યાંનું મેનેજમેન્ટ ખૂબ જ ખરાબ હતું તે જોઈને મને ખૂબ દુઃખ થયું. અન્ય કોમેન્ટમાં લખ્યું હતું કે, કોલકાતામાં હંમેશા આવી અવ્યવસ્થાઓ જોવા મળે જ છે, જુઓ kk સાથે શું થયું.

# ‘સનાતન ધર્મની વાતો કરે છે પણ વિચારોમાં ગંદવાડ’

### બી પ્રાક રણવીર અલ્હાબાદિયાના પોડકાસ્ટમાં નહીં જાય, સમય રૈનાના પર પણ ભડક્યો

(એજન્સી) મુંબઈ | તા.11

યુટ્યૂબર રણવીર અલ્લાહાબાદિયાએ સમય રૈનાના શોમાં માતા-પિતા અને મહિલાઓ પર અભદ્ર ટિપ્પણીઓ કરી હતી. જેની સોશિયલ મીડિયા પર ખૂબ જ ટીકા કરવામાં આવી. હવે આ મામલે સિંગર બી પ્રાક યુટ્યૂબર રણવીર અલ્હાબાદિયાના પોડકાસ્ટ પર નહીં જાય. તેણે કહ્યું- હું ‘બીયર બાયસેપ્સ’ પોડકાસ્ટ પર જવાનો હતો, પણ હવે તે રદ કરું છું.
કારણ એ છે કે તેમની માનસિકતા ખૂબ જ હલકી છે. સમય રૈનાના શોમાં જે રીતે ટિપ્પણીઓ કરવામાં આવી આ આપણી ભારતીય સંસ્કૃતિ નથી. બી પ્રાકે ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરીને આ વાત કહી.
‘સનાતન ધર્મની વાતો કરે છે પણ વિચારોમાં ગંદવાડ’ બી પ્રાકે કહ્યું, તું (રણવીર) તારા માતા-પિતા વિશે કઈ સ્ટોરી કહી રહ્યો છે? તમે આ વિશે કઈ રીતે વાત કરી રહ્યા છો? શું આ કોમેડિ છે? આ કોમેડિ બિલકુલ નથી કહેવાતી. લોકોને દુર્વ્યવહાર કરવો, લોકોને દુર્વ્યવહાર કરવાનું શીખવવું એ સ્ટેન્ડ-અપ કોમેડિ નથી. મને સમજાતું નથી કે આ કઈ જનરેશન છે. શોમાં એક સરદાર (બલરાજ ઘાઈ) જી આવે છે.
સરદારજી, તમે શીખ છો, શું આ વસ્તુઓ તમને શોભે છે? સરદારજી ઈન્સ્ટાગ્રામ વીડિયોમાં કહે છે કે હું ગાળો બોલું છું, શું સમસ્યા છે. અમને પ્રોબ્લેમ છે અને તે રહેશે.
રણવીર અલ્હાબાદિયા, તમે સનાતન ધર્મનો પ્રચાર કરો છો. તમારા પોડકાસ્ટ પર આટલા મોટા લોકો આવે છે, આટલા મહાન સંતો આવે છે અને તમારી વિચારસરણી આટલી હલકી છે. તમે ખૂબ પ્રખ્યાત થઈ ગયા છો. તમારે તમારી સંસ્કૃતિને કેવી રીતે પ્રોત્સાહન આપવું તે બતાવવું જોઈએ.

## ‘જો આ બાબતો બંધ નહીં થાય તો આવનારી પેઢીનું ભવિષ્ય બરબાદ થઈ જશે’

સિંગર કહે છે, મિત્રો, હું તમને ફક્ત એક જ વાત કહીશ કે જો આપણે આ બધી બાબતોને રોકી નહીં શકીએ, તો આપણી આવનારી પેઢીનું ભવિષ્ય ખૂબ જ ખરાબ થશે. હું સમય રૈના સહિત બધા હાસ્ય કલાકારોને હાથ જોડીને વિનંતી કરું છું કે તેઓ આવું ન કરે. આપણી ભારતીય સંસ્કૃતિનું જતન કરો અને લોકોને પ્રેરણા આપો. એવી સામગ્રી બનાવો જે ભાવિ પેઢીઓને પ્રેરણા આપે. આભાર, રાધે-રાધે.

વિવાદ વધતાં યુટ્યૂબ પરથી એપિસોડ હટાવી દેવાયો ‘ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ’ એ સ્ટેન્ડ-અપ કોમેડિયન સમય રૈનાનો શો છે, જે વિવાદનો સામનો કરી રહ્યો છે. આ એપિસોડ 8 ફેબ્રુઆરીના રોજ યુટ્યૂબ પર રિલીઝ થયો હતો. જોકે, વિવાદ વધ્યા બાદ, આ એપિસોડને યુટ્યૂબ પરથી દૂર કરવામાં આવ્યો છે.

આ શોમાં માતા-પિતા અને મહિલાઓ વિશે એવી વાતો કહેવામાં આવી હતી, સમય રૈનાના આ શોમાં બોલ્ડ કોમેડી કન્ટેન્ટ છે. આ શોના વિશ્વભરમાં 7.3 મિલિયનથી વધુ સબ્સ્ક્રાઈબર્સ છે. આ શોના દરેક એપિસોડને યુટ્યૂબ પર સરેરાશ 20 મિલિયનથી વધુ વ્યૂઝ મળે છે. સમય અને બલરાજ ઘાઈ સિવાય શોના દરેક એપિસોડમાં જજ બદલાતા રહે છે. દરેક એપિસોડમાં એક નવા સ્પર્ધકને પરફોર્મ કરવાની તક મળે છે.



# અજિત કુમાર માંડ માંડ બચ્યાં!



### પોર્ટુગલમાં પ્રેક્ટિસ સેશન દરમિયાન રેસિંગ ટ્રેક પર કાબુ ગુમાવ્યો, એક મહિનામાં સાઉથ સુપરસ્ટારનો બીજો અકસ્માત...

(એજન્સી) મુંબઈ | તા.11

સાઉથ સુપરસ્ટાર અજિત કુમારનો પોર્ટુગલમાં અકસ્માત થયો છે. જોકે, તેને કોઈ ઈજા થઈ નથી. આ ઘટનાની માહિતી અજીતે પોતે આપી છે. અજિત એક મોટર સ્પોર્ટ ઈવેન્ટમાં ભાગ લેવા જઈ રહ્યો હતો. પ્રેક્ટિસ સેશન દરમિયાન, રેસિંગ ટ્રેક પર તેની કારનો અકસ્માત થયો.
‘અકસ્માત નાનો હતો, કોઈને નુકસાન થયું નથી’ એક ઈન્ટરવ્યૂમાં આ ઘટનાનો ઉલ્લેખ કરતા અજિતે કહ્યું, અમે ફરીથી સારો સમય વિતાવી રહ્યા છીએ. અમારો એક નાનો અકસ્માત થયો. સદનસીબે કોઈને કંઈ થયું નહીં. અમે ફરી કાર રેસ જીતીશું અને આપણું ગૌરવ સ્થાપિત કરીશું. અકસ્માત દરમિયાન અમને સાથ આપનારા અમારા મિત્રોનો અમે આભાર માનવા માગીએ છીએ. ગયા મહિને પણ એક અકસ્માત થયો હતો, હું માંડ માંડ બચ્યો આ વર્ષે આ બીજી વખત છે જ્યારે અજિત અકસ્માતનો ભોગ બન્યો છે. ગયા મહિને 8 જાન્યુઆરીએ, અજીતનો દુબઈમાં અકસ્માત થયો હતો. ત્યારે પણ તેને કોઈ ઈજા થઈ ન હતી. તે 24H દુબઈ 2025 કાર રેસિંગ સ્પર્ધામાં ભાગ લેવા માટે દુબઈમાં હતો. જેના માટે એક્ટરે છ કલાક લાંબો પ્રેક્ટિસ સેશન કર્યો હતો. પ્રેક્ટિસ સેશસનમાં સમાપ્ત થાય તેની થોડી મિનિટો પહેલા જ અજિતની પોર્શ કાર બેરિયર સાથે ખરાબ રીતે અથડાઈ ગઈ.
અજીત કુમારના પ્રેક્ટિસ સેશનનો એક વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. વીડિયોમાં, અજિતની કારે અચાનક કાબુ ગુમાવ્યો અને ટ્રેક પર ખરાબ રાતે અથડાય. આ પછી તરત જ, અજિતને કારમાંથી બહાર કાઢવામાં આવ્યો.
અજિતની ફિલ્મે ભારતમાં ચાર દિવસમાં 62 કરોડ રૂપિયાની કમાણી કરી 6 ફેબ્રુઆરીએ રિલીઝ થયેલી અજિત કુમારની ફિલ્મ ‘વિદામુયાર્ચી’ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. ભારતમાં આ ફિલ્મે માત્ર ચાર દિવસમાં 62 કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ ફિલ્મે કુલ કમાણીમાં 122 કરોડ રૂપિયાનો આંકડો પાર કરી લીધો છે. હાલમાં, અજિત તેની આગામી ફિલ્મ ‘ગુડ બેડ અગ્લી’ની તૈયારી કરી રહ્યો છે. આ ફિલ્મ અધિક રવિચંદ્રન દ્વારા ડિરેક્ટ કરવામાં આવ્યું છે.

# ‘18 વર્ષથી અજય દેવગન સાથે વાત નથી કરી’

### ડિરેક્ટર અનુભવે કહ્યું- તે મારા મેસેજ પણ નથી જોતો, કદાચ તે ભૂલી ગયો હશે

(એજન્સી) મુંબઈ | તા.11

ડિરેક્ટર અનુભવ સિંહાએ તાજેતરમાં તેના પર્સનલ અને પ્રોફેશનલ જીવન વિશે વાત કરી. તેણે જણાવ્યું કે તેની અને અજય દેવગનની છેલ્લી વાત ફિલ્મ ‘કેશ’ દરમિયાન થઈ હતી. ફિલ્મ રિલીઝ થયાને 18 વર્ષ થઈ ગયા છે, પણ અજય અને અનુભવે ક્યારેય એકબીજા સાથે વાત કરી નથી. ડિરેક્ટરે આ માટેનું કારણ પણ જણાવ્યું હતું.
અનુભવે અજય સાથે વાત ન કરવાનું કારણ જણાવ્યું અનુભવ સિંહાએ લલ્લાન્ટોપ સાથે વાત કરતા કહ્યું, અમારી વચ્ચે ક્યારેય કોઈ ઝઘડો થયો નથી. તે મારી સાથે વાત જ નથી કરતો અને મને ખબર નથી કે શા માટે. ફિલ્મ ‘કેશ’ બની ત્યારથી અમે એકબીજાને મળ્યા પણ નથી. કદાચ તે મને અવગણે છે અથવા તેના મનમાં કંઈક બીજું હોઈ શકે છે. મેં તેને બે-ત્રણ વાર મેસેજ પણ કર્યો, પણ તેના તરફથી કોઈ જવાબ મળ્યો નહીં. તો મેં મનમાં વિચાર્યું કે કદાચ તે ભૂલી ગયો હશે અથવા તેણે મારો મેસેજ જોયો નહીં હોય. પણ, અમને વાત કર્યાને લગભગ 18 વર્ષ થઈ ગયા છે.
‘અમારી વચ્ચે ક્યારેય કોઈ વિવાદ થયો નથી’ ડિરેક્ટરને પૂછવામાં આવ્યું કે શું ફિલ્મના શૂટિંગ દરમિયાન તેની વચ્ચે કોઈ વિવાદ થયો હતો? જેના જવાબમાં તેણે કહ્યું- ના, અમારી વચ્ચે ક્યારેય કોઈ વિવાદ થયો નથી. હા, તે સમયે પ્રોડ્યૂસર અને ફાઈનાન્સર વચ્ચે વિવાદ હતો.
ડિરેક્ટરને પૂછવામાં આવ્યું કે શું અજય દેવગન જેમાં કામ



કરવા માંગતા હતા તે કોઈ ગીત અંગે કોઈ વિવાદ છે? જવાબમાં તેમણે કહ્યું - કોઈપણ ગીતને લઈને કોઈ વિવાદ થયો નથી.
‘યારો કે યાર હૈ અજય દેવગન’ ડિરેક્ટર અનુભવે અજયના વખાણ કરતા કહ્યું- અજય મારા ફેવરિટ કલાકારોમાંનો એક હતો. મને તે એક કલાકાર અને એક વ્યક્તિ તરીકે ખૂબ ગમતો. મને તેની સાથે રહેવું અને કામ કરવું ખૂબ ગમ્યું. તે બધા સાથે મિત્રની જેમ વર્તે છે. જ્યારે પણ જરૂર પડે ત્યારે અજય હંમેશા પોતાના મિત્રને મદદ કરવા માટે સૌથી પહેલા ઊભો રહે છે.


# તેનું મોં કાળુ કરી ગધેડા પર બેસાડો : મુકેશ ખન્નાએ રણવીર અલ્હાબાદિયાની ટીકા કરી

(એજન્સી) મુંબઈ | તા.11

યુટ્યુબર રણવીર અલ્હાબાદિયા મુશ્કેલીમાં છે. સમય રૈનાના શો 'ઇન્ડિયાઝ ગોટ લેટેન્ટ'માં તેણે જે કહ્યું તેની ભારે ટીકા થઈ રહી છે. લોકો તેને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરી રહ્યા છે. તેમના ફોલોઅર્સ ઘટવા લાગ્યા છે. બી પ્રાકે તેમની સાથેનો તેમનો અગાથી નક્કી કરેલો પોડકાસ્ટ રદ કર્યો છે. તેમની સામે ઘણી જગ્યાએ FIR નોંધાઈ છે. અને હવે અભિનેતા મુકેશ ખન્નાએ તેમના પર કટાક્ષ કર્યો છે. મુકેશ ખન્નાએ ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરીને રણવીર અલ્હાબાદિયાની ટીકા કરી હતી. અભિનેતાએ લખ્યું, 'એ જાણીને દુઃખ થયું કે રણવીર અલ્હાબાદિયા જેવા યુટ્યુબરે 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'માં આવું નિવેદન આપ્યું છે.' તેમનું નિવેદન માતાપિતા અને સેક્સ સાથે સંબંધિત હતું. તેમના નિવેદનને કારણે આખો દેશ આ સમયે ગુસ્સે છે. આ દર્શાવે છે કે આપણે આપણા દેશના યુવાનોને વાણી સ્વાતંત્ર્યનો દુરુપયોગ કરવાની સ્વતંત્રતા આપી છે. મુકેશ ખન્નાએ આગળ લખ્યું, 'આ પહેલી વાર નથી જ્યારે કોઈએ હદ ઓળંગી હોય.' યુટ્યુબર્સે પહેલા પણ ઘણી વખત પોતાની મર્યાદા ઓળંગી છે. આ એક ગંભીર ગુનો છે. આને હળવાશથી ન લેવું જોઈએ. ભવિષ્યમાં કોઈ આવા બેજવાબદાર નિવેદનો ન કરે તે માટે, તેમને સૌથી કડક સજા આપવી જોઈએ. આવા લોકો માટે મારી પાસે સજા છે. તેનો ચહેરો કાળો કરો અને તેને ગધેડા પર બેસાડીને શહેરમાં ફરવા દો. આગલી વખતે કોઈ આવું નિવેદન નહીં આપે!!!'



# રશ્મિકા વિક્કી સાથે સુવર્ણ મંદિર માથું નમાવવા પહોંચી હતી : એક્ટ્રેસ વ્હીલચેર પર જોવા મળી, બંનેએ પંજાબી ભોજનનો સ્વાદ પણ માણ્યો



(એજન્સી) મુંબઈ | તા.11

બોલિવૂડ એક્ટર વિક્કી કૌશલ અને એક્ટ્રેસ રશ્મિકા મંદાના સોમવારે પંજાબના અમૃતસરમાં સુવર્ણ મંદિર પહોંચ્યાં હતાં. બંનેએ અહીં માથું નમાવ્યું અને તેમની આગામી ફિલ્મ ‘છાવા’ ની સફળતા માટે પ્રાર્થના કરી.
આ દરમિયાન વિક્કી કૌશલ અને રશ્મિકા મંદાનાએ અમૃતસરમાં પંજાબી ભોજનનો સ્વાદ પણ માણ્યો.
વિક્કી મૂળ પંજાબનો છે. તેમણે કહ્યું, ‘અમૃતસર આવવું મારા માટે ઘર જેવું છે.’ મારું ઘર હોશિયારપુરમાં છે, અહીંથી બે કલાક દૂર. ફિલ્મનું શૂટિંગ હોય કે બીજા કોઈ સારા કાર્યની શરૂઆત, હું હરમંદિર સાહિબ આવું છું. આ વખતે પણ અમે અહીં માથું નમાવીને પ્રાર્થના કરી છે. હવે 14 ફેબ્રુઆરીએ જોઈએ.
રશ્મિકા વ્હીલચેર પર જોવા મળી હતી વિક્કી અને રશ્મિકાની ફિલ્મ ‘છાવા’ વેલેન્ટાઈન ડે એટલે કે 14 ફેબ્રુઆરીના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. આમાં વિક્કી કૌશલે છત્રપતિ સંભાજી મહારાજની ભૂમિકા ભજવી છે અને રશ્મિકાએ મહારાણી યેસુબાઈની ભૂમિકા ભજવી છે. વિક્કી અને રશ્મિકા આ ફિલ્મની સફળતા માટે પ્રાર્થના કરવા માટે સુવર્ણ મંદિર આવ્યા હતા. આ દરમિયાન રશ્મિકા વ્હીલચેર પર જોવા મળી. ગયા મહિને તેને જીમમાં ઈજા થઈ હતી. ફિલ્મના પ્રમોશન માટે મુંબઈમાં કેટલાક કાર્યક્રમોમાં હાજરી આપનાર રશ્મિકા આજે અમૃતસર પહોંચી હતી.
સુવર્ણ મંદિર પરિક્રમામાં સીડીઓ ઉતરતી વખતે વિક્કી કૌશલે એક્ટ્રેસને ટેકો આપ્યો. વિકીએ આખી પરિક્રમા પૂર્ણ કરી જ્યારે રશ્મિકા પગમાં ઈજાને કારણે તે પૂર્ણ કરી શકી નહીં. હરમંદિર સાહિબમાં દર્શન કર્યા પછી, બંનેએ પ્રાર્થના કરી અને પછી અમૃતસર સરોવરના કિનારે બેસીને કીર્તન સાંભળ્યું.
અક્ષય ખન્ના મુઘલ સમ્રાટ ઔરંગઝેબની ભૂમિકામાં જોવા મળશે. તેમની સાથે આશુતોષ રાણા, દિવ્યા દત્તા, પ્રદીપ રામ સિંહ રાવત, સંતોષ જુવેકર, વિનીત કુમાર સિંહ, ડાયના પેન્ટી પણ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.

# અમિતાભ-રજનીકાંતને એક્ટિંગ આવડતી નથી: એલેન્સિઅર લે લોપેઝ

### અમિતાભ અને રજનીકાંતની વેટ્ટિયનમાં ફક્ત એક સીન પૂરતી એલેન્સિયરની ભૂમિકા : પોતાની મલયાલમ ફિલ્મના પ્રમોશન વખતે દાવો

મુંબઈ : રજનીકાંત અને અમિતાભ એક્ટિંગ કેમ કરવી તે જાણતા જ નથી તેવો દાવો એક મલયાલમ કલાકાર એલેન્સિયર લે લોપેઝે કર્યો છે. એલેન્સિયરે આ બંને દિગ્ગજો સાથે તમિલ ફિલ્મ ‘વેટ્ટિયન’માં એક સીનમાં સાથે કામ કર્યું છે. ગયા ઓક્ટોબરમાં ‘વેટ્ટિયન’ ફિલ્મ રીલિઝ થઈ હતી. અમિતાભ અને રજનીકાંતે ૩૩ વર્ષ પછી આ ફિલ્મમાં સ્ક્રીન શેર કરી હતી. આ ફિલ્મના એક કોર્ટ રુમ સીનમાં રજનીકાંત અને અમિતાભ સામસામે દલીલો કરે છે. આ દ્રશ્યમાં એલેન્સિયર જજ તરીકે આ દલીલો સાંભળે છે.
તાજેતરમાં એલેન્સિયરે પોતાની નવી મલયાલમ ફિલ્મ ‘નારાયનીન્તે મૂન્નાનમક્કલ’નાં પ્રમોશન વખતે એક સંવાદમાં એમ કહ્યું હતું કે તેણે આ બે પીઢ અભિનેતાને કેમેરા સામે પરફોર્મ કરતા જોવા માટે જ આ ફિલ્મ સ્વીકારી હતી. તેણે કહ્યું હતું ફિલ્મનાં શૂટિંગ વખતે જ મને લાગ્યું હતું કે હું રજનીકાંત કે અમિતાભની બરોબરી કરી શકું તેમ નથી કારણ કે મારી પાસે તેમના જેવી સ્ટાઈલ નથી કે તેમના જેવો ઊંડો સ્વર નથી. હું દિલીશ પોથાન, શરન વેણુગોપાલ અને રાજીવ રવિ જેવા સર્જકોની ફિલ્મોમાં જ કામ કરી શકું છું અને મને અહેસાસ થઈ ગયો છે કે આ બંને દિગ્ગજ કલાકારો એક્ટિંગ જાણતા નથી.
તેણે એમ પણ સ્વીકાર્યું હતું કે આ નિવેદન બાદ તેના માટે તમિલ ફિલ્મ ઉદ્યોગના દરવાજા કાયમ માટે બંધ થઈ જશે તે પોતે જાણે છે.
એલેન્સિયર અગાઉ પણ વિવાદાસ્પદ નિવેદનો કરી ચૂક્યો છે અને તેની સામે સહકલાકાર દ્વારા જાતીય દુર્વ્યવહારની ફરિયાદો પણ થઈ ચૂકી છે.

# FIFSએ 'સ્પોર્ટ્સ ડેટા ગેમેથોન' લોન્ચ

(એજન્સી) નવી દિલ્હી તા 11

ભારતને સ્પોર્ટ્સ ટેક માટે વૈશ્વિક હબ બનાવવાના વિઝન સાથે ફેડરેશન ઑફ ઈન્ડિયન ફેન્ટસી સ્પોર્ટ્સ (FIFS)એ 'સ્પોર્ટ્સ ડેટા ગેમેથોન', એક સ્પોર્ટ્સ AI ચેલેન્જ શરૂ કરી છે, જે ડ્રીમ 11 દ્વારા સંચાલિત છે. આ સ્પર્ધા રમતગમતમાં ડેટાને એકીકૃત કરવા અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) અને મશીન લર્નિંગ (ML) જેવી ઉભરતી તકનીકોના ઉપયોગની નવી રીતો શોધવા તરફ એક પગલું છે. ટોચની સંસ્થાઓના વિદ્યાર્થીઓની ટીમ ગેમેથોનમાં ભાગ લેશે, જ્યાં તેઓ ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025 દરમિયાન રોજ કાલ્પનિક રમત ફોર્મેટમાં સ્પર્ધા કરશે. સહભાગીઓએ ડેટા એનાલિટિક્સ કૌશલ્યનો ઉપયોગ કરવો પડશે અને ટ્રાન્સફર મર્યાદાઓ અને ગેમેથોનના અન્ય નિયમોનું પાલન કરીને વિજેતા વ્યૂહરચના વિકસાવવા માટે AI અને ML મોડેલ્સ બનાવવા પડશે.





30થી વધુ ટોચની સંસ્થાઓએ ગેમેથોનમાં રસ દાખવ્યો, અને તેમના સ્ટ્રેટેજી પેપર્સની સમીક્ષા કર્યા પછી, IIT બોમ્બે, IIT દિલ્હી, IIT ખડગપુર, IIT કાનપુર, IIIT ધારવાડ જેવી સંસ્થાઓની 52 ટીમને શોર્ટલિસ્ટ કરવામાં આવી છે. ટોચની ત્રણ ટીમ વચ્ચે 25,00,000 લાખના ઈનામનું વિતરણ કરવામાં આવશે. જેમાં પ્રથમ ક્રમે આવનાર ટીમને અનુક્રમે 12.5 લાખ, બીજા ક્રમને 7.5 લાખ અને ત્રીજા ક્રમને 5 લાખ મળશે.

## 'કુશળતાને નિખારવા માટે એક પ્લેટફોર્મ પણ પૂરું પાડશે'

FIFSના ડાયરેક્ટર જનરલ જોય ભટ્ટાચાર્યએ જણાવ્યું હતું કે, 'અમે સ્પોર્ટ્સ ડેટા ગેમેથોનની પ્રથમ આવૃત્તિ શરૂ કરવા માટે ઉત્સાહિત છીએ. જબરદસ્ત પ્રતિસાદ રહ્યો છે, અને આ ગેમેથોનમાં યુવાનો ભાગ લઈ રહ્યા છે તે જોઈને અમે રોમાંચિત છીએ. આ ફક્ત રમતગમત સાથે ટેકનોલોજીના વધુ સંકલનને જ પ્રોત્સાહન નહીં આપે, પરંતુ યુવાનોને તેમની કુશળતાને નિખારવા, રમતગમત સમુદાય સાથે જોડાવા અને નવીન રીતે ચાહકોના અનુભવને સુધારવામાં યોગદાન આપવા માટે એક પ્લેટફોર્મ પણ પૂરું પાડશે. અમે આ ગેમેથોનને વૈશ્વિક સ્પર્ધા બનવાની કલ્પના કરીએ છીએ, જે આવનારા વર્ષોમાં બહુવિધ રમતગમત શાખાઓમાં વિસ્તરશે.'

**30થી વધુ ટોચની સંસ્થાઓએ ગેમેથોનમાં રસ દાખવ્યો:** તેમના સ્ટ્રેટેજી પેપર્સની સમીક્ષા કર્યા પછી, IIT બોમ્બે, IIT દિલ્હી, IIT ખડગપુર, IIT કાનપુર, IIIT ધારવાડ જેવી સંસ્થાઓની 52 ટીમને શોર્ટલિસ્ટ કરવામાં આવી છે. ટોચની ત્રણ ટીમ વચ્ચે 25,00,000 લાખના ઈનામનું વિતરણ કરવામાં આવશે.

# કેન વિલિયમસને 2059 દિવસ પછી ODI સદી કરી



(એજન્સી) કરાંચી તા 11

ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા પાકિસ્તાન, ન્યૂઝીલેન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચે ત્રિકોણીય શ્રેણી રમાઈ રહી છે. સોમવારે લાહોરમાં ન્યૂઝીલેન્ડે સાઉથ આફ્રિકાને 4 વિકેટથી હરાવ્યું. પ્રથમ બેટિંગ કરતા સાઉથ આફ્રિકાએ 6 વિકેટે 304 રન બનાવ્યા. ન્યૂઝીલેન્ડે ફક્ત 4 વિકેટ ગુમાવીને ટાર્ગેટ ચેઝ કર્યો. ભૂતપૂર્વ કિવી કેપ્ટન કેન વિલિયમસને સદી ફટકારી હતી. તેની સદી ODIમાં 2059 દિવસ પછી આવી. ડેવોન કોનવે 97 રન બનાવીને આઉટ થયો હતો. સાઉથ આફ્રિકા માટે પોતાની ડેબ્યૂ મેચ રમી રહેલા વિકેટકીપર બેટર મેથ્યુ બ્રીટ્ઝકેએ ૧૫૦ રન બનાવ્યા. ડેબ્યૂ વન-ડેમાં કોઈપણ ખેલાડી દ્વારા આ સૌથી વધુ સ્કોર છે. સાઉથ આફ્રિકા તરફથી મુલ્ડરે ફિફ્ટી ફટકારી ગદ્દાફી સ્ટેડિયમમાં ન્યૂઝીલેન્ડે ટૉસ જીતીને બોલિંગ પસંદ કરી. સાઉથ આફ્રિકા તરફથી મેથ્યુ બ્રીટ્ઝકે 148 બોલમાં 150 રન બનાવ્યા. તેના સિવાય મુલ્ડરે 60 બોલમાં 64 રન બનાવ્યા. જેસન સ્મિથે 41 અને કેપ્ટન ટેમ્બા બાવુમાએ 20 રન બનાવ્યા. 305 રનના ટાર્ગેટને ચેઝ કરતી વખતે, કિવી ટીમે 10મી ઓવરમાં પોતાની પહેલી વિકેટ ગુમાવી દીધી. વિલ યંગ 10 રન બનાવીને આઉટ થયો. ત્રીજા નંબરે બેટિંગ કરવા આવેલા કેન વિલિયમસને ઓપનર ડેવોન કોનવે સાથે મળીને ઈનિંગ સંભાળી હતી. બંનેએ 183 રનની ભાગીદારી કરી અને ટીમને જીતની નજીક પહોંચાડી.નવે 97 રન બનાવીને આઉટ થયો, જેને જુનિયર ડાલાએ પેવેલિયન પાછો મોકલ્યો. ડેરિલ મિચેલ 10 રન બનાવીને આઉટ થયો હતો અને વિકેટકીપર ટોમ લેથમ ખાતું ખોલાવ્યા વિના આઉટ થયો હતો. અંતે, ગ્લેન ફિલિપ્સે 28 રન બનાવ્યા અને વિલિયમસન સાથે મળીને ટીમને વિજય તરફ દોરી ગયા. વિલિયમસને 133 રનની ઈનિંગ રમી. સાઉથઆફ્રિકા તરફથી સેનુરન મુથુસામીએ 2 વિકેટ લીધી. એથન બોશ અને જુનિયર ડાલાએ 1-1 વિકેટ લીધી.ન્યૂઝીલેન્ડના ભૂતપૂર્વ કેપ્ટન કેન વિલિયમસને સાડા પાંચ વર્ષ પછી ODI ક્રિકેટમાં સદી ફટકારી. તેણે 22 જૂન 2019ના રોજ ODI વર્લ્ડ કપમાં વેસ્ટ ઈન્ડિઝ સામે પોતાની છેલ્લી સદી ફટકારી હતી. આ પછી તેણે 22 વન-ડે રમી, પરંતુ તેમાંથી એક પણ સદી ફટકારી ન હતી. જોકે, તેણે ચોક્કસપણે 8 ફિફ્ટી ફટકારી હતી. લાહોરમાં વિલિયમસનના બેટે તેની 14મી ODI સદી ફટકારી હતી.લાહોરમાં સદી ફટકારવાની સાથે, વિલિયમસને તેના 7000 ODI રન પણ પૂર્ણ કર્યા. આ માટે તેણે ફક્ત 159 ઈનિંગ્સ લીધી. આ રેકોર્ડ સુધી પહોંચવા માટે તેણે હાશિમ અમલા પછી સૌથી ઓછી ઈનિંગ્સ લીધી. તેણે ભારતના વિરાટ કોહલીને પાછળ છોડી દીધો, જેમણે 161 ઈનિંગ્સમાં 7000 રન પૂરા કર્યા હતા. ન્યૂઝીલેન્ડે ત્રિકોણીય શ્રેણીના ગ્રૂપ સ્ટેજની બંને મેચ જીતીને ફાઈનલમાં જગ્યા બનાવી હતી. ટીમે પહેલી વન-ડેમાં પાકિસ્તાનને 78 રને હરાવ્યું હતું. હવે 12 ફેબ્રુઆરીએ પાકિસ્તાન અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાનારી વન-ડે નોકઆઉટ મેચ હશે. આમાં જીતનાર ટીમ ફાઈનલમાં પહોંચશે, જ્યારે હારનાર ટીમ બહાર થઈ જશે. સિરીઝની પહેલી મેચમાં, ન્યૂઝીલેન્ડે યજમાન ટીમને 78 રનના મોટા માર્જિનથી હરાવ્યું હતું. લાહોરમાં ન્યૂઝીલેન્ડે બેટિંગ કરવાનો નિર્ણય લીધો. વિલ યંગ 10 રન બનાવીને આઉટ થયો. ત્રીજા નંબરે બેટિંગ કરવા આવેલા કેન વિલિયમસને ઓપનર ડેવોન કોનવે સાથે મળીને ઈનિંગ સંભાળી હતી. બંનેએ 183 રનની ભાગીદારી કરી અને ટીમને જીતની નજીક પહોંચાડી.નવે 97 રન બનાવીને આઉટ થયો, જેને જુનિયર ડાલાએ પેવેલિયન પાછો મોકલ્યો.

## ચેમ્પિયન્સ ટ્રોફી માટે સાઉથ આફ્રિકાની ટીમમાં બોશનો સમાવેશ

(એજન્સી) આફ્રિકા તા 11

બોલિંગ ઓલરાઉન્ડર કોર્બિન બોશને ચેમ્પિયન્સ ટ્રોફી માટે સાઉથ આફ્રિકાની 15 સભ્યોની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ઝડપી બોલર એનરિક નોર્કિયા ઈજાના કારણે ટીમમાંથી બહાર થઈ ગયો છે. દરમિયાન, ક્વેના મફાકાને ટ્રાવેલ રિઝર્વ તરીકે પસંદ કર્યો છે. 30 વર્ષીય બોશે ડિસેમ્બરમાં પાકિસ્તાન સામે વન-ડે ડેબ્યૂ કર્યું હતું. સાઉથ આફ્રિકાએ 12 જાન્યુઆરીએ ચેમ્પિયન્સ ટ્રોફી માટે પોતાની ટીમની જાહેરાત કરી. ટુર્નામેન્ટ માટે ટીમની જાહેરાત કરવાની છેલ્લી તારીખ પણ 12 જાન્યુઆરી હતી. તે જ સમયે, ICC એ ટીમમાં ફેરફાર માટે 11 ફેબ્રુઆરી સુધીની સમયમર્યાદા નક્કી કરી છે. નોર્કિયા પગના અંગૂઠાની ઈજાને કારણે બહાર છે. ગયા વર્ષે જૂનમાં થયેલા T20 વર્લ્ડ કપ પછી પીઠની ઈજાને કારણે તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમ્યો નથી. નોર્કિયાને પાકિસ્તાન સામેની ત્રિકોણીય શ્રેણીમાં વાપસી કરવાનો હતો પરંતુ નેટ્સમાં તેના પગના અંગૂઠામાં ઈજા થઈ હતી. ટેમ્બા બાવુમા (કેપ્ટન), ટોની ડી જ્યોર્ગી, માર્કો યાન્સેન, હેનરિક ક્લાસેન, કેશવ મહારાજ, એડન માર્કરમ, ડેવિડ મિલર, વિઆન મુલ્ડર, લુંગી એન્ગિડી, કોર્બિન બોશ, કાગીસો રબાડા, રાયન રિકેલ્ટન, તબરેઝ શમ્સી, ટ્રિસ્ટન સ્ટબ્સ, રાસી વાન ડેર ડુસેન.

# રણજી ટ્રોફીમાં મુંબઈએ 292 રનની લીડ મેળવી:શાર્દૂલે 6 વિકેટ ઝડપી, સૌરાષ્ટ્ર સામે ગુજરાતના 511 રન કર્યા

(એજન્સી) નવી દિલ્હી તા 11

રણજી ટ્રોફીમાં ક્વાર્ટર ફાઈનલ રાઉન્ડ શરૂ થઈ ગયો છે. સોમવારે મેચના ત્રીજા દિવસે મુંબઈએ 292 રનની લીડ મેળવી હતી. રમતના અંતે, ટીમે બીજા દાવમાં 278/4 રન બનાવ્યા. સૂર્યકુમાર યાદવે 70 અને અજિંક્ય રહાણેએ અણનમ 88 રન બનાવ્યા હતા. હરિયાણાએ બીજા દિવસના સ્કોર 263/5 થી પોતાનો દાવ ફરી શરૂ કર્યો પરંતુ સમગ્ર ટીમ 301 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. કેપ્ટન અંકિત કુમારે સદી ફટકારી. શાર્દૂલ ઠાકુરે 6 વિકેટ લીધી. કોલકાતાના ઈડન ગાર્ડન્સ સ્ટેડિયમમાં મુંબઈએ પ્રથમ ઈનિંગમાં 315 રન બનાવ્યા હતા. સૂર્યકુમાર યાદવે બીજી ઈનિંગમાં 70 રન બનાવ્યા. મુંબઈ તરફથી શાર્દૂલે શાનદાર બોલિંગ કરી. તેણે છેલ્લી 4 વિકેટો લીધી. કુલ મળીને, તેણે 18.5 ઓવરમાં 58 રન આપીને 6 વિકેટ લીધી. મુંબઈને પહેલી ઈનિંગના આધારે 14 રનની લીડ મળી.જમ્મુ અને કાશ્મીર વિરુદ્ધ કેરળ: કેરળ 281 રનમાં ઓલઆઉટ થયું

પુણેમાં, કેરળની ટીમે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. સોમવારે, ત્રીજા દિવસે, કેરળનો પ્રથમ દાવ 281 રનમાં ઓલઆઉટ થઈ ગયો હતો. સલમાન નિઝારે 112 રનની ઈનિંગ રમી. જમ્મુ તરફથી આકિબ નબીએ 27 ઓવરમાં 53 રન આપીને 6 વિકેટ ઝડપી હતી. ટીમે પ્રથમ ઈનિંગમાં 280 રન બનાવ્યા હતા.નાગપુરના વિદર્ભ ક્રિકેટ એસોસિએશન ગ્રાઉન્ડ ખાતે રમાયેલી મેચમાં વિદર્ભે ટૉસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો. ટીમ પ્રથમ ઈનિંગમાં 353 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. રમી હતી. તમિલનાડુની પહેલી ઈનિંગ 225 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી,



### રહાણે અને સૂર્યાએ બીજી ઈનિંગમાં અડધી સદી ફટકારી

બીજી ઈનિંગમાં મુંબઈની શરૂઆત ખરાબ રહી હતી. ટીમે આકાશ આનંદના રૂપમાં 34 રનના સ્કોર પર પોતાની પહેલી વિકેટ ગુમાવી દીધી. આયુષ મ્હાત્રેએ 31, સિદ્ધેશ લાડે 43 રન બનાવ્યા. પ્રથમ ઈનિંગમાં 9 રન બનાવનારા સૂર્યકુમાર યાદવે વાપસી કરી અને 8 ચોગ્ગા અને 2 છગ્ગાની મદદથી 70 રન બનાવ્યા. કેપ્ટન અજિંક્ય રહાણેના અણનમ 88 રનની ઈનિંગે મુંબઈને મજબૂત સ્થિતિમાં પહોંચાડ્યું. શિવમ દુબે 30 રન બનાવીને અણનમ છે.

### સૌરાષ્ટ્ર Vs ગુજરાત: ગુજરાતે પહેલી ઈનિંગમાં 511 રન બનાવ્યા

રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે ગુજરાતે ટૉસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી. સૌરાષ્ટ્રએ પ્રથમ ઈનિંગમાં 216 રન બનાવ્યા હતા. ચિરાગ જાનીએ 69 રનની ઈનિંગ રમી. જ્યારે ગુજરાતે પ્રથમ ઈનિંગમાં 511 રન બનાવીને 295 રનની લીડ મેળવી હતી. ટીમ તરફથી જયમીત પટેલે 103 રન અને વિકેટકીપર ઉર્વિલ પટેલે 140 રન બનાવ્યા. સૌરાષ્ટ્ર તરફથી ચિરાગ જાનીએ 4 વિકેટ લીધી.ત્રીજા દિવસની રમતના અંતે, વિદર્ભે બીજા દાવમાં 169/5રન બનાવ્યા હતા. પહેલી ઈનિંગમાં સદી ફટકારનાર કરુણ નાયર બીજી ઈનિંગમાં ફક્ત 29 રન બનાવી શક્યો.

## ઓડિશા ક્રિકેટ એસોસિયેશન સામે નોટિસ જારી

# બીજા વન-ડેમાં ફ્લડલાઇટ્સ બંધ થવાથી 30 મિનિટ સુધી રમત રોકાઈ

કટક તા 11

ઓડિશા સરકારે ઓડિશા ક્રિકેટ એસોસિયેશન (OCA) વિરુદ્ધ કારણદર્શક નોટિસ જારી કરી છે. ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની બીજી વન-ડે મેચ દરમિયાન 30 મિનિટ સુધી ફ્લડલાઇટ્સ બંધ થયા બાદ આ નોટિસ જારી કરી છે. સોમવારે જારી કરાયેલી એક નોટિસમાં, ઓડિશા સરકારના રમતગમત નિર્દેશક સિદ્ધાર્થ દાસે જણાવ્યું હતું કે, 'OCAને સ્ટેડિયમમાં 30 મિનિટ સુધી વીજળી ગુલ થવા માટે જવાબદાર વ્યક્તિઓ/એજન્સીઓની ઓળખ કરવા અને ભવિષ્યમાં આવી ઘટનાઓ અટકાવવા માટે પગલાં લેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.' ભારતે બીજી વનડેમાં ઈંગ્લેન્ડને 4 વિકેટે હરાવ્યું. કટક સ્ટેડિયમના 6 લાઈટ ટાવરમાંથી એકની લાઈટો બંધ થઈ હતી.



**OCA એ 10 દિવસની અંદર જવાબ આપવો પડશે :** સરકારે ઓડિશા ક્રિકેટ પાસેથી 10 દિવસમાં જવાબ માગ્યો છે. નોટિસમાં લખ્યું હતું કે, 'આ ઘટનાને કારણે, મેચ 30 મિનિટ માટે રોકવી પડી, જેના કારણે ખેલાડીઓ અને દર્શકોને અસુવિધા થઈ.' OCA એસોસિયેશનના હાલમાં કોઈ પ્રમુખ નથી. આ નોટિસ OCA સેક્રેટરી સંજય બેહરાને જારી કરવામાં આવી છે. તે ઓડિશાનો ભૂતપૂર્વ ખેલાડી છે. રવિવારે મેચ પછીના પ્રેઝન્ટેશનમાં સંજય હાજર હતા. ભારત બેટિંગ કરી રહ્યું હતું ત્યારે સાતમી ઓવરમાં ફ્લડલાઈટ બંધ થઈ જવાને કારણે રમત બંધ કરવામાં આવી હતી. જ્યારે છ ટાવરમાંથી એકની ફ્લડલાઈટ બંધ થઈ હતી. અહીં પહેલા સ્ટેડિયમની લાઈટો બંધ થઈ ગઈ

# બુમરાહ NCAમાં બોલિંગ અને જીમ શરૂ કરશે એક્સપર્ટ્સ 48 કલાક સુધી દેખરેખ રાખશે



(એજન્સી) બેંગ્લોર તા 11

ભારતીય ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહની પીઠની ઈજા અંગે એક નવી અપડેટ સામે આવી છે. બુમરાહ નેશનલ ક્રિકેટ એકેડેમી (NCA) ખાતે રિહેબિલિટેશન શરૂ કરશે. શુક્રવારે BCCIની નેશનલ ક્રિકેટ એકેડેમીમાં તેનું સ્કેનિંગ કરવામાં આવ્યું. TOI અનુસાર, સ્કેન રિપોર્ટ અંગે મેડિકલ ટીમ અને BCCI વચ્ચે ચર્ચા થઈ છે. હવે આગામી 24-48 કલાક સુધી તેની શારીરિક પ્રવૃત્તિ પર નજર રાખવામાં આવશે. આ સમય દરમિયાન, તે જીમમાં થોડું વર્કઆઉટ અને હળવી બોલિંગ શરૂ કરે તેવી શક્યતા છે. બુમરાહ ચેમ્પિયન્સ ટ્રોફીમાં રમશે કે નહીં તે આ રિપોર્ટ પર નિર્ભર રહેશે. હાલમાં, તે ટીમમાં સામેલ છે. ઈંગ્લેન્ડ સામે રમાઈ રહેલી વન-ડે સિરીઝ માટે બુમરાહની ટીમમાં પસંદગી કરવામાં આવી હતી. જોકે, સિરીઝ શરૂ થવાના એક દિવસ પહેલા, તેમની જગ્યાએ વરુણ ચક્રવર્તીનો સમાવેશ કરવામાં આવ્યો. જો 1% તક હોય તો પણ, BCCI રાહ જોશે એક સૂત્રએ ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને જણાવ્યું કે, જો બુમરાહના ફિટ થવાની 1 ટકા પણ શક્યતા હોય, તો BCCI રાહ જોઈ શકે છે. બોર્ડે 2023ના ODI વર્લ્ડ કપ માટે હાર્દિક પંડ્યા સાથે પણ આવું જ કર્યું કારણ કે તેઓએ પ્રસિદ્ધ ક્રિષ્નાને રિપ્લેસમેન્ટ તરીકે સાઈન કરતા પહેલા લગભગ બે અઠવાડિયા રાહ જોઈ.ભારતની પસંદગી સમિતિએ 18 જાન્યુઆરીના રોજ ચેમ્પિયન્સ ટ્રોફી માટે ભારતીય ટીમની જાહેરાત કરી. ઓસ્ટ્રેલિયા પ્રવાસ દરમિયાન ઘાયલ થયેલા જસપ્રીત બુમરાહને પણ ટીમમાં સામેલ કરવામાં આવ્યો હતો. પસંદગી સમિતિએ બુમરાહના બેકઅપ તરીકે અર્શદીપ સિંહને રાખ્યો હતો. તે જ સમયે, ICC એ ટુર્નામેન્ટ માટે ટીમમાં સમયમર્યાદા નક્કી કરી છે. ઓસ્ટ્રેલિયા સામે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની પાંચમી ટેસ્ટ દરમિયાન બુમરાહ ઘાયલ થયો હતો. તેને પીઠની તકલીફ હતી. આ કારણે, તેને ઈંગ્લેન્ડ સામેની T20 સિરીઝ માટે પણ આરામ આપવામાં આવ્યો હતો

# IPL 2025નું શેડ્યૂલ ક્યારે જાહેર થશે, 21 માર્ચથી શરૂ થશે

(એજન્સી) નવી દિલ્હી તા 11

વિશ્વભરના ક્રિકેટ ચાહકોની નજર હાલમાં પાકિસ્તાનમાં યોજાનારી ચેમ્પિયન્સ ટ્રોફી પર છે. આ ટૂર્નામેન્ટની ફાઈનલ મેચ 9 માર્ચે સાથે જ પ્રશંસકોને IPLનો રોમાંચ જોવા મળશે. આ રીતે, ક્રિકેટ પ્રશંસકોને આગામી કેટલાક મહિનાઓ સુધી ક્રિકેટનો સતત ડોઝ મળવાનો છે. આ ટુર્નામેન્ટની 18મી સીઝન 21 માર્ચ 2025થી શરૂ થશે. જો કે તેનું શેડ્યૂલ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે BCCI આગામી સાત દિવસમાં IPL 2025ના સંપૂર્ણ શેડ્યૂલની જાહેરાત કરી શકે છે. મીડિયા રિપોર્ટ અનુસાર બંને ટીમો તેમની ઘરેલું મેચો દૂર રમશે. નોંધનીય છે કે દિલ્હી કેપિટલ્સ તેની બે હોમ મેચ વિઝાગમાં રમશે. છેલ્લી સિઝનમાં પણ, દિલ્હીને તેની કેટલીક મેચો વિઝાગમાં રમવી પડી હતી કારણ કે IPL 2024 ની શરૂઆતની નજીક WPL સમાપ્ત થઈ ગયું હતું અને અરુણ જેટલી સ્ટેડિયમ IPL મેચો યોજવા માટે તૈયાર ન હતું.



# ભારત-પાકિસ્તાન મેચમાં કોણ અમ્પાયરિંગ કરશે?

(એજન્સી) દુબઈ તા 11

ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025માં, ભારત અને પાકિસ્તાનની ટીમો 23 માર્ચે દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે એકબીજા સામે ટકરાશે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે આ મેચ માટે અમ્પાયરિંગ પેનલની જાહેરાત કરી છે. ICC ચેમ્પિયન્સ ટ્રોફી 2025 19 ફેબ્રુઆરીથી કરાચીમાં શરૂ થશે. ફાઈનલ 9 માર્ચે રમાશે. પરંતુ BCCI એ ભારતીય ક્રિકેટ ટીમને પાકિસ્તાન મોકલવાનો ઈનકાર કરી દીધો હતો, ત્યારબાદ આ ટુર્નામેન્ટ હાઈબ્રિડ મોડેલ પર યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આવી સ્થિતિમાં, ટીમ ઈન્ડિયા તેની બધી મેચ દુબઈમાં રમશે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદે ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ માટે પોલ રીફેલ અને રિચાર્ડ ઈલિંગવર્થને ઓન-ફિલ્ડ અમ્પાયર તરીકે નિયુક્ત કર્યા છે. જ્યારે, માઈકલ ગફ ટીવી અમ્પાયર રહેશે. બીજી તરફ, એડ્રિયન હોલ્ડસ્ટોક ચોથા અમ્પાયર રહેશે અને ડેવિડ બૂન મેચ રેફરીની ભૂમિકા ભજવશે. તમને જણાવી દઈએ કે, આ બધા અમ્પાયરોને અમ્પાયરિંગનો ઘણો અનુભવ છે, તેથી ICC એ મોટી મેચને ધ્યાનમાં રાખીને આ અનુભવી ખેલાડીઓને આ જવાબદારી સોંપી છે. આ સમયગાળા દરમિયાન, તે પાકિસ્તાનનો પણ સામનો કરશે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત અને પાકિસ્તાન વચ્ચેની આ હાઈ વોલ્ટેજ મેચ 23 માર્ચે દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાશે. આ મેચમાં કોણ અમ્પાયરિંગ કરશે તે નક્કી થઈ ગયું છે. બીજી તરફ, પોલ રીફેલ અને એડ્રિયન હોલ્ડસ્ટોક 20 ફેબ્રુઆરીએ દુબઈમાં રમાનાર ભારત-બાંગ્લાદેશ મેચ માટે ઓન-ફિલ્ડ અમ્પાયર રહેશે. રિચાર્ડ ઈલિંગવર્થ ટીવી અમ્પાયર, માઈકલ ગફ ચોથા અમ્પાયર અને બૂન મેચ રેફરી હશે. તે જ સમયે, 2 માર્ચે દુબઈમાં યોજાનારી ભારત-ન્યૂઝીલેન્ડ મેચ માટે માઈકલ ગફ અને રિચાર્ડ ઈલિંગવર્થને ફિલ્ડ અમ્પાયરની જવાબદારી સોંપવામાં આવી છે, જ્યારે હોલ્ડસ્ટોક ટીવી અમ્પાયર, રીફેલ ચોથા અમ્પાયર અને બૂન મેચ રેફરી રહેશે. ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારત અને પાકિસ્તાનની ટીમો અત્યાર સુધીમાં પાંચ વખત આમને-સામને થઈ છે. આ સમયગાળા દરમિયાન, પાકિસ્તાને 3 મેચ જીતી છે અને ટીમ ઈન્ડિયાએ 2 મેચ જીતી છે. છેલ્લી વખત વર્ષ 2017 માં, આ ટુર્નામેન્ટની ફાઈનલ મેચ આ બે ટીમો વચ્ચે રમાઈ હતી. ત્યારબાદ પાકિસ્તાને ભારતીય ટીમને હરાવીને ટાઈટલ જીત્યું. આવી સ્થિતિમાં, આ વખતે ટીમ ઈન્ડિયાનું ધ્યાન હારનો બદલો લેવા પર રહેશે.

# વન-ડે ડેબ્યૂમાં દ.આફ્રિકાના બેટરે 150 રન ઠોકી દીધા

(એજન્સી) કરાંચી તા 11

દક્ષિણ આફ્રિકાના બેટર મેથ્યુ બ્રીટ્ઝકે પોતાની વનડે ડેબ્યૂ મેચમાં શાનદાર બેટિંગ કરતા પહેલી જ મેચમાં 150 રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી. બ્રીટ્ઝકે 148 બોલનો સામનો કરીને 150 રન કરીને આઉટ થઇ ગયો હતો. જેમાં તેણે 11 ચોગ્ગા અને 5 છગ્ગા ફટકાર્યા હતા. આ પહેલા દુનિયાઓ કોઈ પણ બેટર આવું કારનામું કરી શક્યો નથી. તેણે લગભગ 47 વર્ષ જુનો રેકોર્ડ તોડી નાખ્યો છે. મેથ્યુ બ્રીટ્ઝકે અગાઉ દ. આફ્રિકા માટે T20I અને ટેસ્ટમાં ડેબ્યૂ કરી ચૂક્યો છે. પરંતુ તેણે વનડેમાં હવે ડેબ્યૂ કર્યું હતું. લાહોર ખાતે રમાયેલી પાકિસ્તાન સામેની વનડે મેચમાં તે કેપ્ટન ટેમ્બા બાવુમાં સાથે ઓપનીંગ કરવા આવ્યો હતો. બાવુમાં 20 રન બનાવીને આઉટ થઇ ગયો હતો અને પછી ટીમની એક પછી એક



વિકેટ પાડવા લાગી હતી. પરંતુ મેથ્યુ બ્રીટ્ઝકે સતત ક્રીઝ પર ટકી રહીને તેણે સદી ફટકારી હતી. તેની સાથે જ ડેબ્યૂ મેચમાં તે દક્ષિણ આફ્રિકા માટે સૌથી વધુ સ્કોર બનાવનાર બેટર બની ગયો હતો. વનડેની ડેબ્યૂ મેચમાં મેથ્યુ બ્રીટ્ઝકે પહેલા દ. આફ્રિકાના ત્રણ બેટરો સદી ફટકારી ચૂક્યા છે. કોલિન ઈન્ગ્રામે વર્ષ 2010માં ઝિમ્બાબ્વે સામેની ડેબ્યૂ મેચમાં 124 રનની શાનદાર ઈનિંગ રમી હતી. ત્યારબાદ ટેમ્બા બાવુમાંએ વર્ષ 2016માં આયર્લેન્ડ સામેની ડેબ્યૂ મેચમાં 113 રન બનાવ્યા હતા.

# વિરાટ કોહલી ત્રીજી ODI મેચમાંથી થશે બહાર?

(એજન્સી) અમદાવાદ તા 11

ઘૂંટણની ઈજાને કારણે વિરાટ કોહલી ઈંગ્લેન્ડ સામેની 3 મેચની ODI સિરીઝની પહેલી મેચમાં ભાગ લઈ શક્યો ન હતો. તેની ગેરહાજરીમાં ટીમ ઈન્ડિયાએ શાનદાર પ્રદર્શન કર્યું. બીજી મેચમાં વિરાટ કોહલીએ વાપસી કરી. પરંતુ વિરાટ કોહલીના બેટમાંથી કોઈ મોટી ઈનિંગ્સ નહોતી આવી. તે ફક્ત 5 રન બનાવીને આઉટ થયો. ત્રીજી મેચ 12 ફેબ્રુઆરીએ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાશે. વિરાટ કોહલી આ મેચમાંથી બહાર થઈ શકે છે. વિરાટ કોહલી બહાર થશે? વિરાટ કોહલીને ત્રીજી વનડે મેચ માટે આરામ મળી શકે છે. મેનેજમેન્ટ વિરાટ સિવાય અન્ય સિનિયર ખેલાડીઓને આરામ આપવાનો નિર્ણય લઈ શકે છે. ચેમ્પિયન્સ ટ્રોફી 19 ફેબ્રુઆરીથી શરૂ થવા જઈ રહી છે. ટીમ ઈન્ડિયા 20 ફેબ્રુઆરીથી પોતાના અભિયાનની શરૂઆત કરશે. ચેમ્પિયન્સ ટ્રોફીને ધ્યાનમાં રાખીને, ભારતીય ટીમ મેનેજમેન્ટ ઈંગ્લેન્ડ સામેની ત્રીજી મેચમાં પોતાની બેન્ચ સ્ટ્રેન્થ ચકાસવાનો પ્રયાસ કરી શકે છે. આ પરિસ્થિતિમાં મેનેજમેન્ટ વિરાટ સિવાય અન્ય સિનિયર ખેલાડીઓને આરામ આપી શકે છે. પરંતુ મેનેજમેન્ટ અંતિમ નિર્ણય વિરાટ પર છોડી શકે છે.રોહિત શર્માએ બીજી વનડે મેચમાં શાનદાર સદી ફટકારીને પોતાનું ફોર્મ પાછું મેળવ્યું છે. આ પરિસ્થિતિમાં, કોહલીની સાથે રોહિત પણ ત્રીજી મેચમાં આરામ લઈ શકે છે. રોહિતની જગ્યાએ યશસ્વી જયસ્વાલને તક મળવાની અપેક્ષા છે. પહેલી મેચમાં તક મળી. પણ તે કંઈ ખાસ કરી શક્યો નહીં. પરંતુ જો તેને ત્રીજી મેચમાં તક મળે તો ચેમ્પિયન્સ ટ્રોફી પહેલા પોતાને સાબિત કરવાની તે તેના માટે સારી તક હશે.

## બાઇડન વહીવટ સામે તપાસની માગ; લખ્યું- તે એક મૂર્ખામીભર્યો નિર્ણય હતો

# અદાણી છેતરપિંડી કેસ: અમેરિકી સાંસદોનો એટર્ની જનરલને લેટર

(એજન્સી) વોશિંગ્ટન ડીસી તા 11

અમેરિકામાં 6 સાંસદોએ સોમવારે બાઈડન સરકારના જસ્ટિસ ડિપાર્ટમેન્ટ દ્વારા અદાણી ગ્રુપ વિરુદ્ધ કરવામાં આવેલી કાર્યવાહીની માગ કરી છે. જેને લઈને નવા અટોર્ની જનરલ પામ બોન્ડીને લેટર લખ્યો છે. આ સાંસદોએ ભારતને મુખ્ય ભાગીદાર ગણાવતા કહ્યું કે બાઈડનના જસ્ટિસ ડિપાર્ટમેન્ટની કાર્યવાહી અમેરિકાને નુકસાન પહોંચાડી શકે છે. સાંસદ લાન્સ ગુડેન, પેટ ફોલન, માઈક હરિડોપોલોસ, બ્રૈંડન ગિલ, વિલિયમ આર ટિમ્મન્સ અને બ્રાયન બેબિલે કહ્યું કે જસ્ટિસ ડિપાર્ટમેન્ટની કાર્યવાહી એક મૂર્ખામીભર્યો નિર્ણય હતો, જેનાથી ભારત જેવા મુખ્ય ભાગીદાર સાથે સંબંધ ખરાબ થવાનો ભય હતો. તેમણે આ સંપૂર્ણ કાર્યવાહીને એક ભ્રામક અભિયાન ગણાવ્યું.હકીકતમાં ગયા વર્ષે અમેરિકામાં, ઉદ્યોગપતિ ગૌતમ અદાણી સહિત 8 લોકો પર અબજો રૂપિયાની છેતરપિંડીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. યુનાઈટેડ સ્ટેટ્સ એટર્નીની ઓફિસનું કહેવું છે કે અદાણીએ યુએસમાં સૌર ઊર્જા કરાર મેળવવા માટે ભારતીય અધિકારીઓને $265 મિલિયન (લગભગ રૂ. 2,200 કરોડ) ની લાંચ આપી હતી અથવા આપવાની યોજના બનાવી રહી હતી.આમાં એવા લોકોને નિશાન બનાવવામાં આવ્યા છે જેમણે આપણા અર્થતંત્રમાં અબજો ડોલરનું યોગદાન આપ્યું છે, જેના કારણે છે. આ નિર્ણય દ્વારા અમેરિકાના અર્થતંત્રને ખોરવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આ અમેરિકન હિતોને મોટો ફટકો છે. આ કેસમાં ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સહિત 8 લોકોને આરોપી બનાવવામાં આવ્યા હતા.




### અદાણી ગ્રુપે તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા હતા

અદાણી ગ્રુપે તમામ આરોપોને રદિયો આપતા કહ્યું કે, આ તમામ આરોપો પાયાવિહોણા હતા. 21 નવેમ્બરના રોજ જાહેર કરાયેલા એક નિવેદનમાં જૂથે કહ્યું હતું કે, 'અદાણી ગ્રીન એનર્જી લિમિટેડના ડિરેક્ટરો સામે યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ અને યુનાઈટેડ સ્ટેટ્સ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન દ્વારા કરવામાં આવેલા આરોપો પાયાવિહોણા છે.'

### અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ અને અન્ય એક કંપની સાથે સંબંધિત

આ સમગ્ર મામલો અદાણી ગ્રુપની કંપની અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ અને અન્ય એક કંપની સાથે સંબંધિત હતો. આ કેસ 24 ઓક્ટોબર 2024 ના રોજ ન્યૂ યોર્કની ફેડરલ કોર્ટમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસમાં ગૌતમ અદાણી અને તેમના ભત્રીજા સહિત 8 લોકોને આરોપી બનાવવામાં આવ્યા હતા.

તેમણે કહ્યું- અમે તમને (પામ બોન્ડી) વિનંતી કરીએ છીએ કે બાઈડન સરકારના ન્યાય વિભાગની તપાસ કરો. આ વિભાગે ફક્ત પસંદગીના કેસોમાં જ કાર્યવાહી કરી, જ્યારે ઘણા બધા કેસ છોડી દીધા. આનાથી આપણા મિત્ર દેશ ભારત સાથેના સંબંધો જોખમમાં મુકાયા.

### અમેરિકાને નુકસાન પહોંચાડી શકે છે

અમેરિકાને નુકસાન પહોંચાડી શકે છે. સાંસદ લાન્સ ગુડેન, પેટ ફોલન, માઈક હરિડોપોલોસ, બ્રૈંડન ગિલ, વિલિયમ આર ટિમ્મન્સ અને બ્રાયન બેબિલે કહ્યું કે જસ્ટિસ ડિપાર્ટમેન્ટની કાર્યવાહી એક મૂર્ખામીભર્યો નિર્ણય હતો, જેનાથી ભારત જેવા મુખ્ય ભાગીદાર સાથે સંબંધ ખરાબ થવાનો ભય હતો 'અદાણી ગ્રીન એનર્જી લિમિટેડના ડિરેક્ટરો ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ અને યુનાઈટેડ સ્ટેટ્સ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન દ્વારા કરવામાં આવેલા આરોપો પાયાવિહોણા છે.'

## કંપનીના CEO સેમ ઓલ્ટમેને કહ્યું- નો થેંક્યૂ, તમે ઇચ્છો તો અમે ટ્વિટરને ચોક્કસ ખરીદી લઈશું

# મસ્કની OpenAIને 97 બિલિયનમાં ખરીદવાની ઓફર

(એજન્સી) અમેરિકા તા 11

ટેસ્લાના માલિક ઈલોન મસ્કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કંપની ઓપનએઆઈને 97 બિલિયનમાં ખરીદવાની ઓફર કરી છે. આ ઓફર મસ્કની રોકાણ કંપની દ્વારા કરવામાં આવી છે. મસ્કના વકીલ માર્ક ટોબેરોફે જણાવ્યું હતું કે મસ્ક અને તેમના પોતાના AI સ્ટાર્ટઅપ xAI અને રોકાણ કંપનીઓ OpenAI ખરીદવા માગે છે. તેને નોન-પ્રોફિટ રિસર્ચ લેબ બનાવીને ચેરિટેબલ મિશન બનાવવા ઈચ્છે છે. મસ્કની ઓફરને નકારી કાઢતા, ઓપનએઆઈના સીઈઓ સેમ ઓલ્ટમેને X પરની એક પોસ્ટમાં કહ્યું - નો થેક્યૂ, પણ જો તમે (મસ્ક) ઈચ્છો તો, અમે ટ્વિટર (હવે X) ને $9.74 બિલિયનમાં ખરીદીશું. ઓપનએઆઈ સત્તાવાર રીતે 11 ડિસેમ્બર, 2015ના રોજ લોન્ચ કરવામાં આવ્યું હતું. પછી તેની શરૂઆત ઈલોન મસ્ક, સેમ ઓલ્ટમેન, ગ્રેગ બ્રોકમેન, ઈલ્યા સુત્સ્કીવર, વોજસીચ ઝરેબા, જોન શુલમેન જેવા ટેકનિકલ નિષ્ણાતો અને AI સંશોધકો દ્વારા કરવામાં આવી. વર્ષ 2024માં કંપની માટે સુધી પહોંચી ગયું હતું. ઓપનએઆઈનો ઉદ્દેશ્ય ફક્ત નફો કમાવવાનો નથી. ઓપનએઆઈ હવે 'કેપ્ડ-પ્રોફિટ' મોડેલ પર પણ કાર્ય કરે છે. આનો અર્થ એ થયો કે રોકાણકારો ફક્ત મર્યાદિત નફો જ કમાઈ શકે છે.



### OpenAI ના પોપ્યુલર પ્રોડક્ટ્સ

OpenAIએ 2020માં GPT-3 લૉન્ચ કર્યું, જે ભાષા સમજી શકે અને માણસોની જેમ લખી શકતું હતું. જાન્યુઆરી 2021માં OpenAIએ Dall-E લોન્ચ કર્યું, જે જનરેટિવ AI મોડલ છે. તે યુઝર દ્વારા લખવામાં આવેલા ટેક્સ્ટના આધારે ફોટો બનાવે છે. કંપનીની સૌથી પ્રસિદ્ધ પ્રોડક્ટ ChatGPT નવેમ્બર 2022માં રિલીઝ થઈ હતી. તેને વિશ્વનો સૌથી એડવાન્સ ચેટબોટ કહેવામાં આવતું હતું, કારણ કે તેમાં યુઝર્સને દરેક વિષયનો જવાબ આપવાની ક્ષમતા હતી. લોન્ચ કર્યાના માત્ર 5 દિવસમાં ChatGPTએ 10 લાખ યુઝર્સ પાર કરી દીધા. આ સાથે, તે AI આધારિત એપ્સની દુનિયામાં સૌથી ઝડપી લોકપ્રિય થમાની પ્રોડક્ટ બની ગઈ.

**મસ્કે ટ્વિટર $44 બિલિયનમાં ખરીદ્યું :** ઈલોન મસ્કે 27 ઓક્ટોબર 2022 ના રોજ માઈક્રો-બ્લોગિંગ પ્લેટફોર્મ ટ્વિટર (હવે X) ખરીદ્યું. આ સોદો 44 અબજ ડોલરમાં થયો હતો. આજના દરો મુજબ, આ રકમ 3.6 લાખ કરોડ રૂપિયાથી વધુ છે. ત્યારથી, પ્લેટફોર્મમાં ઘણા મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. મસ્ક X ને 'એવરીથિંગ એપ' બનાવવા માંગે છે. 27 ઓક્ટોબર, 2022 ના રોજ ટ્વિટર ખરીદ્યા પછી, મસ્કે પહેલા કંપનીના ચાર ટોચના અધિકારીઓને કાઢી મૂક્યા. આમાં એજેટનો સમાવેશ થાય છે. જ્યારે મસ્કે Xનો કબજો સંભાળ્યો ત્યારે તેની પાસે લગભગ 7,500 કર્મચારીઓ હતા, પરંતુ હવે ફક્ત 2,500 કર્મચારીઓ જ બાકી રહ્યા છે.

### 500 બિલિયન ડોલરના સ્ટારગેટ પ્રોજેક્ટ પર મસ્ક અને ઓલ્ટમેન વચ્ચે મતભેદ છે

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રસ્તાવિત $500 બિલિયન સ્ટારગેટ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ પર ટેસ્લાના બોસ એલોન મસ્ક અને ઓપનએઆઈના સીઈઓ સેમ તેને વિશ્વનો સૌથી એડવાન્સ ચેટબોટ કહેવામાં આવતું હતું, કારણ કે તેમાં યુઝર્સને દરેક વિષયનો જવાબ આપવાની ક્ષમતા હતી. લોન્ચ કર્યાના માત્ર 5 દિવસમાં ChatGPTએ 10 લાખ યુઝર્સ પાર કરી દીધા. આ સાથે, તે AI આધારિત એપ્સની દુનિયામાં સૌથી ઝડપી લોકપ્રિય થમાની પ્રોડક્ટ બની ગઈ. ઓલ્ટમેન આમને-સામને આવી ગયા છે. ઈલોન મસ્કે સોફ્ટબેંકની ક્ષમતાઓ પર સવાલ ઉઠાવ્યા છે. આ દરમિયાન સેમ ઓલ્ટમેને સ્ટારગેટનો બચાવ કર્યો, મસ્કના મૂલ્યાંકનને ખોટું ગણાવ્યું.

# ગ્વાટેમાલામાં બસ અકસ્માત, 55 લોકોનાં મોત

### બસ 20 મીટર ઊંડા નાળામાં પડી; અકસ્માત સમયે બસમાં 70 લોકો સવાર હતા





(એજન્સી) ગ્વાટેમાલા સિટી તા 11

મધ્ય અમેરિકામાં સ્થિત દેશ ગ્વાટેમાલાની રાજધાની ગ્વાટેમાલા સિટીમાં સોમવારે એક બસ પુલ પરથી પડી ગઈ. ન્યૂઝ એજન્સી રોઈટર્સ અનુસાર, આ અકસ્માતમાં 55 લોકોનાં મોત થયા છે. મુસાફરોથી ભરેલી બસ સાન અગસ્ટિન અકાસાગુઆસ્ટલાન શહેરથી રાજધાની જઈ રહી હતી. ફાયર બ્રિગેડના અધિકારી એડવિન વિલાગ્રાને જણાવ્યું હતું કે અકસ્માત પહેલા અનેક વાહનો એકબીજા સાથે અથડાયા હતા, ત્યારબાદ બસ લગભગ 20 મીટર ઊંડા નાળામાં પડી ગઈ હતી. અકસ્માત બાદ અડધી બસ નાળામાં ડૂબી ગઈ, જેના કારણે લોકોને બહાર નીકળવાનો મોકો મળ્યો નહીં. સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર, અકસ્માત સમયે બસમાં લગભગ 70 લોકો સવાર હતા. ગ્વાટેમાલાના રાષ્ટ્રપતિ બર્નાર્ડો અરેવાલોએ દેશમાં ત્રણ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો. આ સાથે, લોકોની મદદ માટે સેના અને આપત્તિ એજન્સીઓને તૈનાત કરવામાં આવી હતી. ગ્વાટેમાલાના સંદેશાવ્યવહાર મંત્રી મિગુએલ એન્જલ ડિયાઝ કહે છે કે શરૂઆતની તપાસમાં જાણવા મળ્યું છે કે બસ 30 વર્ષ જૂની હતી, પરંતુ તેના કાર્યકારી લાઈસન્સ હજુ સુધી સમાપ્ત થયું ન હતું. બસ રેલિંગ તોડીને પુલ પરથી પડી ગઈ ફાયર વિભાગે જણાવ્યું હતું કે ડ્રાઈવરે બસ પરનો કાબુ ગુમાવી દીધો હતો. તોડી અને પુલ પરથી પડી ગઈ. બચાવ કાર્ય હજુ પણ ચાલુ છે. અકસ્માતના કારણોની તપાસ શરૂ કરવામાં આવી છે.

# Chinaમાં વૃદ્ધોની વધી રહેલી વસતીની સમસ્યા, લગ્ન કરનારાની સંખ્યામાં ઉત્તરોત્તર ઘટાડો

### તે ઉપરાંત ચીની યુવાન હવે પરંપરાગત રૂપે સ્વીકારવા તૈયાર નથી. સ્થિતિ એ છે કે થયેલા લગ્નો પણ તૂટી રહ્યા છે

(એજન્સી) ચીન તા 11

વૃદ્ધોની સંખ્યાની સમસ્યા વધુ જટિલ ચીનમાં લગ્નોની સંખ્યા ઉત્તરોત્તર દર વર્ષે ઘટી રહી છે. દેશમાં એક તરફ વૃદ્ધોની સંખ્યા વધી રહી છે તો બીજી તરફ યુવાનો લગ્ન નથી કરી રહ્યા. તેને કારણે ભવિષ્યમાં વૃદ્ધોની સંખ્યાની સમસ્યા વધુ જટિલ બની શકે છે. સરકાર ઈચ્છે છે કે યુવાનો સમયસર લગ્ન કરે અને સમયસર બાળકોને જન્મ આપે. પરંતુ સરકારના આ પ્રયાસોને સફળતા નથી મળી રહી. વિશ્વની બીજા ક્રમની સૌથી મોટી અર્થવ્યવસ્થા મોટા પડકારોનો સામનો કરી રહી છે. ચીનમાં વર્ષ 2024માં 61 લાખ લગ્ન થયા હતા. વર્ષ 2023માં આ આંકડો 77 લાખ હતો. ચીનમાં વર્ષ 1986માં લગ્ન માટે જાહેર નોંધણી શરૂ થઈ હતી. ત્યારથી માંડીને અત્યારસુધીમાં વર્ષ 2024માં થયેલા લગ્નનો આંકડો તે સૌથી ઓછો આંકડો છે. વર્ષ 2013માં ચીનમાં લગ્નનો સૌથી ઊંચો આંકડો નોંધાયો હતો. તેને મુકાબલે વર્ષ 2024નો આંકડો અડધો જ કહી શકાય.બ્લુમબર્ગના એક અહેવાલ મુજબ ચીનમાં દર વર્ષે થતા લગ્નની સંખ્યા ઘટી રહી છે. સરકાર દ્વારા યુવાનોને થઈ રહેલી અપીલ પ્રભાવહીન રહી છે. નીચા જન્મદરના પ્રશ્નનો સામનો કરી રહેલું ચીન ઈચ્છે છે કે વધુમાં વધુ લોકો લગ્ન કરે. સરકાર તે માટે લોકોને પ્રોત્સાહન આપે છે. પરંતુ થોડા વર્ષો પહેલાં સુધી વન ચાઈલ્ડ પોલિસીનો સ્વીકાર કરનારું ચીન હવે વસતી નથી વધારી શકતું.

ચીનમાં બાળકને જન્મ આપવા માટે તે જરૂરી છે કે માતા-પિતાના લગ્નની નોંધણી થયેલી હોય. સરકાર હવે આ નિયમની જટિલતાનો પણ અંત લાવવા તૈયારી કરી રહી છે. લગ્ન વિના પણ યુવાનો બાળકોને જન્મ આપી શકે, સિંગ પેરન્ટ બાળકોને દત્તક લઈ શકે તે માટે ચીન સરકાર કેટલાક નિયંત્રણો દૂર કરવા વિચારી રહી છે.

## ઓફલાઇન રહેવું, પ્રાઇવેસી પણ સ્ટેટસ સિમ્બોલ બન્યું

# ધનિકતાની નવી પરિભાષા:હવે મોંઘી બ્રાન્ડ્સ નહીં

(એજન્સી)ન્યુયોર્ક તા 11

ધનવાન લોકો લક્ઝરી બ્રાન્ડ્સથી દૂર થઈ રહ્યા છે, કારણ-ડુપ્લિકેટ સરળતાથી ઉપલબ્ધ હવે લક્ઝરી બ્રાન્ડ્સના ગણતરીના દિવસો જ બાકી છે. ધનિકો માટે અને ખાસ કરીને અતિ-ધનિકો (અલ્ટ્રા-રિચ) માટે ડિયોર, વર્સાચે અને બરબરી જેવી બ્રાન્ડ્સ હવે સ્ટેટસ સિમ્બોલ નથી રહી. તેનું કારણ એ છે કે આવી બધી બ્રાન્ડ્સની સસ્તી ડુપ્લિકેટ પ્રોડક્ટો સરળતાથી ઉપલબ્ધ છે અને લોકો માટે લક્ઝરી વસ્તુઓની સુલભતા છે. હવે મોંઘી વસ્તુઓ ખરીદવાને બદલે વિવિધ રીતે સંપત્તિ બતાવવાનું ચલણ વધી રહ્યું છે. હવે અતિ-ધનિકો માટે વાસ્તવિક સ્ટેટસ મોંઘાં કપડાં કે કાર નથી, પરંતુ ઑફલાઈન રહેવું, ખાલી સમય અને ગોપનીયતા છે. આ સિવાય વર્ક-લાઈફ બેલેન્સ પણ એક નવું સ્ટેટસ સિમ્બોલ બની રહ્યું છે. આનાથી તેઓ પોતાના શોખો જેમ કે પિકલબોલ રમવું, ઓર્ગેનિક બ્રેડ બનાવવી અને યોગ ક્લાસીસમાં સમય વિતાવી શકે છે. લક્ઝરી બ્રાન્ડ્સનો જૂનો મહિમા હવે ઝાંખો પડી રહ્યો છે કારણ કે તે મોંઘી હોવા છતાં




તેમની ગુણવત્તા કે ડિઝાઈનમાં કોઈ મોટો ફેરફાર થયો નથી. આ કારણે હવે શ્રીમંત લોકો એવાં કપડાં અને એસેસરીઝ પસંદ કરી રહ્યાં છે જે તેમના વ્યક્તિત્વને પ્રતિબિંબિત કરે છે. આ માટે તેઓ કસ્ટમાઈઝેશન અને પર્સનલાઈઝેશન તરફ આગળ વધી રહ્યા છે. બરબરી અને લુઈ વીટાં જેવી બ્રાન્ડ્સ વ્યક્તિના વ્યક્તિત્વ અનુસાર વસ્તુઓ ડિઝાઈન કરી રહી છે. આ કંપનીઓ અનોખી ડિઝાઈન પર પણ ભાર મૂકી રહી છે. લક્ઝરી બ્રાન્ડ્સ માટે સૌથી મોટો પડકાર એ છે કે તેમના ગ્રાહકોની બદલાતી રુચિઓ અનુરૂપ પોતાને કેવી રીતે અનુકૂળ કરવી. એક સમયે 25 હજાર ડૉલર (આશરે રૂ. 22 લાખ)માં મળતી હર્મેસ બિરકીન બેગ સંપત્તિનું પ્રતીક મનાતી હતી, પરંતુ હવે વૉલમાર્ટ જેવી કંપનીઓ તેની ચોક્કસ નકલ માત્ર 80 ડૉલર (આશરે રૂ. 7 હજાર) માં વેચી રહી છે. મોંઘી બ્રાન્ડ્સ પ્રત્યેની આ ઉદાસીનતા ફક્ત બેગ પૂરતી મર્યાદિત નથી. હકીકતમાં, લુઈ વીટાં, ડિયોર, બરબરી જેવી કંપનીઓના નફામાં પણ ઘટાડો થયો છે. 2022થી 2024ની વચ્ચે આશરે 5 કરોડ લક્ઝરી ગ્રાહકોએ આ બધી લક્ઝરી બ્રાન્ડ્સથી પોતાને દૂર રાખ્યા છે. ખાસ કરીને કોવિડ પછી ગ્રાહકોનો રસ ઘટ્યો છે.

# સોરોસે ભારતમાં સરકાર પાડવા યુએસએઈડ ફંડના રૂપિયા ખર્ચ્યા

(એજન્સી) વોશિંગ્ટન તા 11

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અબજપતિ જ્યોર્જ સોરોસ પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેણે દાવો કર્યો છે કે હંગેરીયન-અમેરિકન અબજપતિ જ્યોર્જ સોરોસના સંગઠનોએ યુએસએઈડ પાસેથી ૨૭ કરોડ ડોલર મેળવ્યા છે. સોરોસે આ રકમનો ઉપયોગ ભારત, બાંગ્લાદેશ સહિત કેટલાય દેશોમાં સરકારો બદલવા, અસ્થિરતા ફેલાવવા અને રાજકીય દરમિયાનગીરી કરવા કર્યો છે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પર કરેલી પોસ્ટમાં જણાવ્યું હતું કે જ્યોર્જ સોરોસે યુએસ એઈડ પાસેથી મળેલા ભંડોળનો ઉપયોગ શ્રીલંકા, બાંગ્લાદેશ, યુક્રેન, સીરિયા, ઈરાન, પાકિસ્તાન, ભારત, યુકે અને અમેરિકામાં અરાજકતા ફેલાવવા અને સરકારો બદલવા તથા વ્યક્તિગત લાભ માટે કર્યો.

તેમની ટિપ્પણીઓ અમેરિકન વિદેશી સહાય એટલે કે યુએસએઈડની સામેની તપાસનું કાર્યક્ષેત્ર વિસ્તારે છે. આ વાત એટલા માટે મહત્ત્વની છે કેમકે ટ્રમ્પ વહીવટીતંત્રએ યુએસએઈડનું બજેટ ફ્રીઝ કરી દીધું છે.

મીડિયા રિપોર્ટ મુજબ છેલ્લા ૧૫ વર્ષ દરમિયાન યુએસએઈડે સોરોસ સાથે સંકળાયેલા સંગઠનોને ૨૭ કરોડ ડોલર કરતાં વધુ રકમ આપી છે. આવું જ એક સંગઠન ઈસ્ટ-વેસ્ટ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયુટ છે, જેણે સોરોસ સાથે ઓપન સોસાયટી માટે ભાગીદારી કરી અને યુએસએઈડનું ભંડોળ મેળવ્યું છે. આ પર્દાફાશે આંતરરાષ્ટ્રીય રાજકીય આંદોલનોમાં અમેરિકન સરકારની ભૂમિકાની ચિંતા વધારી છે.

ડીઓજીઈના પ્રમુખ મસ્કે ટ્રમ્પ વહીવટીતંત્રને સમર્થન આપ્યું છે. તેમણે યુએસએઈડ દ્વારા વોક અને વિવાદાસ્પદ પરિયોજનાઓને નાણાકીય સમર્થનને લઈને પ્રકાશ નાખ્યો છે. મસ્કની બાગીદારીએ શાસક પક્ષ લાંબા સમયથી સોરોસ પર વિપક્ષી સમૂહને સમર્થન આપવા અને પીએમ મોદીના ટીકાકારોને નાણાકીય સહાય આપવાનો આરોપ લગાવતો રહ્યો છે. ભાજપના નેતાઓનો દાવો છે કે સોરોસનો હેતુ ભારત સરકારને અસ્થિર કરવાનો અને દેશના રાજકારણમાં દરમિયાનગીરી કરવાનો છે.

# UKમાં ઓછા વેતનમાં નોકરી કરતાં લોકો નહીં થઈ શકે PR? જાણો કેમ શરૂ થઈ ચર્ચા

(એજન્સી) અમેરિકા તા 11

UK Citizenship Rule: બ્રિટનમાં કામ કરવા ગયેલાં લોકોને સરકાર દ્વારા પરમેનન્ટ રેઝિડેન્સી (PR) પણ આપવામાં આવે છે. પરંતુ, હવે માંગ કરવામાં આવી રહી છે કે, PR આપવાની સિસ્ટમને ખતમ કરી દેવામાં આવે, ખાસ કરીને ઓછા પગારવાળા પ્રવાસી વર્કર્સ માટે. બ્રિટનની વિપક્ષી પાર્ટી કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા કેમી બડેનોચના નેતૃત્વમાં ભારતીયો સહિત પ્રવાસીઓ માટે કડક નાગરિકતા નિયમો અને પરમેનન્ટ રેઝિડેન્સી પર પ્રતિબંધનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. નોંધનીય છે કે, ગત વર્ષે નવેમ્બરમાં જ કેમી બડેનોચને કન્ઝર્વેટિંવ પાર્ટીના નેતા ચૂંટવામાં આવ્યા હતાં. ઈમિગ્રેશનના નિયમોને કડક થશે? કેમી બડેનોચનું કહેવું છે કે, 'જો અમારી પાર્ટી સત્તામાં આવે છે, તો



ઈમિગ્રેશનના નિયમોને કડક કરવામાં આવશે. બ્રિટનમાં પ્રવાસી લોકોને 'ઈન્ડેફિનેટ લીવ ટૂ રિમેન' (ILR) આપવામાં આવશે, જે તેમને પરમેનન્ટ રેઝિડેન્સીનું સ્ટેટસ આપે છે. તેના દ્વારા તે જ્યાં સુધી ઈચ્છે ત્યાં સુધી બ્રિટનમાં રહીને નોકરી અથવા અભ્યાસ કરી શકે છે. આ પ્રકારે ILR મળ્યા બાદ પ્રવાસીઓને દેશમાંથી કાઢી નહીં શકાય અને તેઓને તમામ લાભ પણ આપવામાં આવે છે. ILR મળ્યા બાદ તેઓ બ્રિટિશ નાગરિકતા માટે અરજી કરી શકે છે'.

કેમી બડેનોચે શું પ્રસ્તાવ મૂક્યો?

કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા કેમી બડેનોચના પ્રસ્તાવ અનુસાર, 'ઓછા વેતન પર અને નોકરી વિનાના વિદેશી વર્કર્સને PR આપવાનું બંધ કરવું જોઈએ. ILR હાંસલ કરવા માટે 5 વર્ષ સુધી દેશમાં રહેવાના નિયમને વધારીને 10 વર્ષ કરી દેવામાં આવે. ILR અરજીને સરકારી સુવિધાનો લાભ ન આપવામાં આવે. જે પરિવાર ILR માટે અરજી કરી રહ્યાં છે, તેમને અર્થવ્યવસ્થામાં યોગદાન આપવા વિશે જણાવવું જોઈએ. ગુનાહિત રેકોર્ડવાળા લોકોને PR ન આપવા દેશ કોઈ હોસ્ટેલ નથી પરંતુ, આ અમારૂ ઘર છે. નાગરિકતા અને પરમેનન્ટ રેસિડેન્સીનો અધિકાર ફક્ત એવા લોકોને મળે, જેણે બ્રિટન પ્રતિ સાચી વફાદારી બતાવી હોય.'

## યેદિયુરપ્પાના પુત્ર વિજયેન્દ્ર સામે અસંતોષ; ભાજપે ફરિયાદી ધારાસભ્યો અને નેતાઓને જ નોટિસ ફટકારી

# કર્ણાટક ભાજપ અધ્યક્ષને હટાવવાની માંગ, પાર્ટીનો ઈનકાર

બેંગ્લોર | કર્ણાટક રાજ્યના કેટલાક ધારાસભ્યો અને નેતાઓએ કર્ણાટક ભાજપ અધ્યક્ષ બી. વાય. વિજયેન્દ્ર સામે અસંતોષ વ્યક્ત કર્યો છે અને તેમને પદ પરથી હટાવવાની માંગ કરી છે. જો કે, પાર્ટી હાઈકમાન્ડે તેમને હટાવવાનો ઈનકાર કરી દીધો છે અને વિજયપુરાના ધારાસભ્યને નોટિસ ફટકારી છે. વિજયેન્દ્ર પૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાના પુત્ર છે.

પાર્ટી હાઈકમાન્ડે ફરિયાદ કરનારા નેતાઓને ઠપકો આપ્યો છે અને વિજયેન્દ્ર સામેની ફરિયાદો પર કાર્યવાહી કરવાનો ઈનકાર કર્યો છે. પાર્ટીએ વિજયપુરાના ધારાસભ્ય બસનાગૌડા પાટિલ યતમલને નોટિસ ફટકારીને કહ્યું કે તમે શિસ્તનું ઉલ્લંઘન કરી શકશો નહીં. નોટિસનો જવાબ 72 કલાકમાં માંગવામાં આવ્યો છે.

ફરિયાદ કરનારા નેતાઓએ માંગ કરી હતી કે વિજયેન્દ્રને પાર્ટી અધ્યક્ષ પદ પરથી હટાવવામાં આવે અને પૂર્વ મુખ્યમંત્રી અને સાંસદ બસવરાજ બોમાઈને કમાન સોંપવામાં આવે. આ નેતાઓ બોમ્મઈને મળ્યા છે અને પોતાના વિચારો રજૂ કર્યા છે. જો કે, બોમ્મઈએ કહ્યું છે કે તેઓ પાર્ટી હાઈકમાન્ડના નિર્ણયનું પાલન કરશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, વિજયેન્દ્રને હટાવવાના પ્રયાસો લોકસભા ચૂંટણી પછી શરૂ થઈ ગયા હતા. જો કે, પાર્ટીએ હવે તેની નોંધ લીધી અને ફરિયાદ કરનારાઓને નોટિસ ફટકારી છે. વિજયેન્દ્ર કર્ણાટકના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાના પુત્ર છે. ધારાસભ્ય બસનાગૌડા પાટિલ યતનાલ, બીપી હરીશ, ભૂતપૂર્વ ધારાસભ્ય કુમાર બંગારપ્પા અને ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી જીએમ સિદ્ધેશ્વર સહિત ઘણા નેતાઓએ તેમની વિરુદ્ધ કર્ણાટકના પ્રભારી રાધામોહન દાસ અગ્રવાલને ફરિયાદ કરી હતી.



**વિપક્ષી છાવણી પણ નડ્ડાને મળી છે :** એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે ભૂતપૂર્વ મંત્રી અને ધારાસભ્ય રમેશ જારકીહોલી મીડિયામાં વિજયેન્દ્ર અને તેમના પિતા યેદિયુરપ્પા વિરુદ્ધ સતત નિવેદનો આપી રહ્યા હતા. તેઓ કેટલાક નેતાઓ સાથે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા સાથે પણ મુલાકાત કરી ચૂક્યા છે.

દક્ષિણમાં કર્ણાટક એકમાત્ર એવું રાજ્ય છે જ્યાં ભાજપ મજબૂત છે. આવી સ્થિતિમાં, પાર્ટી હાઈકમાન્ડ અહીં કોઈપણ પ્રકારનો જૂથવાદ ઈચ્છતો નથી. બળવાખોર નેતાઓએ પાર્ટી હાઈકમાન્ડને મળવા માટે સમય માંગ્યો હતો, પરંતુ પાર્ટીએ તેમને મળવાનો ઈનકાર કર્યો હતો.

### વિરોધીઓ સામે કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી

ગયા અઠવાડિયે, ભાજપના ધારાસભ્ય સુરેશ ગૌડાએ કહ્યું હતું કે વિજયેન્દ્ર પાર્ટીનું અસરકારક રીતે નેતૃત્વ કરી રહ્યા છે. તેમણે બળવાખોર નેતાઓ સામે કાર્યવાહીની માંગ કરી હતી. તેમણે કહ્યું- પૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાની ટીકા કરવી અયોગ્ય છે. જો પાર્ટીના નેતાઓ પોતે જ તેમની વિરુદ્ધ નકારાત્મક નિવેદનો આપશે, તો તેનાથી કાર્યકરો નબળા પડશે.

રાજ્યમાં ભાજપને સત્તામાં લાવવામાં યેદિયુરપ્પાએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. જાહેરમાં નિવેદનો આપવાને બદલે, બળવાખોરોએ પાર્ટીના મંચ પર પોતાના વિચારો રજૂ કરવા જોઈએ.

# મહાકુંભમાં અત્યાર સુધીમાં 45 કરોડ લોકોએ ડૂબકી લગાવી સંગમમાં ભારે ભીડ; કમિશનર અને DIG રસ્તા પર ઉતર્યા

(એજન્સી) પ્રયાગરાજ | તા. 11

આજે મહાકુંભનો 30મો દિવસ છે. 13 જાન્યુઆરીથી અત્યાર સુધીમાં 45 કરોડથી વધુ ભક્તોએ સ્નાન કર્યું છે. આજે બપોરે 12 વાગ્યા સુધી 81.60 લાખ શ્રદ્ધાળુઓએ સંગમમાં સ્નાન કર્યું હતું.

સંગમ ખાતે ભારે ભીડ છે. દરેક જગ્યાએ લોકો જ લોકો દેખાય છે. શહેરમાં જામ જેવી સ્થિતિ છે. ભીડને કાબૂમાં લેવા કમિશનર પ્રયાગરાજ વિજય વિશ્વાસ પંત અને DIG અજય પાલ શર્મા રસ્તા પર ઉતર્યા છે. 12 ફેબ્રુઆરીએ યોજાનાર માઘ પૂર્ણિમાના સ્નાનને ધ્યાનમાં રાખીને પ્રયાગરાજમાં નવી ટ્રાફિક વ્યવસ્થા લાગુ કરવામાં આવી છે. 10ફેબ્રુઆરીના રોજ રાત્રે 8 વાગ્યાથી 13 ફેબ્રુઆરીના રોજ સવારે 8 વાગ્યા સુધી મેળામાં કોઈ વાહન દોડશે નહીં. ફક્ત વહીવટી અધિકારીઓના વાહનો અને આરોગ્ય વિભાગના વાહનો જ દોડશે.

સીએમ યોગી આદિત્યનાથે સોમવારે સાંજે એસટીએફ ચીફ અમિતાભ યશને ખાસ વિમાન દ્વારા પ્રયાગરાજ મોકલ્યા હતા. 52 નવા IAS, IPS અને PCS અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. દરેકને તાત્કાલિક પ્રયાગરાજ પહોંચીને ડ્યુટી જોઈન કરવા માટે કહેવામાં આવ્યું હતું.

યોગીએ સોમવારે સાંજે મહાકુંભ અંગે સમીક્ષા બેઠક યોજી હતી. યોગીએ કહ્યું- માઘ પૂર્ણિમાના દિવસે ટ્રાફિક અને ભીડ વ્યવસ્થાપનના નિયમોનો કડક અમલ થવો જોઈએ. રસ્તાઓ પર વાહનોની કતારો ન હોવી જોઈ.



**આ વ્યવસ્થા હવે કરવામાં આવી છે**

સંગમ પહોંચવા માટે પગપાળા માર્ગ: ભક્તો જીટી જવાહર માર્ગથી પ્રવેશ કરશે. તેઓ કાલી રેમ્પ અને સંગમ અપર રોડ થઈને સંગમ પહોંચશો.

સંગમથી પાછા ફરવાનો પગપાળા માર્ગ - સંગમ વિસ્તારમાંથી, આપણે અક્ષયવત માર્ગ થઈને ઈન્ટરલોકિંગ રીટર્ન રૂટ પર ચાલીશું. આ પછી, તમે ત્રિવેણી માર્ગ થઈને પાછા જઈ શકો છો.

# અમે એવું પંજાબ મોડલ બનાવીશું કે આખો દેશ જોશે : પંજાબ મુખ્યમંત્રી ભગવંત માન



પંજાબ/નવી દિલ્હી | તા. 11

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટી (AAP)ની હાર બાદ પંજાબમાં રાજકીય ઊથલપાથલ મચી છે. પંજાબ કોંગ્રેસે દાવો કર્યો હતો કે 35 ધારાસભ્યો AAP છોડવા તૈયાર છે. 30 ધારાસભ્યો પણ તેમના સંપર્કમાં છે. આને ધ્યાનમાં રાખીને, AAP કન્વિનર અને પૂર્વ મુખ્યમંત્રી દિલ્હીમાં પંજાબના તમામ ધારાસભ્યો સાથે બેઠક મળી હતી. દિલ્હી ચૂંટણી બાબતે અરવિંદ કેજરીવાલે બેઠકમાં કહ્યું- અમે દિલ્હીમાં મજબૂતાઈથી લડાઈ લડી છે. પૈસા અને ગુંડાગીરીથી કોઈ જીતી પણ જાય તો આપને નબળી ન સમજવી. આપણે વધુ મજબૂત થઈને આગામી ચૂંટણી લડવાની છે. કેજરીવાલે ધારાસભ્યોને 2027ની પંજાબ વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને એક થઈને કામ કરવા જણાવ્યું હતું.

પંજાબના સીએમ ભગવંત માને કહ્યું કે અમે પંજાબને એવું મોડલ રાજ્ય બનાવીશું કે આખો દેશ તેને જોશે. નાણામંત્રી હરપાલ ચીમાએ કહ્યું કે દિલ્હી અને પંજાબ સરકાર વચ્ચે જે નોલેજ શેરિંગ એગ્રીમેન્ટ કરવામાં આવ્યા હતા તે ચાલુ રહેશે.

આ બેઠક દિલ્હીમાં પંજાબના સીએમના સત્તાવાર નિવાસસ્થાન કપૂરથલા હાઉસમાં મળી હતી. બેઠકમાં દિલ્હીમાં ચૂંટણી હારેલા પૂર્વ ડેપ્યુટી સીએમ મનીષ સિસોદિયા પણ હાજર રહ્યા. આ બેઠકમાં ધારાસભ્યોની સાથે સીએમ ભગવંત માન પણ હાજર હતા. બેઠકમાં ફક્ત તે લોકોને જ પ્રવેશ આપવામાં આવી રહ્યો હતો જેમના નામ ગેટ પર રહેલી યાદીમાં હતાં. અહીં પહોંચેલા ધારાસભ્યોએ કહ્યું કે એ વાત ચોક્કસ છે કે પંજાબમાં ન તો સીએમ ભગવંત માનને બદલવામાં આવશે અને ન તો કોઈ ધારાસભ્ય પાર્ટી છોડશે.

# મહાકુંભમાં આવું પહેલીવાર બન્યુ: અખાડાએ શ્રીલ પ્રભુપાદને વિશ્વગુરૂ બનાવ્યા



(એજન્સી) પ્રયાગરાજ | તા. 11

ઈસ્કોન અને વિશ્વવ્યાપી હરે કૃષ્ણ આંદોલનના સ્થાપક અને આચાર્ય શ્રી કૃષ્ણ કૃપામૂર્તિ એ.સી. ભક્તિવેદાંત સ્વામી શ્રીલા પ્રભુપાદને ઐતિહાસિક મહાકુંભના પાવન અવસર પર અખિલ ભારતીયઅખાડા પરિષદે પહેલી વખત 'વિશ્વ ગુરુ'ની ઉપાધી વડે સન્નમાનિત કર્યા છે. નિત્યાનંદ તેરસના પાવનદિવસે નિરંજની અખાડાના પટાંગણમાં વિશ્વગુરૂ પટ્ટાભિષેક કાર્યક્રમ યોજાયો હતો. આ ઉપાધી શ્રીલાપ્રભુપાદને દુનિયા ભરમાં લાખો-કરોડો અનુયાયીઓને સનાતન ધર્મ સાથે જોડવાના અને ઈસ્કોન પ્રત્યેદેશ-વિદેશમાં જન્મેલી શ્રદ્ધાને ધ્યાને રાખાની આપવામાં આવી છે.

આ કાર્યક્રમ નિરંજની પીઠાધીશ્વર શ્રી શ્રી ૧૦૦૮ સ્વામી કૈલાશાનંદ ગિરિ મહારાજ, અખિલ ભારતીય અખાડા પરિષદના પ્રમુખ શ્રીમહંત રવિન્દ્ર પુરી જી મહારાજ, આચાર્ય મહામંડલેશ્વર અવધૂત અરુણ ગિરિ જી, શ્રી આવાહન અખાડા પીઠાધીશો, અખાડાઓના મહામંડલેશ્વરો, સચિવો, શ્રીમહંતો અને હજારો ભક્તોની હાજરીમાં યોજાયો હતો. આ સન્માન સ્વામી શ્રીલા પ્રભુપાદને હરે કૃષ્ણ ચળવળ અને ઈસ્કોન બેંગ્લોરના પ્રમુખ શ્રી મધુ પંડિત દાસજી અને વૃંદાવન ચંદ્રોદય મંદિરના પ્રમુખ ચંચલપતિ દાસજીની પવિત્ર ઉપસ્થિતિમાં આપવામાં આવ્યું હતું. આભારવિધિ ભરતર્ષભા દાસે કરી હતી.

# મહારાષ્ટ્રમાં GB સિન્ડ્રોમને કારણે 7ના મોત : 37 વર્ષના યુવકે જીવ ગુમાવ્યો...

(એજન્સી) મુંબઈ | તા. 11

મહારાષ્ટ્રમાં શંકાસ્પદ ગુઈલેન-બેરે સિન્ડ્રોમ (GBS)ના દર્દીઓની સંખ્યા 192 પર પહોંચી ગઈ છે. 167 દર્દીઓમાં સિન્ડ્રોમની પુષ્ટિ થઈ છે. 7 લોકો મૃત્યુ પામ્યા છે. સોમવારે પુણેમાં 37 વર્ષીય યુવકનું મોત થયું હતું.48 દર્દીઓ ICUમાં છે અને 21 વેન્ટિલેટર પર છે. એક્ટિવ કેસોમાં, 39 દર્દીઓ પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનના, 91 પુણેની બાજુના ગામોના, 29 પિંપરી ચિંચવડના, 25 પુણે ગ્રામીણના અને 8 અન્ય જિલ્લાના છે. અગાઉ 7 ફેબ્રુઆરીએ GB સિન્ડ્રોમના દર્દીઓની સંખ્યા 180 હતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે GB સિન્ડ્રોમના સૌથી વધુ કેસ નાંદેડ નજીકના વિસ્તારમાં આવેલી એક હાઉસિંગ સોસાયટીમાંથી સામે આવ્યા. અહીં પાણીનો સેમ્પલ લેવામાં આવ્યા હતા, જેમાં કેમ્પીલોબેક્ટર જેજુની પોઝીટીવ મળી આવ્યા હતા. તે પાણીમાં જોવા મળતા બેક્ટેરિયા છે. નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી (NIV)એ પુષ્ટિ કરી છે કે નાંદેડ અને તેની આસપાસના વિસ્તારોમાં GB સિન્ડ્રોમનો ફેલાવો પ્રદૂષિત પાણીને કારણે છે. પુણે શહેર કોર્પોરેશને નાંદેડ અને આસપાસના વિસ્તારોમાં 11 ખાનગી આરઓ સહિત 30 પ્લાન્ટ સીલ કર્યા છે. 6 ફેબ્રુઆરીના રોજ એક 63 વર્ષીય વ્યક્તિનું મોત થયું હતું. આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું કે તાવ અને પગમાં નબળાઈની ફરિયાદ બાદ વૃદ્ધ વ્યક્તિને સિંહગઢ રોડ વિસ્તારની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તપાસમાં જાણવા મળ્યું કે તેને GB સિન્ડ્રોમ છે.

**પશ્ચિમ બંગાળમાં 3 લોકોના મોત :** કોલકાતા અને હુગલી જિલ્લા હોસ્પિટલમાં જીબી સિન્ડ્રોમથી 3 લોકોના મોત થયા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. અહેવાલો અનુસાર, ઉત્તર 24 પરગણા જિલ્લાના જગદ્દલના રહેવાસી દેબકુમાર સાહુ (10) અને અમદંગાના રહેવાસી અરિત્રા મનલ (17)નું મૃત્યુ થયું.

# પીએમશ્રી ચાણસ્મા પ્રા.કન્યાશાળામાં ડિશ વિતરણ કાર્યક્રમ યોજાયો

નીતિન ઠાકર । ચાણસ્મા

પીએમશ્રી ચાણસ્મા પ્રા.કન્યાશાળામાં સ્વ-જસુમતીબેન કનૈયાલાલ દરજી -(હાલ મુંબઈ) ના પુણ્યતિથિ નિમિત્તે હિતેશભાઈ દરજી દ્વારા તમામ બાળાઓને ડિશ આપવામાં આવી. સરકારશ્રીના મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના અંતર્ગત સવારના નાસ્તા માટે 350 નંગ ડિશ શાળામાં આજે સ્વ .જસુમતીબેન કનૈયાલાલ દરજીના સ્મૃતિમાં શાળામાં અર્પણ કરવામાં આવી. આ પ્રસંગે મુંબઈથી કનૈયાલાલ દરજી, હિતેશભાઈ દરજી, વિશાલભાઈ દરજી ઉપસ્થિત રહ્યા હતા. શાળાના સંગીત શિક્ષક હિતેશભાઈ દ્વારા માતૃપ્રેમના ગીતોનું ભાવવાહી ગાન કર્યુ હતું. દાતાશ્રી હિતેશભાઈ દ્વારા બાળાઓ સાથે સંવાદ કર્યો. હતો.બાળાઓને શું શું જરૂરીયાત છે તે



જણાવવા કહ્યું હતું.બાળાઓએ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા આયોજીત જ્ઞાનસેતુ. જ્ઞાનસાધના . એન.એમ.એમ.એસ ના પૂરક સંદર્ભ સાહિત્યની જરૂર છે તેવી માગણી મૂકી હતી.આ માગણી સંદર્ભે હિતેશભાઈ દ્વારા દરેક પરીક્ષાના 7 સાત સેટ આપવાની વાત કહી હતી.શાળા પરિવાર દ્વારા આ દાન બદલ આભારદર્શન માન્યો હતો.

**નામ બદલેલ છે**

મે મારૂ જૂનુ નામ મોહંમદશાહીદ ગુલામરસુલ શેખ થી બદલી નવું નામ શાહીદ ગુલામરસુલ શેખ રાખેલ છે.

રહે. બી-૫, શીતલસોસાયટી, એન.વી.પટેલ હાઈ સ્કુલપાસે, દાણીલીમડા અમદાવાદ - ૩૮૦૦૨૮

**નામ બદલેલ છે**

મે મારૂ જૂનુ નામ શેખ સબીનાબાનુ મોહંમદશાહીદ થી બદલી નવું નામ શેખ સબીનાબાનુ શાહીદ રાખેલ છે.

રહે. બી-૫, શીતલસોસાયટી, એન.વી.પટેલ હાઈ સ્કુલપાસે, દાણીલીમડા અમદાવાદ - ૩૮૦૦૨૮

**પશ્ચિમ રેલવે - અમદાવાદ**

પ્રોફોર્મા-૧૦.૦૨
ભારતીય રેલ્વે
AC 25 kV ટ્રેક્શનનો પરિચય
"રોડ ઉપયોગકર્તાઓને ચેતવણી "

જાહેર જનતાની માહિતી માટે જણાવવામાં આવે છે કે પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનના કલોલ કટોસન રોડ સેક્શન પર કલોલ (સહિત) કિમી KLL/2001 (CH:00/264.50) થી કડી લોકેશન કિમી 17/17 (CH:17/868.50) અને કડી (સહિત) લોકેશન કિમી 17/17 (CH:17/868.50) થી કટોસન રોડ (સહિત) લોકેશન કિમી KTRD/1058 (CH:35/655.50) વચ્ચેના સેક્શન ગેજ કન્વર્ઝન (M.G થી B.G) સિંગલ લાઇન કન્વેન્શનલ OHE 18-02-2025 ના રોજ અથવા તે પછી 25 KV પર સક્રિય કરવામાં આવશે. (RKM-36.39, TKM-41.11). કલોલ (સહિત) KM KLL/2001 (CH:00/264.50) એ કડી લોકેશન કિમી 17/17 (CH:17/868.50) વિભાગમાં,પરંપરાગત OHE દરેક લેવલ ક્રોસિંગ પર ઊંચાઇ ગેજ સ્થાપિત કરવામાં આવ્યા છે જેમાં સિંગલ લાઇનમાં રોડ લેવલથી 4.78 મીટરની સ્પષ્ટ ઊંચાઈ છે. અને કડી (સહિત) લોકેશન કિમી 17/17 (CH:17/868.50) થી કાટોસણ રોડ (સહિત) વચ્ચે સિંગલ લાઇન હાઇરાઇઝ OHE, જે રોડ લેવલ 6.76 મીટરની સ્પષ્ટ ઊંચાઈ સાથે કડી (સહિત) લોકેશન કિમી 17/17 (CH:17/868.50) થી કટોસણ રોડ (સહિત) વિભાગ વચ્ચેના સિંગલ લાઇન હાઇરાઇઝ OHE માં, રસ્તાના સ્તરથી 6.76 મીટરની સ્પષ્ટ ઊંચાઈ સાથે, કિમી KTRD/1058 (CH:35/655.50) વિભાગ પર અત્યાધિક ઊંચાઇના ભારને લાઇવ ટ્રકશન વાયર (સંપર્ક તાર)ના સંપર્કમાં નજીક આવવા તથા ખતરનાક નિકટતાથી રોકવાના ઉદ્દેશ્યથી કલોલ (સહિત) KM KLL/2001 (CH:00/264.50) થી કડી લોકેશન કિમી 17/17 (CH:17/868.50) વિભાગ સુધી, સિંગલ લાઇન પરંપરાગત OHE માં, રેલ સ્તરથી ઓછામાં ઓછી 5.80 મીટરની ઊંચાઈ હોવી જોઈએ, અને કડી (સહિત) લોકેશન કિમી 17/17 (CH:17/868.50) થી કટોસન રોડ (સહિત) લોકેશન કિમી KTRD/1058 (CH:35/655.50) વિભાગ વચ્ચે સિંગલ લાઇન હાઇરાઇઝ OHE માં લેવલ ક્રોસિંગ પર રેલ લેવલથી ઓછામાં ઓછા 7.30 મીટરની ઊંચાઈ પર .

જાહેર જનતાને જણાવવામાં આવે છે કે તેઓ વાહનોમાં માલ લોડ કરવા માટે ઉપર દર્શાવેલ ઊંચાઇનું પાલન કરે અને ખાતરી કરે કે રોડ વાહનોમાં વહન કરવામાં આવતો ભાર કોઈપણ સંજોગોમાં ઊંચાઇ ગેજનો ભંગ ન કરે.

**વધુ પડતા ઊંચાઇના ભારણના જોખમો નીચે મુજબ છે:-**

1. ઊંચાઈ માપક માટે જોખમ અને તેના પરિણામે રોડ અને રેલ્વે લાઈનોમાં અવરોધ.
2. વાહનો પર પરિવહન કરાયેલા સાધનોની સામગ્રી માટે જોખમ.
3. કંડક્ટરના સંપર્ક અથવા ખતરનાક નિકટતાને કારણે આગનો ભય અને જીવનું જોખમ.

122A

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# જમ્મુ-કાશ્મીરમાં 48 કલાકમાં હિમવર્ષા-વરસાદની શક્યતા:પર્વતીય વિસ્તારોમાં 3-6 ઇંચ બરફ પડ્યો; રાજસ્થાનના ઘણા શહેરોમાં ઝરમર વરસાદ

જમ્મુ/ભોપાલ/નવી દિલ્હી | સોમવારે જમ્મુ અને કાશ્મીરમાં ત્રીજી વખત હિમવર્ષા થઈ. આ દરમિયાન, ગુલમર્ગ, સોનમર્ગ, દૂધપત્રી અને અન્ય ઊંચાઈવાળા વિસ્તારોમાં 3-6 ઈંચ બરફ પડ્યો હતી. શ્રીનગરમાં લઘુત્તમ તાપમાન 3.0C સેલ્સિયસ અને મહત્તમ તાપમાન 10.0 સેલ્સિયસ નોંધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી 48 કલાકમાં કાશ્મીરના ઘણા સ્થળો અને જમ્મુના કેટલાક ભાગોમાં હળવો વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે. આકાશ વાદળછાયું રહેશે. કોલ્ડવેવની પણ અસર રહેશે. સોમવારે દિલ્હીમાં દિવસનું તાપમાન 28 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું. જે આ સિઝનનો સૌથી ગરમ દિવસ હતો. આ સામાન્ય કરતાં 4.6 સેલ્સિયસ વધુ હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, મંગળવારે હળવું ધુમ્મસ અને વાદળો રહેશે. હવામાન વિભાગે આજે ફક્ત પશ્ચિમ બંગાળમાં જ ગાઢ ધુમ્મસની આગાહી કરી છે. આ ઉપરાંત આસામ, મેઘાલય અને અરુણાચલ પ્રદેશમાં વીજળી, ગાજવીજ અને વરસાદની આગાહી છે. મધ્યપ્રદેશના ગુનામાં એક જ દિવસમાં પારો 5.4 ડિગ્રી વધ્યો. રતલામ-સિઓનીમાં 33 ડિગ્રી અને મંડલામાં 33.5 ડિગ્રી તાપમાન હતું.

- મધ્યપ્રદેશ: દિવસ અને રાત્રિ દરમિયાન પારો 5 વધ્યો, બે દિવસથી તાપમાન વધ્યું; 13મી તારીખથી ઠંડીનો બીજો રાઉન્ડ
- મધ્યપ્રદેશના ગુનામાં એક જ દિવસમાં પારો 5.4 ડિગ્રી વધ્યો. રતલામ-સિઓનીમાં 33 ડિગ્રી અને મંડલામાં 33.5 ડિગ્રી તાપમાન હતું. મોટાભાગના શહેરોમાં પારો 30 ડિગ્રીથી ઉપર રહ્યો. આગામી 2 દિવસ સુધી આવું જ હવામાન રહેશે. શિયાળાની બીજી લહેર 13 ફેબ્રુઆરીથી આવી શકે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, મંગળવારે ગરમીની અસર જોવા મળશે.
- રાજસ્થાન: ઘણા શહેરોમાં ઝરમર વરસાદ પડ્યો, ઠંડા પવનો પણ ફૂંકાયા; દિવસના તાપમાનમાં 5 ડિગ્રીનો વધારો થયો
- સોમવારે રાજસ્થાનના જોધપુર, જેસલમેર, બાડમેર, અજમેર સહિત ઘણા શહેરોમાં મહત્તમ દિવસનું તાપમાન 31 ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાયું હતું. આ શહેરોમાં, તાપમાનનો પારો સરેરાશ કરતા 5 ડિગ્રી વધુ નોંધાયેલો છે અને તેથી દિવસ દરમિયાન ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. હવામાન નિષ્ણાતોએ આગામી 4 દિવસ સુધી રાજ્યમાં આવું જ હવામાન રહેવાની આગાહી કરી છે. આ ઉપરાંત જયપુર, બિકાનેર અને અલવર સહિતના કેટલાક શહેરોમાં ગઈકાલે દિવસભર આકાશમાં હળવા વાદળો જોવા મળ્યા હતા. બિકાનેરમાં કેટલીક જગ્યાએ હળવો ઝરમર વરસાદ પણ પડ્યો હતો.
- પંજાબ: રાજ્યમાં હવામાનમાં કોઈ ફેરફાર અને વરસાદની શક્યતા નથી, પટિયાલા સૌથી ગરમ રહ્યું પંજાબમાં મહત્તમ તાપમાનમાં 0.2 ડિગ્રીનો વધારો નોંધાયો છે. જોકે, રાજ્યમાં તાપમાન હજુ પણ સામાન્ય કરતા 4 ડિગ્રી સેલ્સિયસ વધુ છે. પટિયાલામાં સૌથી વધુ 27.1 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. તેમજ, લઘુત્તમ તાપમાન સામાન્ય છે, જેના કારણે રાત્રે ઠંડી રહે છે.

**વિસ્તાર અમર લિમિટેડ**

રજિસ્ટર્ડ ઓફિસ: સર્વે નંબર 1943, મંગલકુંજ, રેલવે સ્ટેશન રોડ બાલાશ્રમ સામે , પોરબંદર 360575 (ગુજરાત )
ટેલિફોન :- +91 9723102201, ઈમેલ આઈડી:- roc.shubhra@gmail.com
વેબસાઈટ :- www.vistaramar.com CIN :- L05000GJ1983PLC149135

31મી ડિસેમ્બર 2024 ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર અને નવ મહિના માટે અનઓડિટેડ નાણાકીય પરિણામોનું નિવેદન.

(રકમ લાખમાં )

| અ. નં. | વિગતો | પૂરા થયેલા ક્વાર્ટર માટે | | | વિગતો | | 31 માર્ચ 2024 ના રોજ સમાપ્ત થયેલ અગાઉનું એકાઉન્ટિંગ વર્ષ |
|---|---|---|---|---|---|---|---|
| | | 31-Dec-24 | 30-Sep-24 | 31-Dec-23 | 31-Dec-24 | 31-Dec-23 | |
| | | (અન-ઓડિટેડ) | (અન-ઓડિટેડ) | (અન-ઓડિટેડ) | (અન-ઓડિટેડ) | (અન-ઓડિટેડ) | (ઓડિટેડ) |
| 1 | કામગીરીમાંથી કુલ આવક. | 870.37 | 347.97 | 2,193.51 | 2,359.74 | 5,105.42 | 7,410.99 |
| 2 | સમયગાળા માટે ચોખ્ખો નફો (કર પહેલાં, અસાધારણ અને/અથવા વધારાની સામાન્ય વસ્તુઓ). | (42.81) | 15.08 | 228.35 | (27.74) | 435.30 | 495.66 |
| 3 | કર પહેલાંના સમયગાળા માટે ચોખ્ખો નફો (અસાધારણ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી). | (42.81) | 15.08 | 228.35 | (27.74) | 435.30 | 495.66 |
| 4 | કર પછીના સમયગાળા માટે ચોખ્ખો નફો (અસાધારણ અને/અથવા અસાધારણ વસ્તુઓ પછી). | (42.62) | 11.10 | 172.50 | (31.73) | 325.37 | 370.83 |
| 5 | સમયગાળા માટે કુલ વ્યાપક આવક [તે સમયગાળા માટેનો નફો/(નુકશાન) (કર પછી) અને અન્ય વ્યાપક આવક (કર પછી)]. | (42.62) | 11.10 | 172.50 | (31.73) | 325.37 | 371.58 |
| 6 | ઈક્વિટી શેર મૂડી. | 576.00 | 320.00 | 320.00 | 576.00 | 320.00 | 320.00 |
| 7 | પાછલા એકાઉન્ટિંગ વર્ષની બેલેન્સ શીટ મુજબ પુનઃમૂલ્યાંકન અનામતને બાદ કરતાં અનામત. | NA | NA | NA | NA | NA | 669.00 |
| 8 | શેર દીઠ કમાણી (રૂ. 10/- પ્રત્યેકની) મૂળભૂત અને ડીલ્યુટેડ. | (0.74) | 0.35 | 5.39 | (0.55) | 10.17 | 11.61 |

નોંધો :- ઉપરોક્ત 31 ડિસેમ્બર 2024 ના રોજ પૂરા થયેલા ક્વાર્ટર અને નવ માસિક માટેના અનઓડિટેડ નાણાકીય પરિણામોના વિગતવાર ફોર્મેટનો એક અર્ક છે જે સેબીના નિયમન 33 (સૂચિબદ્ધ જવાબદારીઓ અને જાહેરાતની આવશ્યકતાઓ) નિયમન 2015 હેઠળ સ્ટોક એક્સચેન્જમાં ભરેલો છે. તેનું સંપૂર્ણ ફોર્મેટ પરિણામો સ્ટોક એક્સચેન્જની વેબસાઈટ www.bseindia.com પર ઉપલબ્ધ છે.

બોર્ડના આદેશથી,
Sd/-ડિરેક્ટર:- રાજેશકુમાર પંજરી
DIN:- 00261895

સ્થળ :- પોરબંદર
તારીખ :- 11-02-2025

સિટી એક્સપ્રેસ
WEDNESDAY 12 FEBRUARY-2025
AHMEDABAD

## RTOના ટેક્નિકલ સ્ટાફના વિરોધ અંતર્ગત કચેરીનું 80 ટકા કામ બંધ

ગાંધીનગર |આરટીઓ કચેરીના ટેકનિકલ સ્ટાફ દ્વારા નો લોગીન ડે અંતર્ગત કામગીરીનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો. આથી આરટીઓ કચેરીની ઈ-ચલણ, વાહન, સારથી, ટેસ્ટ ટ્રેક, ચેકિંગ મેમો બનાવવો, મેન્યુઅલ કામગીરી સહિતનો બહિષ્કાર કરવામાં આવ્યો હતો. જોકે ચૂંટણીલક્ષી કામગીરી કરવામાં આવી હતી. વધુમાં કર્મચારીઓ દ્વારા સ્વસ્છતા અભિયાન અને રોડ સેફ્ટી સહિતની કામગીરી કરીને આરટીઓ કચેરીના કર્મચારીઓએ અનોખો વિરોધ કર્યો હતો.

## ઉમેદવારોએ ધાર્મિક પ્રસંગમાં પહોંચી પ્રચાર શરૂ કર્યો

ગાંધીનગર | સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને હાલમાં પ્રચાર પ્રસાર જોરશોરથી કરવામાં આવી રહ્યો છે. મતદારોને રીઝવવા માટે સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ઉમેદવારો સામાન્ય દિવસો ગામમાં એકપણ ધાર્મિક કાર્યક્રમમાં હાજરી આપતા નથી. જો કોઈ મોટા ધાર્મિક કાર્યક્રમાં હાજરી આપવાની હોય તો માત્ર ગણતરીના સમય સુધી હાજરી આપીને જતા રહેતા હોય છે. જ્યારે ગાંધીનગર તાલુકા પંચાયતની 28 બેઠકો ઉપર હાલમાં રાજકીય પક્ષોના ઉમેદવારો મતદારોને રીઝવવા માટે ધાર્મિક બાબતને હાથમાં લીધી છે. કેમ કે ગામના ધાર્મિક કાર્યક્રમમાં ગામના જ લોકો આવતા હોવાથી તેની સીધી અસર મતદારો ઉપર પડતી હોય છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગાંધીનગરમાં ગુજરાત ગ્લોબલ કેપેબિલીટી સેન્ટર પોલિસી (૨૦૨૫-30) લોન્ચ થઈ

(એજન્સી) ગાંધીનગર | તા.11

ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી દ્વારા આ GCC પોલિસી રાજ્યમાં હાઈ વેલ્યુ જોબ અને સ્કિલ ડેવલપમેન્ટ તેમજ ઈનોવેશન અને ડિજીટલ ટ્રાન્સફોર્મેશનને પ્રોત્સાહન આપવા સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટીઝ અને કનેક્ટિવીટીમાં વધારો કરીને તેમજ આર્થિક વૃદ્ધિ અને વૈશ્વિક સ્પર્ધાત્મક્તા જાળવી રાખીને ગુજરાતને પસંદગીનું GCC હબ તરીકે સ્થાપિત કરવા તૈયાર કરવામાં આવેલી છે. મુખ્યમંત્રીશ્રીએ આ પોલિસીનું લોન્ચીંગ ગિફ્ટ સિટીના મેનેજીંગ ડિરેક્ટર શ્રી તપન રે તેમજ નિતી આયોગના ડિરેક્ટર દેબજાની ઘોષ અને સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મોના ખંધાર તથા આમંત્રીત ઉદ્યોગ સાહસિકોની ઉપસ્થિતીમાં કર્યુ હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પોલિસી ડ્રીવન સ્ટેટ તરીકે ગુજરાતમાં સેક્ટર સ્પેસીફિક પોલિસીઝ ફ્રેમવર્કથી નવા અને ઈમર્જીંગ સેક્ટરના ઉદ્યોગો માટે સાનુકુળ વાતાવરણ ઉભું કર્યુ છે. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાનશ્રીના પદચિહ્નો પર ચાલતાં વર્તમાન સરકારે પણ પાછલા ૩ વર્ષોમાં સેમીકન્ડક્ટર પોલિસી, ગ્રીન હાઈડ્રોજન પોલિસી, IT અને ITeS પોલિસી, ટેક્ષટાઈલ પોલિસી, રીન્યુએબલ એનર્જી પોલિસી તથા બાયોટેક્નોલોજી પોલિસી જેવી ઈમર્જીંગ સેક્ટર્સની અનેક પોલિસીઝ જાહેર કરી છે. રાજ્યના પોલિસી ડ્રીવન ગ્રોથની કડીમાં આગળ વધતાં હવે ૨૦૨૫થી ૩૦ના પાંચ વર્ષ માટે નવી ગુજરાત ગ્લોબલ કેપેબિલીટી સેન્ટર પોલિસીની તેમણે જાહેરાત કરી હતી.આ પોલિસીમાં નવા કેપેબિલિટી સેન્ટર્સ માટે રોજગાર સહાય, વ્યાજ સહાય, ઈલેક્ટ્રીસિટી રીએમ્બર્સમેન્ટ સહિત વિવિધ પ્રોત્સાહનો પણ આપવામાં આવ્યા છે. આ પોલિસીને પરિણામે રાજ્યમાં હવે ગ્લોબલ કેપેબિલીટી સેન્ટર્સ શરૂ કરવા માટેનો માર્ગ મોકળો થયો છે તેમ પણ તેમણે જણાવ્યું હતુ.

## સરકારી કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજીયાત, DGP વિકાસ સહાયનો આદેશ

(એજન્સી) અમદાવાદ | તા.11

ગુજરાતમાં આજથી સરકારી કચેરીમાં તમામ કર્મચારીઓમાં હેલ્મેટ ફરજીયાત કરાયો છે. હાઈકોર્ટના કડક વલણને પગલે રાજ્યના DGP વિકાસ સહાયએ આદેશ કરતાં આજથી હેલ્મેટ વગરના કર્મચારીને દંડ કરવામાં આવશે.હેલ્મેટના નિયમનને લઈને પોલીસ એકશનમાં આવતા તમામ સરકારી



કચેરીમાં ટ્રાફિક પોલીસ તૈનાત કરાશે. અને આ ટ્રાફિક પોલીસ સરકારી કચેરીના ગેટ પર જ સરકારી કર્મચારીઓનું ચેકિંગ કરી હેલ્મેટના નિયમોનું પાલન કરાવશે. હાઈકોર્ટના કડક વલણ બાદ રાજ્યના ડીજીપી વિકાસ સહાયે સરકારી કચેરીના કર્મચારીઓ માટે હેલ્મેટ કાયદો ફરજીયાત કર્યો. ડીજીપીના પરિપત્ર મુજબ આજથી 11 ફેબ્રુઆરીના રોજથી તમામ સરકારી કચેરીમાં હેલ્મેટ વગર વાહન ચલાવનાર કર્મચારી સામે પગલાં લેવાશે. રાજ્યભરની તમામ સરકારી કચેરી અને ખાસ કરીને સચિવાલયર ગેટ બહાર ટ્રાફિક પોલીસ તૈનાત કરવામાં આવી છે. ડીજીપીના આદેશ મુજબ સરકારી કચેરીમાં આવતા તમામ સરકારી કર્મચારી તેમજ ટુ-વ્હીલર આવતાં બંને વ્યક્તિઓએ ફરજીયાતપણે હેલ્મેટ પહેરવાનું રહેશે. કાયદાનું ઉલ્લંઘન કરતાં પકડાશે દંડ સહિત કાયદાકીય કાર્યવાહી પણ કરાશે.

## નર્સિંગ સ્ટાફની ભરતી પરીક્ષામાં આક્ષેપ બાદ GTUના અધિકારીઓને આરોગ્ય વિભાગનું તેડુ !

(એજન્સી) અમદાવાદ | તા.11

રવિવારે સ્ટાફ નર્સિંગની ભરતી માટે પરીક્ષા યોજાઈ હતી. સ્ટાફ નર્સિંગની કુલ 1900 જેટલી જગ્યા માટે ભરતી પાડવામાં આવી છે. જેમાં ગઈ કાલે અંદાજે 70,000 થી વધારે ઉમેદવારો પરીક્ષા આપી હતી. પરંતુ અત્યારે જાહેર કરવામાં આવેલી આન્સર કી અનેક પ્રકારના સવાલો પેદા કરી રહીં છે. સ્ટાફ નર્સની ભરતી પરીક્ષામાં આક્ષેપ બાદ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. રવિવારે સ્ટાફ નર્સિંગની ભરતી માટે પરીક્ષા યોજાઈ હતીં. તમને જણાવી દઈએ કે, સ્ટાફ નર્સિંગની 1900 જેટલી જગ્યા માટે અંદાજે 70,000 થી વધારે ઉમેદવારો પોતાનું નસીબ અજમાવવા માટે પરીક્ષા આપી હતી. સૂત્રો દ્વારા એવું જાણવા મળ્યું કે, નર્સિંગ સ્ટાફની ભરતી પરીક્ષામાં મોટાપાયે ગોલમાલ થઈ હોવાની ગંધ આવી રહીં છે. સ્ટાફ નર્સની ભરતી પરીક્ષામાં આક્ષેપ બાદ તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. સ્ટાફ નર્સની ભરતી પરીક્ષામાં આક્ષેપને લઈ GTUના અધિકારીઓને આરોગ્ય વિભાગનું તેડુ આવ્યું છે. આન્સર કી સંદર્ભે આરોગ્ય વિભાગે ખુલાસો માગ્યો છે. પરીક્ષામાં કોઈ ગેરરીતિ ન થઈ હોવાનો GTUએ દાવો કર્યો છે. જોકે GTU આન્સર કી સંદર્ભે વિભાગને ખુલાસો કેવો આપશે તે હવે જોવું જ રહ્યું. સૂત્રો દ્વારા એવું જાણવા મળ્યું કે, નર્સિંગ સ્ટાફની ભરતી પરીક્ષામાં મોટાપાયે ગોલમાલ થઈ હોવાની ગંધ આવી રહીં છે. મહત્વની વાત એ છે કે, કોંગ્રેસ પ્રવક્તા મનીષ દોશી અને યુવા નેતા યુવરાજસિંહ જાડેજાએ પણ ગોલમાલનો દાવો કર્યો છે.

## સાણંદમાં ઔડા આવાસ યોજનાનાં 592 મકાનની ફાળવણી પુરાવાના અભાવે રદ



(એજન્સી) અમદાવાદ | તા.11

ઔડા દ્વારા ગયા વર્ષે સાણંદમાં આવેલાં 756 મકાન માટે ડ્રો કરાયો હતો, જેમાં પુરાવાની ચકાસણી દરમિયાન ખામીઓ જોવા મળતા ઔડાએ 592 મકાનની ફાળવણી રદ કરી છે. પુરાવાની તપાસ દરમિયાન 243 મકાન ભાડા કરાર ન હોવાને કારણે, 303 મકાન પૂરતા પુરાવા ન હોવાને કારણે, 46 મકાન એક મકાન હોવા છતાં બીજું નોંધાવ્યું હોય તેવાં મકાનોની ફાળવણી રદ કરાઈ છે. દસ્તાવેજની ચકાસણી દરમિયાન ફાળવાયેલાં મકાનની વિગતોમાં વિસંગતતા જોવા મળતા ઔડાએ બારીકાઈથી દસ્તાવેજોનું મૂલ્યાંકન કર્યું હતું, જેથી તમામ મકાનધારકોને ખૂટતાં ડોક્યુમેન્ટ્સ વિશે જાણ કરાઈ હતી. ઔડાનાં એડિશનલ કલેક્ટર રીટાબેન પટેલે જણાવ્યું હતુ કે, તમામ દસ્તાવેજોની ચકાસણી કર્યા બાદ તે નિયમ મુજબ ન હોવાનું જાણવા મળતાં તમામ મકાનોની ફાળવણી રદ કરાઈ છે. એક મકાન હોવા છતાં પણ ઔડાના આવાસીય યોજના હેઠળ મકાન નોંધાયાં હતાં. ઉપરાંત ઔડા હદ વિસ્તારમાં આવતાં મકાનધારકોએ ભાડા કરાર પણ નિયત સમયમર્યાદામાં જમા કરાવ્યો ન હતો. આ તમામ ખોટને ધ્યાનમાં રાખી ઔડાના મકાનો રદ કરવામાં આવ્યાં હતાં.

